કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૬૧મું · અંક ૧લો · જાન્યુઆરી ૧૯૮૪
સળંગ અંક ૭૨૧
તંત્રી · બિહારીલાલ ટાંક





વૃષભ
બલિષ્ઠ પૌરુષના એ પ્રતીકનાં
બે કાંસ્યશિલ્પ
કલાકાર · વિઠ્ઠલ બડગેલવાર



મહિયારી (કલાકાર : નંદલાલ બસુ) ભારતીય કલાની પ્રેરણા અને લોકભાવનાના સ્તરમાંથી રાષ્ટ્રીય કલાનો ઉદ્ભવ થયો. તેના અગ્રચારી અવનીન્દ્રનાથ ઠાકુર પછી ભારતીય કલાસ્વરૂપનું નવોત્થાન કરનાર ખરેખર તો નંદબાબુ જ હતા. બરાબર એક સદી પૂરી થઈ એમના જન્મને. તેમનામાં ઋષિઓની કોટિની શુચિતા અને સ્વસ્થતા હતી, તેમ કલાકારની ખુમારી અને મિજાજ પણ હતાં. એમની ચિત્રશૈલીમાં એક ચોટદાર સ્વયંપ્રતિભા છે. રેખાની સુકુમારતા અને લાઘવ, રંગની ઝલક, પીંછીની પટુતા અને પ્રવાહિતા, દર્શનમાં નિજી વ્યક્તિત્વ, ભાવપ્રતીકોની પ્રમાણભૂતતા વગેરે તેમનાં ચિત્રસર્જનોની આગળ તરી આવતી લાક્ષણિકતાઓ છે.

જાન્યુઆરી ૧૯૮૪

સળંગ અંક ૭૨૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત · મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર ચકલા · અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

આપણા રામ! / કનુભાઈ જાની

• ગાન •

આપણે તો ભૈ આપણા રામ!
ચોપડી-બોપડી? મેલ માથાકૂટ!
વાંચવું-બાંચવું? મેલ માથાકૂટ!
હળવી હવાલ્હેરખી મળી,
ઊડીએ, ચાલો, મૉજમુકામ. —આપણે તો૦

ભારમાં રૂહેવું, હારમાં રૂહેવું,
ડાવકા થૈ વહેવારમાં રૂહેવું,
લોક ચીંધે ઈ મારગે સીધે
નાકની દાંડીએ ચૂપ થૈ વ્હેવું!
એવું સંધુંય? રામ રે રામ! —આપણે તો૦

રઝળુ ક્હો તો છૈયે એવા,
બિનજવાબી સાવ રે જેવા!
પરતફરત રૂપિયો ખોટો
કોઈને કદી ન'ાવીએ કામ! —આપણે તો૦

ધરાર-ઉલાળ કાંઈ નૉ પડે!
આગળ-પાછળ કાંઈ નૉ જડે!
હિસાબ માંડવા બેસવું ફોગટ!
બૅલૅન્સે ફૂટી બાદામ! —આપણે તો૦

ખેતર કેદી ખેડ્યું? રોયું?
આભલું કેદી ઉજ્જડ જોયું?
ખિસ્સે ખાલી ખેપ ખરાની,
વીતે છોને વેળ તમામ! —આપણે તો૦

એક ટેકરી

કરસનદાસ લુહાર

• ગાન •

આખા ડિલે ઊઠી આવ્યા
જળના ઝળહળ સૉળ,
એક ટેકરી પહેલુંવહેલું
નાહી માથાબોળ...!
સાવ અચાનક ચોમાસાએ
કર્યો કાનમાં સાદ...
અને પછી તો ઝરમર ઝરમર
કંકુનો વરસાદ!
દશે દિશાઓ કેસૂડાંની
થઈ ગઈ રાતીચોળ
એક ટેકરી પહેલુંવહેલું
નાહી માથાબોળ!
ભીનો મઘમઘ મૂંઝારો
ને પરપોટાતી ભીંત,
રૂંવેરૂંવે રણઝણ રણઝણ
મેઘધનુનાં ગીત
શ્વાસોચ્છ્વાસે છલ્લક
કુમકુમ કેસરિયાળી છૉળ,
એક ટેકરી પહેલુંવહેલું
નાહી માથાબોળ...!

વરસો પછી ગૃહાગમન

લલિત ત્રિવેદી

• ગઝલ •

અરધેથી પાછા ભાગેલા
અમે અમારાથી થાકેલાં.

પછીત ભેદીને નીકળેલાં
પીપળાનાં ડાળાં ઊગેલાં.

વસંતના દિવસો આવીને
ચુપચાપ ચાલી નીકળેલા.

તુલસીની ક્યારીમાં મબલખ
તૃણ તૃણ ઊગી નીકળેલાં.

કમરા વરસોના ખોલ્યા, ને
ધૂળ ધૂળ દિવસો ઊઘડેલા!

સ્હેજ ભીંતને ઢંઢોળી, તો
વાતોનાં ઝરણાં ફૂટેલાં!

પાછા દિવસો, પાછા સૂરજ!
ઘરના બિસ્તરમાં સૂતેલા!

ગુલાલ મળે / રાજેશ વ્યાસ

• ગઝલ •

જુદા જુદા ધરમ મળે જુદા ખયાલ મળે,
નવાઈ છે કે સૌનું લોહી તો ય લાલ મળે.

એ ખજાનો હશે ખુશીનો ઉઘાડી જોજે,
તને જે આદમી ઉપરથી પાયમાલ મળે.

ઉપાય એ જ હશે તારી સૌ સમસ્યાનો,
પતાળ સાત તોડી જે તને સવાલ મળે.

આ કોણ આવીને બેઠું છે મારી આંખોમાં,
ભરું હું મુઠ્ઠી ધૂળની અને ગુલાલ મળે.

કોણ અક્ષર નથી ઓળખતું આ ખુશી, તારા
અધૂરા સરનામે ય પણ મને ટપાલ મળે.

આંગણે કોડિયું મિસ્કીન એક મૂકવું છે,
ફક્ત જો એક ઘડીભર વીતેલ કાલ મળે.

ભારતના ભૂમિજાત કલાસ્રોતની પ્રેરણા અને લોકભાવનાના સ્તરમાંથી જે રાષ્ટ્રીય કલાસ્વરૂપનું આ સદીના આરંભમાં પુનરુત્થાન થયું તેના એક અગ્રગણ્ય પ્રણેતા અવનીન્દ્રનાથ ઠાકુર પછી ભારતીય કલાનું ખરેખરું નવોત્થાન કરવાનો યશ દેશના સુપ્રસિદ્ધ કલાકાર નંદલાલ વસુને જ ઘટે છે. કેવળ ભારતમાં જ નહિ, પણ દુનિયાભરમાં તેમની કીર્તિ સૌથી અગ્રણી ભારતીય કલાસ્વામી તરીકેની હતી. બંગાળમાં અનેક લોકોમાં તેમની પ્રતિષ્ઠા અને તેમને માટેનો આદર ગુરુદેવ રવીન્દ્રનાથ જેટલો હતો. ગત વર્ષના અંત સાથે એમના જન્મની એક શતાબ્દી પૂરી થઈ એ નિમિત્તે એમનો આછોશો પરિચય તથા એમની થોડી કલાપ્રસાદી સાથે એમને અંજલિ આપીએ.

બિહારના મોંગીર જિલ્લામાં ખડ્ગપુર ગામે ઈ. ૧૮૮૨ની ૩ ડિસેમ્બરે એમનો જન્મ. પિતા પૂર્ણચંદ્ર દરભંગા રાજ્યની જાગીરદારીમાં જંગલના અમલદાર હતા. માતા ક્ષેત્રમણિ ઉમદા ગૃહિણી હોવા સાથે વસ્ત્રકળાનાં જ્ઞાતા કલાધરી હતાં. ખડ્ગપુરમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા બાદ કલકત્તા જઈ ત્યાંની સેન્ટ્રલ કૉલેજિયેટ સ્કૂલમાંથી વીસ વર્ષની વય નંદબાબુએ એન્ટ્રન્સની પરીક્ષા પસાર કરી. તે પછી ઇચ્છા તો કલાભ્યાસની હતી, પણ વડીલોની એ માટે અનુમતિ ન મળતાં તેઓ કૉલેજમાં દાખલ થયા. એ જ વર્ષે સુધીરાદેવી સાથે એમનું લગ્ન પણ થયું, અને શ્વસુરપક્ષ પણ એમને ડૉક્ટર જોવા આતુર હતો. પણ નંદબાબુનું ભણવામાં ચિત્ત ચોંટ્યું નહિ. કૉલેજના પ્રથમ વર્ષમાં લાગટ બે વખત પરીક્ષામાં એ નિષ્ફળ રહ્યા, અને અંતે કલકત્તાની સરકારી કલાશાળામાં દાખલ થયા. પણ આ દરમિયાન રાજા રવિવર્મા, રફાએલ વગેરે જેવા ખ્યાત કલાકારોનાં ચિત્રોની નકલો તથા પોતાનાં પાઠ્યપુસ્તકોના કોરા હાંસિયાઓમાં સુશોભનો વગેરે કરવા પર હાથ અજમાવી એમણે જે કંઈ ચિત્રકામ કરેલું તે એક મિત્રની સહાયથી એમણે કલાગુરુ અવનીન્દ્રનાથને બતાવ્યું, અને એમની હથોટી જોઇને અવનીન્દ્રનાથે કલાશાળાના આચાર્ય હૅવેલને નંદબાબુ માટે ભલામણ કરી, અને એમ નંદબાબુ કલાશાળામાં પ્રવેશ પામ્યા. અહીં પટણાના એક ચિત્રકાર લાલા ઈશ્વરીપ્રસાદ પાસે હિંદી શૈલીમાં ચિત્રો કરવાની એમણે થોડો સમય તાલીમ લીધી.

કલકત્તાની સરકારી કલાશાળાના એ આચાર્ય હૅવલે જ્યારે ભારતની પરંપરાગત ચિત્રકલાના સૌન્દર્યની રતિ સ્પષ્ટ કરી ત્યારે તેમાંથી પ્રેરણા પામી અવનીન્દ્રનાથે પણ યુરોપી પદ્ધતિથી ચિત્રો કરવાનું છોડી દઈ ભારતીય પરંપરાના તંતુ પર નવાં સર્જનો કરવા માંડીને તેમાં અદ્ભુત પ્રગતિ દાખવી હતી. નંદબાબુને એમણે ભૂમિજાત કલાની પ્રેરણા, સાધના અને દીક્ષા આપી હતી.

કલાશાળામાં હતા ત્યારે નંદબાબુ ભગિની નિવેદિતા (માર્ગરેટ નોબલ) અને સુખ્યાત વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝના પરિચયમાં પણ આવેલા. એ બંને પણ નંદબાબુની કલાસાધનામાં ઊંડો રસ લેતાં હતાં. ભગિની નિવેદિતા દ્વારા નંદબાબુ શ્રી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદની ભાવનાઓ પામ્યા અને એ કાળથી જ કળાની ભાવનાપૂત ભક્તિ તથા કલાસેવા પાછળ આજીવન ભેખ એ એમનું ધ્યેય બની રહ્યું.

આર્ટ સ્કૂલમાં એમણે પાંચેક વર્ષ અભ્યાસ કર્યો. એ દરમિયાન પોતાનો ખર્ચ કાઢવા માટે તેઓ ટ્યૂશનો કરતા. ટાગોર પરિવારમાં બાળકોને ચિત્ર શીખવવા જતા. તેમાંથી અવનીન્દ્રના સાથેનો એમનો સંબંધ વધુ ગાઢ થયો. એમનો કલાશાળાનો અભ્યાસ પૂરો થયા પછી, તે વખતના આચાર્ય પર્સી બ્રાઉને એમને કળાશાળામાં જ સમાવી લેવા વિચારેલું, પરંતુ નંદબાબુએ તો અવનીન્દ્રનાથના નિમંત્રણથી એમના 'જોડાસાંકો'માં માસિક સાઠ રૂપિયાના વેતનથી જોડાવાનું સ્વીકાર્યું. અહીં ચિત્રશિક્ષણના કાર્ય ઉપરાંત, અવનીન્દ્રનાથના સતત સંપર્કના લાભ સાથે એમની નિશ્રામાં ચિત્રકામ કરવાની તક પણ હતી. વળી, ટાગોર કુટુમ્બના વિશાળ કલાસંગ્રહની વ્યવસ્થા સંભાળવામાં એમને વિધવિધ કલાશૈલીઓના અભ્યાસનો પણ ઉમદા યોગ સાંપડ્યો હતો. એ સંસ્કારભૂષિત ખાનદાનમાં આવતા-જતા વિદ્વાનો, ચિતકો, સર્જકો, સંગીતજ્ઞો વગેરેના સંપર્કનો લાભ પણ એમને મળતો રહેતો.

આમ, એક ઉમદા વાતાવરણમાં એમની કલા વિકસી રહી હતી ત્યારે તેમાં ભગિની નિવેદિતા ઉપરાંત કલા-મનીષી ડૉ. કુમારસ્વામી, કલાવિવેચક અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, કલારસિક અંગ્રેજ સર જૉન વૂડરૉફ વગેરે પણ એમના કાર્યમાં રસ લેતા હતા. સરકારી કલાશાળાના આચાર્ય હૅવેલની પ્રેરણાથી કલાના આ સૌ પુરસ્કર્તાઓએ 'ઇન્ડિયન સોસાએટી ઑાવ ઑારીએન્ટલ આર્ટ' નામના મંડળની સ્થાપના કરી તેની શાળામાં નંદબાબુને અધ્યક્ષપદે રાખીને પૌરસ્ત્ય કલાઓના અભ્યાસની એક સુંદર સગવડ ઊભી કરી હતી. પ્રાચીન કલા-પરંપરાના આ સંશોધનાત્મક અભ્યાસમાંથી ભારતીય કલાનું નવા સ્વરૂપે મૂલ્યાંકન થયું. આ દરમિયાન અર્ધેન્દ્રકુમાર ગાંગુલી સાથે નંદબાબુએ દેશના અનેક ખ્યાત સ્થળોનો પ્રવાસ કરીને દેશની વિવિધ કલા પરંપરાઓનો અને કેટલાંક બેનમૂન ચિત્રરત્નોનો પણ પ્રત્યક્ષ પરિચય મેળવ્યો હતો. રંક લોકો પણ ચિત્રકળાનું દર્શન પામી શકે એ માટે એમની વચ્ચે જ રહીને કામ કરવું જોઇએ એવી અવનીબાબુની ભાવનાથી પ્રેરાઇને નંદબાબુએ કેટલોક સમય કાલીઘાટના પટવાઓની વચ્ચે રહીને એમની જ શૈલીએ ચિત્રો કરી લાવીને ગુરુદક્ષિણા રૂપે એ અવનીબાબુનાં ચરણે ધર્યાં હતાં. ઈ. ૧૯૦૯માં અજંતાનાં ભીંતચિત્રોની નકલો કરવા માટે ઇગ્લૅન્ડથી લૅડી હૅરિંગહામ અહીં આવેલાં ત્યારે ભગિની નિવેદિતાના આગ્રહથી અવનીબાબુએ નંદલાલ તથા અન્ય સહાધ્યાયીઓને એમની સાથે મોકલ્યા હતા. ભારતીય ચિત્રકળાનાં શુદ્ધ સ્વરૂપો અને આદર્શોનું અહીં પૂર્ણ દર્શન કરી નંદબાબુ ભારતીય કલાપરંપરાનાં રહસ્યોમાં પૂરો પ્રવેશ પામ્યા.

બીજી બાજુ બોલપુરમાં શાંતિનિકેતનનો આરંભ થયો હતો. ૧૯૧૪માં નંદબાબુ પહેલી જ વાર ત્યાં ગયા ત્યારે કવિવર રવીન્દ્રનાથે તેમના માટે એક કાવ્ય રચી તેમનું સમ્માન કરેલું. ૧૯૧૬માં ટાગોર પરિવારના આવાસ જોડાસાંકોમાં 'વિચિત્રા' નામે એક સંસ્થા સ્થપાઈ હતી. તેમાં જોડાવા રવીન્દ્રનાથે નંદબાબુને નિમંત્ર્યા હતા. અહીં ચારુ (ફાઇન) અને કારુ (ઍપ્લાઇડ) કળા વગેરેની ચર્ચાઓ ચાલતી. આ 'વિચિત્રા'ના અતિથિ તરીકે જાપાનના પ્રસિદ્ધ કલાકાર આરાઈ સાન આવેલા ત્યારે તેમની પાસેથી નંદબાબુ અને અન્ય સાથીઓએ જાપાનની ચિત્રશૈલીનું જ્ઞાન પણ મેળવ્યું હતું.

ઈ. ૧૯૧૯માં નંદબાબુએ જગદીશચન્દ્ર બોઝના 'ઇન્સ્ટિટ્યૂટ ઑાવ સાયન્સ'માં ભીંતચિત્રો કર્યાં. એ જ વર્ષે 'વિશ્વભારતી'ની સ્થાપના થતાં રવીન્દ્રનાથ નંદબાબુને કલકત્તા છોડાવીને ત્યાંના કલાભવનના આચાર્ય પદે લઈ ગયા. અહીં કલકત્તામાં એમના જવાથી ઓરીએન્ટલ આર્ટ સોસાએટીનું કામ ભાંગી પડવા માંડ્યું. અવનીબાબુએ એમને કલકત્તા બોલાવ્યા. ગુરુવચન કેમ લોપાય? અને ફરી કલકત્તા જાય તો વિશ્વભારતીનું કલાભવન રખડી પડે. છતાં ગુરુવચનને માથે ચડાવીને તેઓ કલકત્તા તો ગયા, પણ સાથોસાથ દર અઠવાડિયે શાંતિનિકેતનની પણ ખબર રાખ્યા કરી. પરંતુ તેમાં સમય બાબત મુશ્કેલી થતાં છેવટ તેઓ કલકત્તા છોડી કાયમ માટે શાંતિનિકેતન આવીને રહ્યા. ૧૯૨૨માં તેઓ ત્યાં અધ્યક્ષપદે નિમાયા અને ત્યારથી તેઓ જીવનભર શાંતિનિકેતનમાં જ રહ્યા હતા.

શાંતિનિકેતનમાં એમના જીવનના એક નવા જ પ્રકરણનો આરંભ થયો. ત્યાંના આદર્શોથી તેઓ એટલા પ્રભાવિત થયા હતા કે ત્યાંના મામૂલી વેતન કરતાં ઘણું વધુ વેતન મળતું હોવા છતાં ન તો એમને અન્યત્ર ક્યાંય જવા વિચાર્યું કે ન તો પ્રસિદ્ધિ પામવા કોઈ પ્રયાસ કર્યો. 'ત્યાંના ઉન્મુક્ત વાતાવરણમાંથી પ્રકૃતિની નિત્યરંજિત લીલા, તેનાં સાહિત્ય, સંગીત, ઉપાસના, ઉત્સવ અને દુનિયાના જ્ઞાની-મરમીઓની મુલાકાતો, રવીન્દ્રનાથના કેન્દ્રની આસપાસ રચાએલો એક સુવિશાળ ઘનિષ્ઠ પારિવારિક પરિવેશ – આ સર્વનો નંદબાબુના જીવન ઉપર ઘણો અને ઊંડો પ્રભાવ પડ્યો હતો. બીજી તરફ કવિવર રવીન્દ્રનાથે ત્યાંના ઉત્સવ-અનુષ્ઠાન આદિ માધ્યમો દ્વારા ભારતવાસીની સુરુચિ ને સૌંદર્યદૃષ્ટિ પર જે પ્રભાવ વિસ્તાર્યો તેમાં નંદબાબુની અવિરત સહાય અને તેમના બહુમુખી સહયોગથી જ સફળતા મળી હતી.'

શાંતિનિકેતનમાં એમની પાસે ભારતના ભિન્નભિન્ન પ્રાંતોના જ નહિ, પણ દૂર-સુદૂર છેક યુરોપ, ઑસ્ટ્રેલિયા, ચીન-જાપાન, શ્રીલંકા વગેરે વિદેશોમાંથી પણ વિદ્યાર્થીઓ આવતા હતા. પ્રથમ પાંચ વર્ષમાં શાંતિનિકેતનમાંથી બહાર પડેલા તરુણ કલાકારો હિંદના પ્રાંતપ્રાંતમાં કલા-અધ્યાપકો તરીકે નીમાઈ ગયા હતા અને આથી ભારતીય કલા પ્રતિ લોકોનો આદર વધવામાં ઘણી સહાય મળી હવી. નંદબાબુ પાસેથી લગભગ ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ કલાદીક્ષા પામ્યા હતા એમ સહેજે કહી શકાય. આ દરેક કલાર્થી સાથે નંદબાબુએ એવા તો ગાઢ વ્યક્તિગત સ્નેહસંબંધો સ્થાપેલા કે એમના કેન્દ્ર સ્થાને કલાભવનમાં એક સ્નિગ્ધ કૌટુંબિક વાતાવરણ સદા ધ્યાન આકર્ષતું. એમના સંપર્કમાં આવેલા વિદ્યાર્થીઓમાં આદર્શપ્રિયતા અને કલા માટે સમર્પણની ભાવના ખીલતી. પોતાના દરેક વિદ્યાર્થીને તેની સહજજાત શક્તિને ક્ષેત્રે એમણે મુક્તિ આપેલી. વિદ્યાર્થીની નિજી સુઝ અને શૈલીને તેઓ હમેશાં ઉત્તેજન આપતા. આ રીતે એમણે કલાનું જ નહિ, કલાકારોનું પણ સર્જન કર્યું છે. વિદ્યાર્થીઓનાં આદર, પ્રેમ અને વિશ્વાસ કોઈ કલાગુરુએ એમના જેટલો હાંસિલ નહિ કર્યો હોય! આ વિદ્યાર્થીઓ તેમજ એમના પ્રત્યે પ્રેમાદર ધરાવતા સૌ કોઈના એ લાડીલા 'માસ્ટર મોશાય' હતા. મધ્યમ કાઠીના, ભરાવદાર અને ભીને વાન નંદબાબુના ગોળ અને પ્રશાંત ચહેરા પરનાં ચશ્માંમાંથી ડોકાતી સ્વસ્થ તેજસ્વી આંખો વિદ્યાર્થીઓ પર સદાય વાત્સલ્ય વર્ષાવતી રહેતી.

ઈ. ૧૯૨૪માં કવિવર રવીન્દ્રનાથને ચીન જવાનું આમંત્રણ મળ્યું તે વખતે તેઓ નંદબાબુને પણ પોતાની સાથે લઈ ગએલા. આ પ્રવાસમાં ચીન, જાપાન, જાવા-સુમાત્રા ને બલી-સીલોનના કેટલાક અગ્રણી ચિત્રકારો અને એમના કલાવિધિનો નંદબાબુને પ્રત્યક્ષ પરિચય થયો. જાપાની કળાના પ્રમુખ કલાકારો તાઈ કવાન, કવાન ઝાન, હિશીદા આદિના સંપર્કથી ચિત્રકળાની કેટલીક જાપાની કરામતો એમણે જાણી લીધી, પરંતુ પોતાની સર્જક પ્રતિભા પર તેની અસર થવા દીધી નહિ. આ પ્રવાસથી એમને પ્રતીતિ થઈ કે પૂર્વની કળાઓમાં મૂળભૂત આદર્શો તો સમાન જ છે.

ઈ. ૧૯૨૦માં 'ગુજરાતી સાહિત્ય પરિષદ'માં અતિથિવિશેષ તરીકે ગુરુદેવ ટાગોર અમદાવાદ આવ્યા ત્યારે તેમની સાથે આવેલા વિશ્વભારતીના આચાર્ય ક્ષિતિમોહન સેન પાસેથી ગુજરાતે નંદબાબુના ગુણો વિષે ઘણું સાંભળ્યું અને તેથી પ્રેરાઇને પછી તો ગુજરાતમાંથી શ્રીમતી હઠીસિંગથી આરંભાઇને અનેક વિદ્યાર્થીઓએ એમની કલાદીક્ષાનો લાભ લીધો હતો, જેમાંના કનુ દેસાઈ, કૃષ્ણલાલ ભટ્ટ, કાન્તિલાલ દવે વગેરેનાં નામો ગુજરાતના કલાક્ષેત્રે ખ્યાતિ પામેલાં. આ જ રીતે નંદબાબુએ પણ શાંતિનિકેતનમાંથી અહીંનાં શ્રીમંત



શિલ્પદીપંકર કલાચાર્ય

નંદલાલ વસુ

કુટુંબોમાં ભારતીય કલાનું શિક્ષણ આપવા કેટલાક સુપ્રસિદ્ધ કલાકાર શિષ્યોને ગુજરાતમાં મોકલ્યા હતા. આમ, ગુજરાત સાથે સંસ્કાર અને કલાનું આદાન-પ્રદાન કરી એમણે એક સંસ્કૃતિસંબંધ સ્થાપેલો.

ગાંધીજીએ અસહકારની પ્રથમ ચળવળ ઉપાડી ત્યારે એમના આદર્શોથી પ્રભાવિત નંદબાબુ પણ બેચેની અનુભવતા હતા, પણ એ સમયે ઈંદોર રાજ્યે એમને માળવામાં આવેલી બાઘની બૌદ્ધ ગુફાઓનાં ભીંતચિત્રો ઉતારવાનું કામ સોંપેલું એમાં રોકાઈ રહી એમણે મનનું સમાધાન મેળવેલું. એ ભીંતચિત્રોની સમાનકદની એકએક નકલ એમણે શાંતિનિકેતનને માટે પણ કરેલી ને એ રીતે ત્યાંના કલાભવનની સમૃદ્ધિમાં એ ઉમેરણ કરેલું. ગાંધીજી પ્રત્યે એમને ઊંડો આદર હતો તેમજ ગાંધીજી પણ એમના સદ્‌ગુણો ને પ્રતિભાથી પરિચિત હતા. લખનૌ અને ફૈઝપુરમાં કૉંગ્રેસની બેઠકો વખતે તેના મંડપ અને દ્વારદેશનાં સુશોભનો નંદબાબુએ કરેલાં. ગુજરાતમાં હરિપુરામાં કૉંગ્રેસની બેઠક મળી ત્યારે ગાંધીજીએ તેમને તેડાવીને કૉંગ્રેસના મંડપમાં જનસમુદાયને કળાનું દર્શન મળે તથા જનતા રીઝી શકે તેવાં કલાસ્વરૂપો પ્રકટાવવા આદેશ કર્યો, અને નંદબાબુએ પણ અહીંના લોકજીવન તથા સ્થાનિક પદાર્થોના પરિચય કરીને જે સુશોભનો નિર્માણ કર્યાં તેમાં એમણે ચીરેલા વાંસ, તાડછાં, સાદડીઓ, બ્રાઉન પેપર, માટીના ઘડા-ઢાંચકાં, કોઠી-કોડયાં જેવા નાનકડી સાધનસામગ્રીનો ઉપયોગ કરીને લોકજીવનના સૌન્દર્યશ્રીનું દર્શન કરાવ્યું હતું. એમાં જે ચિત્રો મુકાયાં હતાં તે પણ ગુજરાતની પ્રાચીન હસ્તપ્રતાનાં ચિત્રોની શૈલીનાં

સરળ અને લાઘવયુક્ત કર્યાં હતાં. નંદબાબુની પ્રયોગશીલ કલાદૃષ્ટિ અને સૂઝનું એ દ્યોતક કલાકૌશલ હતું.

ઈ. ૧૯૪૩માં વડોદરાના કીર્તિમંદિરમાં એમણે મીરાંબાઈ, બુદ્ધ-ભક્ત શ્રીમતી, મહાભારત-યુદ્ધ આદિના પ્રસંગો વગેરે આલેખીને પોતાની સ્મૃતિને ગુજરાતમાં ચિરંજીવ કરી છે. એમને સોંપાએલાં આવાં અનેક ચિત્ર કાર્યોમાં એક મહત્ત્વનું કાર્ય તે સ્વતંત્ર ભારતના રાજ્યબંધારણની હસ્તપ્રતને શોભનમંડિત કરવાનું હતું. તેમાં એમણે પ્રાચીન ભારતની કેટલીક ઘટનાઓ અને કથાપ્રસંગોને ચિત્રાંકિત કરવા સાથે ભારતીય શૈલીનાં સુંદર સુશોભનો આલેખ્યાં છે.

શાંતિનિકેતનમાં વસવાટ કર્યા પછી એ એમનું આજીવન સાધના-શ્રમ બની રહ્યું હતું. મોટા દરમાયાથી મળતું લખનાની કળાશાળાનું આચાર્યપદ જતું કરીને પણ એમણે અલ્પ વેતને અહીં જ રહેવાનું પસંદ કર્યું હતું. આમ તો એમનાં ચિત્રો દેશ-વિદેશમાં મોંઘી કિંમતે વેચાતાં અને પ્રસિદ્ધ થતાં રહેતાં. લગભગ પાંચ સો જેટલાં ચિત્ર-સર્જનો ઉપરાંત એમણે સંખ્યાબંધ ગ્રંથચિત્રો પણ કરેલાં. વળી, સદાય પોતાની પાસે રહેતાં નાનકડાં કાર્ડ પરની એમની કલમની કલા-પ્રસાદી પણ એમણે છૂટે હાથે વહેંચી છે, જે પામનાર સૌ કોઈને માટે એ મહામૂલી સ્મૃતિઓ રૂપે જળવાઈ રહી છે.

એમણે લખેલાં 'શિલ્પકથા' અને 'શિલ્પચર્ચા' (બંગાળીમાં શિલ્પ એટલે કલા) એમના કલાવિષયક વિચારોના સંચયો છે. આમાંથી 'શિલ્પકથા'ના તો 'ઑન આર્ટ' નામે અંગ્રેજીમાં, 'શિલ્પકથા' નામે હિંદીમાં અને 'ઓળિયા કલાઇ' નામે તમિળમાં ભાષાંતરો પણ થયાં છે. એમની કલાકૃતિઓ ધરાવતા છૂટકછૂટક નાનામોટા સંપુટો ને ગ્રંથો પણ અનેક છે, જેમાંના 'નંદલાલ બોઝ પેઇન્ટિંગ' તથા 'ઍન આલ્બમ ઑવ નંદલાલ બોઝ' ઉલ્લેખનીય છે.

એમની દીર્ઘકાલીન સાધના તથા ભારતીય કલાક્ષેત્રે તેમના કાર્યને દેશે નાનાવિધ માનઉપાધિઓથી વિભૂષિત કર્યાં છે. આ રીતે ૧૯૫૦માં બનારસ હિંદુ યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર ઑવ લેટર્સ'ની પદવી, ૧૯૫૨માં વિશ્વભારતીએ 'દેશિકોત્તમ'નું માનપદ, ૧૯૫૩માં 'દાદા-ભાઈ નવરોજી સ્મારક પુરસ્કાર' તેમજ એ જ વર્ષે શાંતિનિકેતન આશ્રમિક સંઘ તરફથી અર્ઘ્યદાન આપી તેમને માન આપ્યું હતું. ૧૯૫૪માં ભારત સરકારે તેમને 'પદ્મવિભૂષણ'નું માન આપ્યું. તથા એ જ વર્ષે લલિતકલા અકાદમીએ તેમને માનાર્હ સભ્ય ચૂંટ્યા હતા. ૧૯૫૭માં કલકત્તા યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર ઑવ લિટરેચર'ની ઉપાધિ અને ૧૯૬૩માં રવીન્દ્રભારતીએ 'ડિ. લિટ્.'ની પદવીથી એમને નવાજ્યા હતા. ૧૯૬૪માં એશિયાટિક સોસાએટીએ એમને 'રવીન્દ્ર-જન્મશતાબ્દી-પદક' અર્પણ કરેલો.

ઉત્તરાવસ્થામાં છેલ્લેછેલ્લે લકવાથી તેઓ પથારીવશ બની ગએલા. ૧૯૬૬ની ૧૬ એપ્રિલે એમનું અવસાન થયું.

દેશભરના એક અનન્ય શ્રેષ્ઠ કલાકાર અને સર્જક હોવા છતાં તેઓ એવા વિશાળ હૃદયના સ્વામી હતા કે આજે તો એવા મલવા પણ મુશ્કેલ છે. દેશની ભૂમિ, દેશના લોકો ને રૂઢિઓ પ્રત્યે એમને ઊંડી શ્રદ્ધા અને આંતરિક પ્રેમ હતાં. એમનું જીવન, વિચાર-ધારા ને કળા-સાધના સાચે જ એક સાધકના જેવાં હતાં. બાહ્ય દેખાવે તેઓ ગંભીર લાગતા, પણ તેઓ સરળ નિખાલસ અને પ્રેમાળ વ્યક્તિ હતા.

કલામાં શુદ્ધ ભારતીયતાના એ ચાહક ને આગ્રહી હતા, પરંતુ કોઈ પણ કળાના નમૂનાને અથવા કલાકારને તેઓ કદી યે ઉતારી પાડતા નહિ, કે ન કદી કોઈ નવા વલણની ટીકા કરતા. કળાના દરેક આંદોલન કે કોઈ વિશિષ્ટ કલાકાર વિષે તેમનામાં સમભાવની લાગણી હતી.

કલાકાર ઇન્દ્ર દુગડ કલાભ્યાસ માટે પરદેશ જઈ રહ્યા હતા ત્યારે નંદબાબુ સાથે એમને જે વિચાર-વિમર્શ થયો ત્યારે એમણે જે કહ્યું તે અહીં ઉતારવું અયોગ્ય નહિ ગણાય. એમણે કહેલું કે, '...માણસ ફરવા, કમાવા કે જ્ઞાનોપાર્જન કરવા વિદેશ જાય એમાં કંઈ અયોગ્ય નથી પણ જ્યારે વિદ્યા અને જ્ઞાનની પ્રાપ્તિ માટે જવું હોય ત્યારે પોતાના દેશનું એ વિષયનું સાહિત્ય, એને લગતાં શાસ્ત્રો, એની પરંપરા વગેરે બધું પહેલાંથી શીખી-જાણીને જવું જોઇએ. પહેલાં પોતાના દેશનું જુઓ, જાણો, સમજો. તમારે ત્યાં જ કેટકેટલાં (કલા) રત્નો પડેલાં છે તે જુઓ. શોધીશોધીને, વીણીવીણીને, માગીમાગીને જુઓ. એ પછી વિદેશ જશો તો વિદેશના ને આપણા દેશના કળા-વૈભવની વિશ્વાસપાત્ર તુલના સંભવિત બનશે અને યોગ્ય વિવેકબુદ્ધિ આવશે. એથી ઊલટું, જો પોતાના દેશના વારસા અને વૈભવથી અ-જાણ્યા હોઈશું તો પોતાની જાતને બીજાઓની સરખામણીમાં નીચી પાડીશું અને એ લોકોની નકલ કરવા મન લલચાશે; નીચી મૂંડીએ એ લોકોની કળા ભિખારીની જેમ ગ્રહણ કરવાની વૃત્તિ થઈ આવશે. મૂર્ખની જેમ પોતાની જાત અને પોતાનો દેશ દીન-હીન લાગશે. દેશ-વિદેશ ફરીને આપણા દેશની કળા જે વિદેશીઓ લઈ ગયા છે તે અને તેમના આજના કળા-વૈભવને જોઈ આવો, તેમાં લાભ જ છે. સ્વજનોની 'પ્રસાદી ચાખવી' એ સારું છે, પણ લોભાઇને 'પારકાંનાં પતરાળાંનું ઉચ્છિષ્ટ' ખાઇને શા માટે જાત અભડાવવી ?'

ભારતીય કળા-પરંપરામાં એમને અસીમ શ્રદ્ધા હતી. એ કહેતા, '...હમણાં બધી તરફ આ જે ફૅશનનો પવન વાયો છે તે ચિરસ્થાયી નથી, એ હવાના નાશ પછી ફરીથી ભારતીય શિરસ્તો ગવર્ભર ઉન્નત શિરે પોતાનું સ્થાન ધારી રહેશે – શ્રેષ્ઠ આસન મેળવીને જ રહેશે.'

કવિવર રવીન્દ્રનાથના શબ્દોમાં કહીએ તો એમનું કલા-દર્શન બિલ-કુલ ખામીરહિત હતું અને એમની તોલનશક્તિ હમેશાં સચોટ હતી. એમને મન કલા સદાય જીવંત અને અભિનવ ચેતનથી સભર છે. સ્પર્શ, દર્શન અને અંતરની અનુભૂતિથી તે કલાને પામતા થયા હતા. તેમનામાં 'કલાકાર' અને 'માનવ' સંલગ્ન થયા હતા. એમના જેવાં ડહાપણ અને દિલાવરી, અનુભવપીઢતા ઉદારતા ને આંતરસૂઝ વિરલ જોવા મળે. વ્યક્તિ તરીકે જોતાં તેઓ ઉચ્ચ ગુણોવાળા એક કલાકાર હતા, એટલું જ નહિ, તેઓ એક વિશિષ્ટ કળા-પ્રવાહના પુરોધા હતા. એમની સ્મૃતિને આપણા પ્રણામ જ હોય. (સંકલિત)

મનીઑર્ડર-ફૉર્મમાં નીચે એક કાપલીમાં પૈસા મોકલનારને કંઈ પણ સંદેશ કે સૂચના લખવા માટે થોડી કોરી જગ્યા આપવામાં આવે છે, અને તેની પાછળ મોકલનારે પોતાનું નામ-સરનામું લખવાનું હોય છે, જેથી પૈસા મેળવનાર પાસે મોકલનારનું નામ-સરનામું તથા સૂચન વગેરે રહી શકે. તાજેતરમાં અમને 'કુમાર'ના લવાજમનાં કેટલાંક એવાં મનીઑર્ડર મળ્યાં છે જેમાં એ કાપલી તદ્દન કોરી જ રાખેલી છે. બે-એક મનીઑર્ડર તો એવાં પણ છે જેમાં મોકલનારનું કોઈ જગ્યાએ નામ-સરનામું ન હતું. (પોસ્ટઑફિસે એ કઈ રીતે સ્વીકાર્યાં હશે અને હવે એ મ. ઑ.ની પહોંચ તેઓ ક્યાં પહોંચાડશે ?) આ લવાજમોની રકમ હાલ તો અમે જમા રાખી છે. ગ્રાહકોને વિનતિ કે તેઓ ચીવટ રાખી સુવાચ્ય અક્ષરે પોતાનાં નામ-સરનામાં લખી જણાવે, અને જૂના ગ્રાહકો પોતાનો ગ્રાહક નંબર પણ અવશ્ય જણાવે. આથી બંને પક્ષે સરળતા રહેશે.

આઠમો ગ્રહ

☆ ☆ ☆ ☆ વિભૂત શાહ ☆ ☆ ☆ ★

એકાંકી નાટિકા

પાત્રો

શેઠ શાંતિપ્રસાદ

સોમેશ્વર જ્યોતિષી

માધવી-શેઠ શાંતિપ્રસાદની પુત્રી

કુંદનકુમાર-શેઠ શાંતિપ્રસાદના જમાઈ

*

શાંતિપ્રસાદ : શંકર! અરે ઓ શંકર! ક્યાં નાસી ગયો!

સોમેશ્વર : શેઠસાહેબ, અંદર આવું? આપ આપના નોકર શંકરને બોલાવો છો ને? પણ મારા માટે બારણું ખોલીને એ તો બહાર માળી સાથે કશીક વાત કરે છે... મને થયું લાવ હું જ અંદર જઇને શેઠસાહેબને સીધો મળી લઉં... અને શેઠસાહેબ હું તો અંદર આવી જ ગયો... આવું ને શેઠસાહેબ? (હેં, હેં કરી હસે છે.)

શાંતિપ્રસાદ : અંદર આવીને પણ પૂછો છો ખરા... એટલા તમે સજ્જન.

સોમેશ્વર : મને ના ઓળખ્યો શેઠસાહેબ? (હેં, હેં કરી હસે છે.)

શાંતિપ્રસાદ : તમને ક્યાંક જોયા છે ખરા. પણ એમ તો હું રોજ કેટલાયને જોઉં છું.

સોમેશ્વર : પાય લાગું શેઠસાહેબ! હું સોમેશ્વર પંડયા, જ્યોતિષશાસ્ત્રી. યાદ હોય તો આપના પુત્રી માધવીબેન અને જમાઈરાજ કુંદનકુમારની જન્મકુંડળી મેં જોઈ હતી, અને પછી આપે એમનાં લગ્ન...

શાંતિ. : ઓહો! તો તમે એ જ્યોતિષશાસ્ત્રી છો એમ ને! આવો આવો, આમ અહીં પાસે બેસો.

સો. : (એકદમ ઓચિંતો ઊછળીને પગે લાગવા ધસી જતો હોય એ રીતે) શેઠસાહેબ, શેઠસાહેબ! આપને પગે પડું છું, મને માફ કરો... માફ કરો મને.

શાંતિ. : અરે અરે, આ શું કરો છો! ઊઠો, ઊઠો... ઊભા થાવ.

સા. : હું તો આપની ગરીબ ગાય છું, આપ તો મોટા માણસ છો. ઉદાર દિલના છો.

શાંતિ. : પણ આ શું ગાંડપણ કરો છો? પહેલાં ઊભા થાવ, વાત તો કરો શું થયું છે?

સો. : ના જી. પણ એ પહેલાં મને કહો કે આપે મને માફ કરી દીધો છે. આપવો હોય તો ઠપકો આપો, ધમકાવો, તમાચો મારો હું કશું નહિ બોલું...આમ નીચું મોં કરી ઊભો રહીશ. પણ મને માફ કરી દો.

શાંતિ. : ચિઢાઇને) પણ વાત શી છે? કશું કહેતા નથી ને એકનું એક રટયા કરો છો 'માફ કરી દો, માફ કરી દો'. ઊઠો, ઊભા થાવ.

સો. : (શાંતિથી - ધીમેથી) તો માફ કરી દીધો ને?

શાંતિ. : (વધારે ચિઢાઇને) હા બાબા હા, જાવ, માફ કરી દીધા. બોલો હવે, તમે મારું શું બગાડયું છે?

સો. : મારાથી જબરો ગોટાળો થઈ ગયો છે. મહા અનર્થ થઈ ગયો છે.

શાંતિ. : પણ એમાં તમે મારો જીવ શા માટે ખાવ છો? તમે ગોટાળો-બોટાળો કર્યો હોય એમાં મારે શું?

સો. : વાત જાણે, શેઠસાહેબ, એમ છે કે... મારાથી આપને જબરું નુકસાન થઈ ગયું છે.

શાંતિ. : નુકસાન? તમે મને શું નુકસાન કર્યું છે?

સો. : હા શેઠસાહેબ, વાત જાણે એમ છે કે... મેં બહુ મોટી ભૂલ કરી છે. માફ જ ના થાય એટલી મોટી ભૂલ કરી છે.

શાંતિ. : 'વાત જાણે એમ છે કે' કર્યા વિના તમે મને સીધેસીધું કહી દો... ક્યારનાય ગોળગોળ બોલ્યા કરો છો! ને મગનું નામ મરી પાડતા નથી... હવે મારે મોડું થાય છે. (ઘાંટો પાડી) બોલો, હવે શું કહેવું છે?

સો. : મારી કઈ જીભે બોલું! પણ શેઠસાહેબ, માધવીબેન અને જમાઈરાજની જન્મકુંડળી આપી હતી ને...એમનાં લગ્ન પહેલાં...

શાંતિ. : હા હા આપી હતી, અને તમે—

સો. : હા, અને મેં કહ્યું હતું કે બન્નેના ગ્રહો બરાબર મળે છે. પણ શેઠસાહેબ... શેઠસાહેબ ભૂલભૂલથી મેં એકને બદલે બીજી જન્મકુંડળી જોઈ નાખી હતી. મારાય જબરા ગોટાળા થઈ ગયા. મેં આટલી દિવાળીઓ કાઢી પણ આવી ભૂલ તો મારી જિંદગીમાં આ પહેલી જ વાર થઈ.

શાંતિ. : (રાહતનો દમ ખેંચી) ઓહો! એટલું જ ને? એમાં કશો વાંધો નહિ. મેં તમને માફ કરી દીધા, બસ! જાવ હવે ઘેર જઈ લહેરથી સૂઈ જાવ.

સો. : પણ શેઠસાહેબ, વાત જાણે એમ છે...

શાંતિ. : પાછા બોલ્યા વાત જાણે એમ છે?

સો. : નહિ બોલું શેઠસાહેબ, પણ શું કરું... મારી એ ભૂલથી બહુ મોટા અનર્થ થઈ ગયો છે.

શાંતિ. : હવે કરોય અનર્થ નથી થઈ ગયો. મેં કહ્યું ને કે જે ભૂલ થઈ છે એને ભૂલી જાવ.

સો. : શેઠસાહેબ, એમ એ ભૂલને ભૂલીને બેસી રહેવાય એવું નથી. નહિ તો હું શા માટે દોડ્યો આવું? મેં ભૂલભૂલથી જમાઈરાજ કુંદનકુમારને બદલે બીજી એક છોકરી કુંદનની જન્મકુંડળી માધવીબેનની જન્મકુંડળી સાથે મેળવી હતી.

શાંતિ. : તોય એમાં શું થઈ ગયું? એ છોકરી સાથે માધવીના લગ્ન તો નથી થઈ ગયાં ને? લગ્ન તો કુંદનકુમાર સાથે જ થયાં ને! ('હો હો' કરીને હસે છે અને હસતાંહસતાં જ) લગ્ન માટે છોકરીની જન્મકુંડળી મેળવી! ચાલો, એ પણ સારું થયું...જાવ લહેર કરો, લો બીજા દસ રૂપિયા આપું... ઘેર છોકરાં-બોકરાં છે ને?

સો. : એમ હળવાશથી કે હસવામાં આ વાત લેવાય એમ નથી. મારો શો સ્વાર્થ છે? બંનેની ગ્રહદશા જોતાં બહુ અશાંતિ ઊભી થાય એમ છે, અને એમાંય આઠમો ગ્રહ...

શાંત : એમ કશીય અશાંતિ ઊભી થાય એમ નથી. મેં કહ્યું ને કે તમે તમારે શાંતિ રાખો. ખાલી હવે શા માટે રહીરહીને...

સો. : આપ ભલે એમ કહો. પણ મારાથી શાંત રહેવાય એવું નથી. માધવીબેન અને જમાઈરાજ કુંદનકુમારની જન્મકુંડળી સામસામે વિપરિત અસર કરે છે. બંને વચ્ચે બધું સળગી ઊઠે એમ છે.

શાંત : (સહેજ ચિઢાઇને) પંડ્યાજી, બંને વચ્ચે કશું સળગી ઊઠે એમ નથી. જમાઈરાજ તો જમાઈરાજ છે.

સો : (એકદમ ધીમેથી ખાનગી વાત કહેતો હોય એમ) શેઠસાહેબ, શું કહું, જમાઈરાજને અત્યારે શનિ અને પ્લુટો દસમા સ્થાનમાંથી પસાર થઈ રહ્યા છે.

શાંતિ : દસમા સ્થાનમાંથી પસાર થાય કે અગિયારમા સ્થાનમાંથી...કશુંય માઠું થયું નથી અને થવાનું નથી...માધવી અને કુંદનકુમાર બંને એવાં સુખશાંતિથી, આનંદકિલ્લોલથી અને પ્રેમથી રહે છે કે ના પૂછો વાત! એમનું સુખી જોડું જોઈ બધાં ઈર્ષ્યા કરે છે ઈર્ષ્યા...બધાં જ કહે છે કે બંને જાણે એકબીજા માટે જ સરજાયાં છે...એમાં કુંદનકુમાર તો એમના નામ પ્રમાણે સોનું છે સોનું -સો ટચનું

સા. : સો ટચનું તો શું એકસોએક ટચનું સોનું, એમાં મારી ક્યાં ના છે? પણ આ તો

માધવીબેન અને જમાઈરાજના ગ્રહ સામ-સામે પડ્યા છે. બંને વચ્ચે શાંતિ કે સુલેહસંપ હોઈ જ ના શકે.

શાંતિ : શું જેમતેમ બોલો છો ? બંને એવાં તો સુમેળથી રહે છે! એમની વચ્ચે જરાસરખી યે અથડામણ થઈ જ ના શકે. એમાંય કુંદનકુમારને તો માધવી વિના એક ઘડી યે ન ચાલે.

સો. : શેઠસાહેબ, સપાટી પર તો બધાંનું એવું જ લાગે. અંદર શું હોય છે એ કોણ જોવા ગયું છે? શનિ ઉચ્ચ હોવા છતાં કુંદનકુમાર માટે એનું ભ્રમણ ખરાબ છે. વળી, યમદેવતા પ્લુટો એને સાથ આપે છે, એટલે તો થઈ જ રહ્યું. બંને વચ્ચે કુસંપ, મતમતાંતર, ઝઘડા હોય જ, એમાં મીનમેખ થાય નહિ.

શાંતિ. : સારું, સારું. એવું હોય તોય વાંધો નહિ. અમે ક્યાં તમને કશું કહેવા આવ્યા છીએ?

સો. : આપ તો મને કશું કહેવા નથી આવ્યા, પણ મારે તો એનો ઉપાય કરવો રહ્યો, આપને બચાવવા રહ્યા.

શાંતિ. : એટલે તમે કહેવા શું માગો છો ?

સો. : શેઠસાહેબ, મેં આપને કહ્યું એમ એમના ઉગ્ર ગ્રહોની ચાલ જોતાં અશાંતિ અને હતાશાનો નજીકના ભવિષ્યમાં તો અંત આવે એમ નથી.

શાંતિ. : તમે એકની એક વાત વારંવાર ના કહો તો સારું.

સોમે. : એકની એક વાત વારંવાર નથી કહ્યા કરતો...આપ હજુ મને પૂરું બોલવા જ ક્યાં દો છો ? મુખ્ય મુદ્દાની વાત તો હજુ મેં કહી જ નથી.

શાંતિ. : સારું ચાલો, બોલો. તમારા લોકોમાં પણ ગજબની શક્તિ છે. જ્યારે જે ગ્રહને જ્યાં લઈ જવો હોય ત્યાં લઈ જાવ છો અને એની પાસે ધાર્યું કામ કરાવો છો.

સો. : અમે તો એ અજબગજબની શક્તિના દૂત છીએ...જે લખ્યું છે એ ઉકેલીએ છીએ.

શાંતિ. : તમે મારી સાથે અત્યારે ચર્ચા કે વાદવિવાદ કરવા આવ્યા છો ? ચાલો, હવે જે કહેવું હોય એ કહી દો—આગળ વધો.

સો. : હા, હવે આગળ જ વધું છું. જુઓ કર્કના સૂર્યે બંને વચ્ચે કલહકંકાસ જન્માવ્યો છે, અને હવે મંગળ કર્ક રાશિમાં પ્રવેશતાં બંને વચ્ચે મોટો ઝઘડો, મોટી લડાઈ ભભૂકી ઊઠશે અને...

શાંતિ. : પણ, પણ પંડ્યાજી, તમારી વાતમાં કઈ રીતે વિશ્વાસ મૂકું? મારી આંખ સામે બંનેને પારેવાંની જેમ આનંદકિલ્લોલ કરતાં જોઉં છું ને!

સો. : એ તો આંખ સામે જ બધું બનશે, બધું સળગી ઊઠશે ત્યારે તો આપ વિશ્વાસ મૂકશો ને? પણ એ વખતે બહુ મોડું થઈ ગયું હશે. સાંભળો શેઠસાહેબ, શનિ-પ્લુટો જેમ અશુભ છે તેમ સૂર્ય-મંગળ પણ સ્ફોટક ગ્રહો છે.

શાંતિ. : તમે ગ્રહોની ભાષામાં ના બોલો. મને સમજાય એવું સીધેસીધું કહો.

સો. : તો લો, ટૂંકામાં સીધી જ વાત કરું તો સૂર્ય-મંગળના સ્ફોટક ગ્રહોને લીધે અશાંતિનો અંત તો નહિ આવે, ઊલટું એમની સાથે સંકળાયેલાં અને ખાસ કરીને તદ્દન નજીકનાં સગાંવહાલાંઓને પણ એની વિપરિત અસર થશે.

શાંતિ. : નજીકના સગાંવહાલાંઓને પણ એની વિપરિત અસર થાય શું હસવા જેવું? બોલો છો!

સો. : અત્યારે આપને ભલે હસવા જેવું લાગે પણ આપના પોતાના જીવનમાં પણ મૂંઝવણ ઊભી થશે, આર્થિક સમસ્યા પણ ઊભી થાય, પછી ભલેને આપ અત્યારે ગમે તેટલા સમૃદ્ધ હો.

શાંતિ. : શું કહ્યું? મારા જીવનમાં આર્થિક મુશ્કેલી ઊભી થશે?

સો. : મારામાં વિશ્વાસ રાખો તો હા. જોજોને આઠમો ગ્રહ કોઇનેય છોડશે નહિ.

શાંતિ: તમે આ કહેવા આજે અહીં આવ્યા?

સો.: ના, હું તો આપને બધાંને આ આપત્તિમાંથી બચાવવા આવ્યો છું. એનો હવે એક જ ઉપાય છે—જો આપણે ગ્રહશાંતિ કરીએ...

(દૂરથી માધવીનો અવાજ આવે છે 'ડેડી!')

શાંતિ: જુઓ, મને તો આ બધાંમાં વિશ્વાસ નથી. તમારી વાતોમાં પણ વિશ્વાસ નથી. હા જુઓ, બીજી વાત, મારી દીકરી માધવી અને જમાઈરાજ કુંદનકુમાર અત્યારે અહીં જ છે. થોડા દિવસ અહીં રહેવા આવ્યાં છે. અત્યારે બહાર જવા માટે ઉપર તૈયાર થાય છે. હમણાં થોડી જ વારમાં અહીં આવશે. એમ કરો, તમે અહીં, આટલામાં ક્યાંક સંતાઈ જાઓ. હા, પેલા ખૂણામાં, પરદા પાછળ...ને...ને...હું મારી દીકરી માધવીને પૂછી લઈશ કે એ બંને વચ્ચે કોઈ મનદુઃખ તો નથી ને? ક્યારેક ધાંટાધૂંટી કે ઝઘડો નથી થતો ને? એટલે તમારી વાતનો અત્યારે જ ફેંસલો થઈ જાય.

(બીજી વાર માધવીનો અવાજ આવે છે 'ડેડી!')

શાંતિ: ચાલો જલ્દી જલ્દી સંતાઇ જાવ...ખાતરી થઈ જશે કે શું સાચું અને શું ખોટું ...ઉતાવળ કરો, આમ ઊભા ના રહો, મારી સામે જોયા વિના ત્યાં સંતાઈ જાઓ, જલ્દી, માધવી આવતી જ લાગે છે.

(સોમેશ્વર છુપાઈ જાય છે. માધવી આવે છે.)

માધવી: અરે ડેડી, અમારા મૅરેજનું એક આલ્બમ નથી મળતું, ત્રણ આલ્બમ છે, ચોથું નથી મળતું. એમાં પણ અમારા કેટલા સરસ ફોટોગ્રાફ્સ હતા! તમે કોઈકને આપ્યું છે?

શાંતિ. : ના રે ના, મેં તો કોઇને નથી આપ્યું. ઉપર તારા રૂમમાં જ પડ્યું હશે. તારી મમ્મીને પૂછ્યું?

માધવી: હા પૂછ્યું. એને પણ ખબર નથી. મેં તો બધે જ જોયું. કુંદને પણ જોયું. કુંદનનો કઝિન આજે આવવાનો છે. મળી જાય તો સારું.

શાંતિ. : એ તો મળી જશે. ઘરમાંથી ક્યાં જવાનું છે! તું તૈયાર થઇ ગઈ?

માધવી: હા ડેડી.

શાંતિ. : ને કુંદનકુમાર?

માધવી: બસ, એ પણ તૈયાર જ થાય છે. હમણાં આવે છે. તૈયાર થઇ ગઈ તે મને થયું લાવ ડેડીને મળી લઉં, સવારથી મળી નથી, અને આલ્બમનું પણ પૂછી લઉં.

શાંતિ.: સારું કર્યું, પણ તને હવે મારી સાથે બેસવાનો, વાતો કરવાનો ટાઇમ જ ક્યાં મળે છે? જ્યારે જુઓ ત્યારે બસ કુંદનકુમાર...


માધવી: પણ અત્યારે તો અમારે ટૅન્શન-ટૅન્શન થઈ ગયું છે.

શાંતિ. : શું કહ્યું, ટૅન્શન? શાનું ટૅન્શન?

માધવી: હા ટૅન્શન...ટૅન્શન, એક તો અમારે મોતી અને જ્વેલરીના એક્ઝિબિશનમાં જવું છે, ઇલેક્ટ્રૉનિક એમ્પોરિયમમાં જવું છે, કુંદન કહે છે કે કૂકિંગ રેન્જ લઇએ, બેડ-રૂમ માટે બીજો કલર ટી.વી. લેવાનું પણ કહે છે, પાછું પાસપોર્ટ ઑફિસે અને એરલાઈન્સની ઑફિસે જવું છે. હું કહું છું કે ઇન્ડિયન એરલાઈન્સમાં જઈએ, એ કહે ના સિંગાપોર-એરલાઈન્સમાં જઇએ. મેં કહ્યું, ઓ કે, પાછી કુંદનના સિન્ડિકેટ ગ્રૂપે ફાઈવ-સ્ટાર હૉટેલમાં ડિનર રાખ્યું છે એટલે પાછું મારે બ્યૂટી-પાર્લરમાં તો જવું જ પડશે... અને આજે કુંદન મારા માટે રેશમી પટોળું લેવાનું કહે છે...ડેડી મારી પાસે તો કેટલી બધી સાડીઓ છે! પહેલાં મેં કહ્યું 'ના' તો એ કહે 'હા', તો મેં કહ્યું ઑલરાઈટ, તું જેમ કહે તેમ, બસ!

શાંતિ. : (રાહતનો દમ ખેંચતાં) હા હા, તમે તો એકબીજાને બધું પૂછીપૂછીને જ કરો છો ને? એકની હા, તો બીજાની હા. એકની ના, તો બીજાની ના. તેં કહ્યું ટૅન્શન-ટૅન્શન એ તો હરવાફરવાનું, કેમ ખરું ને?

(અનુસંધાન પૃષ્ઠ ૨૦)



ભાવનગર બંદર

ડૉ. શિવપ્રસાદ રાજગોર

ભાવનગર જિલ્લામાં ભાવનગર, ઘોઘા, તળાજા ને મહુવા એ ચાર બંદરો. એમાં મધ્યમ કક્ષાના ભાવનગર બંદર સિવાય બાકીનાં ત્રણ નાનાં (લઘુ) બંદરો છે. ભૂતકાળમાં વલભીપુર, ગુંદી-કોળીઆક, હાથબ, કથીવદર અને સોનરાઈ વગેરેના બંદર તરીકેના ઉલ્લેખો મળે છે. 'પેરિપ્લસ ઑવ ધી ઈરીથીઅન સી'ના લેખકે(ઈ.૨૫૯) હાથબના અસ્તકમનો ઉલ્લેખ કર્યો છે. વલભીનાં તામ્રપત્રોમાં હસ્તવપ્રના બ્રાહ્મણને મૈત્રક રાજાઓએ દાન આપ્યાના ઉલ્લેખો છે. વલભી ઘેલો નદીના મુખ પર આવેલું બંદર હતું તેવો ઉલ્લેખ પાણિનીના ગણપાઠમાં મળે છે જે ઈ.સ. પૂર્વે ૬૦૦ની આસપાસમાં તેનું અસ્તિત્વ હોવાનું સૂચવે છે. આઠમી સદીમાં આરબોએ તેનો નાશ કર્યો હતો. ગુંદી-કોળીઆકનો બંદર તરીકેનો ઉલ્લેખ સોળમી સદીના 'આઇને અકબરી'માં મળે છે. માળેશ્રી નદીના મુખ ઉપર આવેલા હાથબની નજીકનાં આ સ્થળો છે એટલે આ ઉલ્લેખ હાથબનો હોવાની શક્યતા છે. હાલ તો કાંપના ભરાવાને કારણે દરિયો વલભીપુરથી ઘણો દૂર ખસી ગએલો છે. મુગલકાળ સુધી ઘોઘાબંદર વધારે જાણીતું હતું, પણ ભાવનગરના ઉદય સાથે તેની અવનતિ આરંભાઈ હતી. સન ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ બાદ મોગલાઈ નબળી પડી અને ગુજરાતનાં શહેરો અને બંદરો મરાઠાઓના હુમલાનો ભોગ બનવા લાગ્યાં હતાં. સન ૧૯૨૨-૨૩માં ભાવસિંહજી પહેલાના શાસન દરમિયાન શિહોર રાજ્યનું પાટનગર હતું, તે કંથાજી કદમ બાંડેના હુમલાનો ભોગ બન્યું હતું. તેની ત્રણ બાજુ ડુંગરો અને એક તરફ નદી હોવાથી આવી આપત્તિના સમયે સલામતી ખાતર ખસી જવું મુશ્કેલ હતું અને વધુ વિકાસ માટે પણ અવકાશ ન હતો, આથી સન ૧૭૨૩માં ભાવસિંહજીએ વડવા નજીકના સ્થળને પસંદ કરી નવું નગર વસાવવા નિર્ણય લઈ તેને ભાવનગર નામ આપ્યું. નગરના વિકાસ સાથે તેનો વેપાર વધે અને તેનાથી જકાત દ્વારા આમદાની વધવાની શક્યતા પણ એમણે આ સ્થળની પસંદગી કરતી વેળા વિચારી હશે. ભાવનગરના ઇતિહાસમાં નોંધ છે કે જયપુર અને ભાવનગરની સ્થાપના એક જ વર્ષમાં થઈ હતી.

સૌરાષ્ટ્રના પૂર્વ કિનારે કાળુભાર નદીના મુખ ઉપર ખંભાતના અખાતમાં ૨૧° - ૪૬' ઉત્તર અક્ષાંશ અને ૭૨° - ૧૪' પૂર્વ રેખાંશ પર મુંબઈથી ૩૨૫ કિ. મી. દૂર આઠ કિલોમીટર લાંબી વાંકીચૂંકી ખાડી પર ભાવનગર બંદરનું સ્થાન છે. ભાવનગર શહેરથી દોઢ કિ. મી. દૂર જૂના બંદરની પોલાદી જેટી સુધી હાલ વહાણો આવે છે. નર્મદા નદીના કાંપથી તેનું વધુક્કું પુરાણ થયું તે પહેલાં અહા છેક ધક્કા સુધી

△ સૌરાષ્ટ્રની પૂર્વકંઠારે ખંભાતના અખાતમાં ઉત્તરમાં ઊંડે આવેલું ભાવનગર બંદર મધ્યમકક્ષાનું હોવા છતાં એક મહત્ત્વનું બારમાસી બંદર ગણાય છે. પોતાના વિશાળ પીઠપ્રદેશ સાથે એ રેલવે તથા ધોરી માર્ગો દ્વારા સંકળાએલું છે. આ બંદરની રચનાનો આછોશો ખયાલ આપતા મથાળે આપેલા, નકશામાં વહાણવટા માટે આ બંદરમાં ઉપલબ્ધ સગવડો દર્શાવી છે. અહીંના સાગરજળની ભરતીઓટના લગભગ નવ મીટર જેટલી ચડઊતરના તફાવતને કારણે બંદરગાહમાં લાંગરેલાં જહાજોની સલામતી તથા પાણીનું યોગ્ય ઊંડાણ જાળવી રાખવા માટે કરેલી લૉકગેટની રચના એ આ બંદરની એક આગવી વિશિષ્ટતા છે. બંદરથી દસેક કિ.મી. દૂર આવેલા ભાવનગર શહેરના ઔદ્યોગિક વિકાસ સાથે આ બંદરના ભાવિ વિકાસ માટે ઊજળી તકો છે.

સ્ટીમરો આવી શકતી. આ રીતે એ ઓખા, કંડલા અને સિક્કાની માફક 'ડાયરેક્ટ બર્થિંગ પોર્ટ' ગણાય છે. સમુદ્રના ખાંચામાં અંદરના ભાગમાં તેનું સ્થાન હોઇ ચોમાસામાં પણ એ ચાલુ રહી શકે છે અને તેથી સાત બારમાસી બંદરો પૈકીના એક તરીકે પણ રાજ્યમાં તેનું મહત્ત્વનું સ્થાન છે. હાલમાં મોટા કદની સ્ટીમરો બંદરથી દસેક કિ. મી. દૂર આવેલી લંગરગાહ પાસે થોભે છે અને ત્યાંથી લાઇટર તથા બજરા દ્વારા માલની હેરફેર થાય છે. આથી આ બંદરને ઍન્કરેજ પોર્ટ કે લાઇટરેજ બંદર પણ કહી શકાય. ખાડીના વાંકવળાંને કારણે મોટી સ્ટીમરોને અહીં દાખલ થવામાં પૂરતી કાળજી રાખવી જરૂરી હોઈ અહીં પાયલોટ સેવા લેવાનું ફરજિયાત છે. ભાવનગરનું નવું બંદર શહેરથી દસેક કિ. મી. દૂર રૂવા ગામની હદમાં આવેલું છે. ભાવનગરથી દસ-બાર કિ. મી. દૂર રોગનો કે રૂખ તરીકે ઓળખાતું રેતીનું મોટું ભાઠું છે જે ઉત્તરે બાવળીઆળી ખાડી સાથે જોડાએલું છે. આ જ રીતે પૂર્વ અને ઈશાનમાં ગ્રેટ માલ નામનું એક મોટું ભાઠું છે. અહીં કાયમ સાડાત્રણ ફૅધમ ઊંડું પાણી હોય છે. ભાવનગરથી દક્ષિણે તેર કિ. મી. દૂર ઘોઘા છે. ઘોઘાથી દક્ષિણે સાત કિ. મી. અને તળકંઠારથી ચારેક કિ. મી. દૂર પૂર્વમાં પીરમ બેટ છે. ભાવનગર આવતાં વહાણો અને સ્ટીમરો આ ઘોઘા અને પીરમ બેટની વચ્ચેના જળમાં પસાર થઇને આવે છે. કારણ પીરમ બેટની પશ્ચિમે ૬૦ ફૅધમ ઊંડું પાણી હોય છે. ભાવનગરના જૂના બંદરે પણ અગાઉ લગભગ સાતેક મીટર ઊંડું પાણી રહેતું હતું. ભાવનગરની નાળ (ચૅનલ) સાંકડી હોઇ મોટી ભરતી વખતે દસ મીટરથી વધુ ઊંડાં પાણીનો લાભ મળે છે, જ્યારે સાતમ-આઠમની નાની ભરતી વખતે પણ પાણી આઠ મીટરથી યે વધુ ઊંડું હોય છે જે ઓટ વખતે લગભગ સાડાત્રણ મીટર ઊંડું રહે છે. ભરતીની અસર અહીં પાંચથી સાત કલાક રહે છે. ભાવનગરની ઉત્તરે લગભગ તેરેક કિ. મી. દૂર સોનરાઇની ખાડી છે, જ્યાં ભરતીના સમયમાં લગભગ સોળ મીટર જેટલું પાણી ચડે છે. વળી, આ ખાડી ૨૧૬ થી ૨૩૩ મીટર પહોળી છે, જેમાં તેનો સાંકડો ભાગ પણ લગભગ ૧૨૦ મીટર જેટલો પહોળો હોવા ઉપરાંત, તેમાં કાયમ બે થી પાંચ મીટર ઊંડું પાણી રહેતું હોઇ ભવિષ્યમાં કાંપ ભરાવાથી ભાવનગરનું બંદર જો નિરૂપયોગી બની જાય તો આ સોનરાઈ ખાડી ઉપર નવું બંદર વિકસાવી શકાય તેમ છે.

અઢારમી સદીના પૂર્વાર્ધ સુધી તો ખંભાત અને સૂરતનાં બંદરો આબાદ હતાં, એટલે તેની હરીફાઇમાં ભાવનગર બંદરનો વિકાસ આરંભમાં બહુ ધીમો રહેલો. વળી, સુલતાનપુર (તળાજા)ના ચાંચિયાઓ, તથા મુગલ કાફલાના નૌકાધિપતિ સીદી યાકુબનો વિરોધ પણ તેમાં કારણભૂત હતા. પણ સન ૧૭૩૨માં મુલ્લા મહમદઅલીની ખટપટને કારણે સૂરતના મુત્સદ્દી સોરાબખાને ભાવનગરમાં આશ્રય લીધેલો ત્યારે તેણે ભાવનગર બંદરની ખિલવણી માટે મહત્ત્વનાં સૂચનો કરેલાં. આ સોરાબખાનની દિલ્હીના મુગલ દરબારમાં સારી વગ હતી તેથી સોરઠના હાકેમ – નાયબ સૂબા તરીકે તેની નિમણુક થએલી. તેણે શેરખાન પાસેથી ઘોઘા જીતી લઇને ભાવસિંહજીને આપ્યું હતું. જો કે પછી એ ઘોઘા પેશ્વાના કબજામાં મુકાયું હતું.


સન ૧૭૩૯માં સૂરતના સીદી યાકુબ સાથે ભાવનગરે વેપારવૃદ્ધિ અર્થે કરાર કર્યા હતા. તદનુસાર ભાવનગરની ખુશ્કી જકાતમાંથી સવા ટકો આપવાનું, તથા સૂરતથી આવતા માલ ઉપરની જકાતમાં રાહત આપવાનું ભાવસિંહજીએ કબૂલ રાખેલું, અને તેના બદલામાં ભાવનગરથી સૂરત જતા માલ ઉપર જકાત ન લેવાનું સીદી યાકુબે સ્વીકાર્યું હતું. વળી, આ દરમિયાન કૅપ્ટન બેડફર્ડે ખંભાતના અખાતમાં લૂંટ ચલાવતા ચાંચિયાઓને પકડી તેમનાં વહાણો બાળી નાખતાં તે ત્રાસ પણ ઘણો ઘટી ગયો હતો. આ ઉપરાંત, ભાવસિંહજી, અખેરાજજી ને વખતસિંહજીના વખતમાં મોમીનખાન પાસેથી તળાજાનો અને ખસીઆઓ પાસેથી મહુવા આસપાસનો પ્રદેશ જીતી લેવાયો હોઇ ખંભાતના અખાતમાં વહાણવટું નિર્ભય બનતાં વેપારમાં વૃદ્ધિ થઈ હતી.

આ પછી સન ૧૮૦૩માં ઘોઘા અંગ્રેજી હકૂમતમાં આવ્યા બાદ ખેડાના કલેક્ટર રોઉલ્સે ને તે પછી બારડેલે કરવેરા કાઢી નાખતાં તથા જકાતનો દર ઘટાડી દેતાં ઘોઘાનો વેપાર વધ્યો હતો. જેની વિપરીત અસર ભાવનગર ઉપર પડી હતી. વળી, ૧૮૬૦ થી ૬૪ દરમિયાન અમેરિકન આંતરવિગ્રહને લીધે પણ ઘોઘા અને ધોલેરાનો વેપાર વૃદ્ધિ પામતાં ભાવનગરને માઠી અસર પડી હતી.

સને ૧૮૫૭ પૂર્વે લૉર્ડ ડેલહાઉસીએ હિંદનાં બધાં બંદરોનો સમાન વહીવટ ચલાવવાની દરખાસ્ત કરેલી તે સ્વીકારાઇ ન હતી. પણ ૧૮૫૭માં બળવા વખતે ઘોઘાથી અમદાવાદ જતા અંગ્રેજોના સૈન્યને ભાવનગર રાજ્યે સહાય કરેલી અને અખાતના ચાંચિયાઓને નાબૂદ કરવામાં પણ મદદ કરી હતી એટલે ઇસ્ટ ઇંડિયા કંપની સાથે ભાવનગરને સારા સંબંધો રહ્યા હતા. લૉર્ડ ડેલહાઉસી પછી કેનિંગે અયોગ્ય હરીફાઈ વગર દેશી રાજ્યોનાં તથા હિંદસરકારનાં બંદરો સરખા દરજ્જે વેપાર કરી શકે એ માટે કસ્ટમ યુનિયનની એક સમાન નીતિ અપનાવવા ભાવનગર સમક્ષ દરખાસ્ત મૂકેલી. અંગ્રેજ સરકાર સાથે દોસ્તી હોવાથી ભાવનગર રાજ્યે ૧૮૬૦માં તે સ્વીકારી હતી. સન ૧૮૬૩માં અંગ્રેજ સરકારે બીજાં બધાં બંદરી રાજ્યોને પણ આ નીતિ સ્વીકારવા પત્ર લખ્યો કે, 'સ્વરાજના બંદરનું સરકારથી જે રીતે ચાલે છે તે પ્રમાણે બીજાં રજવાડાંએ ચલાવવું અને બીજાં જે પરરાજ્યનાં બંદરેથી માલ આવે-જાય તે ઉપર સરકારના ઠરાવથી કમી ન લેવું એવી મતલબ છે.' પરંતુ ભાવનગર સિવાયનાં કાઠિયાવાડનાં બીજાં બંદરી રાજ્યોએ આ દરખાસ્ત સ્વીકારી નહિ. આ કારણે ભાવનગરનો પરદેશ સાથેનો વેપાર બીજા રાજ્યોમાં ઘસડાઇ ગયો હતો. ૧૬૬૦ થી ૧૯૦૩ સુધી આ સ્થિતિ ચાલુ રહી હતી અને બ્રિટિશ સરકારે પણ કોઇ અંકુશો મૂક્યા નહોતા.

કૅપ્ટન મૅકમર્ડો, ઈમ્પીરીઅલ ગૅઝેટીઅર-વૉ. ૨, બૉમ્બે ગૅઝેટીઅર-વૉ. ૮માં કાઠિયાવાડ તથા ગુજરાત, અને કાઠિયાવાડ સર્વસંગ્રહની નોંધો પ્રમાણે ભાવનગર બંદરના પીઠપ્રદેશમાં મારવાડના પાલી, જોધપુર અને શિરોહી, ઉદેપુર, જયપુર, ઉજ્જૈન, ઈન્દોર, રતલામ, બુરહાનપુર, પેંઠ, અમદાવાદ, પાટણ, દાંતા, રાધનપુર, પાલનપુર, વડનગર અને સિદ્ધપુર વગેરે મળી રાજપુતાના, માળવા, ઉત્તર ગુજરાત, પશ્ચિમ ખાનદેશ વગેરેનાં વેપારી મથકોનો સમાવેશ થતો હતો. દરિયાઈ માર્ગે કરાંચી, કાલિકટ, મસ્કત, બસરા, મોખા, જેદ્દા, ઝાંઝિબાર, મોરેશ્યસ, મોઝાંબિક, સીલોન, મલાક્કા, પેનાંગ, સિંગાપોર અને છેક ચીન સુધી તેનો વહેવાર ચાલતો. ગોળ, ખાંડ, ઘી, અનાજ વગેરે દિલ્હી, આગરા, લખનૌ, કાનપુર, જયપુર, બનારસ, અમૃતસર વગેરે સ્થળેથી આવતાં. કિંમતી પેશાક માટેની સામગ્રી, ગિલેટવાળાં વાસણો, કોતરણીવાળાં રમકડાં, ઝવેરાત વગેરે દક્ષિણ ભારતનાં દૂરનાં સ્થળોએથી ને અમદાવાદ, સૂરત, મુંબઈથી શાકભાજી અને ફળો આવતાં.

ઈ. ૧૮૪૫ પછી આગબોટોનો યુગ શરૂ થતાં ગુજરાતનાં સૂરત, ખંભાત, ઘોઘા જેવાં બંદરોનો વેપાર ઘટી ગયો હતો. કરાંચી અને મુંબઇનો વિકાસ થતાં ગુજરાતનાં બંદરોની અવનતિની શરૂઆત થઈ હતી, પણ સૌરાષ્ટ્રનાં બંદરો અને ખાસ કરીને ભાવનગરનો વેપાર ટકી રહ્યો હતો. રેલવે આવવાથી તથા પીઠપ્રદેશના નજીકના તેના સ્થાનને લીધે ભાવનગરના દરિયાઈ વેપારની વૃદ્ધિ થઈ હતી. ૧૮૭૩માં વીરમગામથી વઢવાણની રેલવે લાઈન શરૂ થઈ. ભાવનગર રાજ્યે



એક કાળે ખંભાતના અખાતમાં ખંભાત, ભરૂચ અને સૂરત જેવાં મોટાં બંદરો સહિત અન્ય અનેક નાનાં બંદરોના વહાણવટાની બોલબાલા હતી. અનેકવિધ કારણોસર કાળાંતરે તેમાં ઓટ આવ્યા પછી યે જે બંદરો ટકી શક્યાં કે વિકાસ પામ્યાં તેમાં ભાવનગર બંદરનું મહત્ત્વ રહ્યું છે. ખંભાતના અખાતની પૂર્વ-પશ્ચિમ કંઠાર વચ્ચે બહુ અંતર ન હોવા છતાં, આવનજાવનની યોગ્ય સગવડના અભાવે આજે તો આ બંને કંઠારો વચ્ચે ઘણું અંતર પડી ગયું છે. ભૂમિમાર્ગે ભાવનગર-તારાપોરના માર્ગ દ્વારા તથા અખાતમાં ઘોઘા-દહેજ વચ્ચે ફેરીબોટ સર્વિસ ચાલુ કરવાની યોજનાઓ લાંબા સમયથી વિચારાઈ રહી છે. આ નકશામાં ઘોઘા અને દહેજ વચ્ચે ફેરીબોટ સર્વિસના સંભવિત માર્ગનો ખયાલ આપ્યો છે. આ ઉપરાંત, આ લેખમાં ઉલ્લેખિત આ વિસ્તારનાં કેટલાંક સ્થાનો પણ તેમાં દર્શાવ્યાં છે.

વઢવાણથી ભાવનગર, અને ગોંડળ રાજ્યના સહકારથી ધોળાથી ધોરાજી સુધીનો રેલમાર્ગ ૧૮૮૦-'૮૧માં નાખ્યો હતો. આ જોડાણોથી ભાવનગરની જકાતની આવક બમણી થઈ હતી. વળી, અમદાવાદ, પાટણ, વઢવાણ, લીંબડી, જેતપુર, ધોરાજી, ધોલેરા, ઘોઘા, રાજકોટ, મુંબઈ વગેરેની સહિત ૬૪ જેટલી નવી પેઢીઓ ભાવનગરમાં ચાલુ થઇ હતી. ઝાલાવાડ, નડિયાદ, પેટલાદ, આણંદ, બોરસદ, ખંભાત અને ડીસાનું રૂ નિકાસ માટે ભાવનગર આવતું થયું હતું. ઈમારતી લાકડાના વેપારની પણ વૃદ્ધિ થઈ હતી, જે અહીંથી ધોરાજી, ગોંડળ, વાંકાનેર, મોરબી, ધ્રાંગધ્રા, વઢવાણ, ચુડા, રાણપુર અને ઉત્તર ગુજરાતનાં શહેરો સુધી જતું હતું. જૂનાગઢ, જામનગર અને વઢવાણનું અનાજ ભાવનગરથી બહાર જતું હતું. સાકર, નાળિયેર, ખજૂર, મસાલા વગેરે સમગ્ર ગુજરાત ઉપરાંત રાજપુતાના સુધી અહીંથી જતાં. ૧૯૭૯-'૮૦ દરમિયાન કાઠિયાવાડના દરિયાઈ વેપારમાં ૬૩ ટકા હિસ્સો ભાવનગર રાજ્યનાં બંદરોનો હતો, અને તેમાં યે એકલા ભાવનગરનો હિસ્સો ૪૪ ટકા હતો. ઈ. ૧૮૮૦માં કાઠિયાવાડ આવેલાં કુલ વહાણો પૈકી ૬૧ ટકા વહાણો ભાવનગરના બંદરે આવ્યાં હતાં, જ્યારે ભાવનગરથી ૭૯ ટકા વહાણો અન્યત્ર ગયાં હતાં. ઈ. ૧૮૮૦-'૮૧માં કુલ આયાત-નિકાસ થએલા માલની કિંમત ચાર કરોડ રૂપિયા જેટલી હતી. આની સામે રેલવેના જોડાણથી વંચિત રહેવાથી ઘોઘા અને ધોલેરાનાં બંદરો પડી ભાંગ્યાં હતાં.

કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કર્નલ હેન્કોકે ૧૮૯૬માં અને કેનેડીએ ૧૯૦૧માં તથા લૉર્ડ કર્ઝને ૧૯૦૩માં ભાવનગર સહિત કાઠિયાવાડનાં બધાં બંદરી રાજ્યોને એકસરખી જકાત રાખવા અથવા એમનાં બંદરોનો વહીવટ હિંદ સરકારને સોંપી વહીવટી ખર્ચ કપાવી, વધારાની ઊપજ જે તે રાજ્યોને મળે એવી દરખાસ્તો કરી હતી. પણ આ દરખાસ્ત, પૂર્વે ૧૮૬૦માં કરેલા કરારના ભંગ સમાન લાગવાથી ભાવનગર રાજ્યે સ્વીકારી નહિ, અને પરિણામે તેને વીરમગામ-ધંધુકાની લાઈનદોરીનો ભોગ બનવું પડયું. આ સ્થિતિ ૧૯૧૦ સુધી રહી, પછી લૉર્ડ મોર્લિને ભાવનગરના વાજબી હક્કોની ખાતરી થતાં તેને તેમાંથી મુક્તિ આપી હતી. જોકે પછી પ્રજામતના દબાણથી તથા કાઠિયાવાડનાં રાજ્યોએ હિંદ સરકારનાં બંદરો જેટલી સરળ જકાત રાખવાનું કબૂલ કરતાં ૧૯૧૭માં વીરમગામ-ધંધુકાની લાઈનદોરી ઉઠાવી લેવાઈ હતી, જે ૧૯૨૭માં ફરી દાખલ કરવામાં આવેલી, પણ ૧૯૩૫ સુધી ભાવનગર તેનાથી મુક્ત હતું. પરંતુ આથી કરાંચી અને મુંબઈના બંદરી વેપારને વિપરીત અસર પડતાં ગેરવાજબી હરીફાઈનું બહાનું આગળ કરીને ૧૮૬૦ અને ૧૮૬૬ના કરારો ફોક કરી હિંદ સરકારે ભાવનગરની એ મુક્તિ પાછી ખેંચી લીધી, અને પરિણામે ત્યારથી છેક આઝાદી આવી ત્યાં સુધી ભાવનગરના બંદરી વેપારને ઘણું સહન કરવું પડયું હતું.

આ સદીના આરંભમાં ભાવનગરની આયાત ૮૯ લાખ રૂપિયાની અને નિકાસ ૩૬ લાખની મળી તેનો કુલ વેપાર ૧૨૫ લાખ રૂપિયાનો હતો. જેમાં ઘી, રૂ, અનાજ, તેલીબિયાં વગેરે જેવી કાચી વસ્તુઓની નિકાસ, તથા ખાંડ, લાકડું, વિલાયતી કાપડ, લોખંડ અને તેની ચીજો વગેરેની આયાત થતી હતી. જેને લીધે ભાવનગરમાં જિન પ્રેસ તથા કાપડની મિલ, તેલના ઘાણા વગેરે ઊભાં થયાં હતાં. આમ, વેપારવૃદ્ધિ સાથે તેનો ઔદ્યોગિક વિકાસ પણ આરંભાયો હતો. એક જ દસકામાં આ વેપાર વધીને ૧૨૩ લાખની આયાત ૧૯૩ લાખની નિકાસ સુધી પહોંચ્યો હતો. પછી ૧૯૧૪થી '૧૮ દરમિયાન પહેલા વિશ્વયુદ્ધને લીધે

મધ્યપૂર્વ સાથેનો વેપાર ખોરવાઈ ગએલો. હિંદી મહાસાગરમાં જર્મન યુદ્ધજહાજ 'એમ્ડન'ની હાજરીની ધાક્નું એ પરિણામ હતું. પરંતુ યુદ્ધ પૂરું થતાં જ ૧૯૧૮–'૧૯માં તેણે કુલ વેપારમાં ૧૯૫ લાખ રૂપિયાનો વધારો થયો હતો. બોટાદ-ધંધુકા, ઢસા-મહુવા, ભાવનગર-તળાજા, નિંગાળા-ગઢડા અને અમદાવાદ સાથેના ટૂંકા રેલમાર્ગ સ્થપાતાં કાઠિયાવાડના આંતરિક પ્રદેશો તથા ઉત્તર ગુજરાત સાથેના વેપારમાં વૃદ્ધિ થઈ સન ૧૯૨૩-'૨૪માં ભાવનગરનો કુલ વેપાર ૫૭૧ લાખે પહોંચ્યો હતો, જેમાં ૧૭૨ લાખની નિકાસ થઈ હતી. આમ, આયાતનું પ્રમાણ નિકાસ કરતાં વધારે હતું.

ઈ. ૧૯૨૭માં બંદરની સુધારણાનું કામ હાથ ધરાયું. સ્ટીલ જેટી અને ગોડાઉન વગેરેની સગવડ વધારવા ૪૦ લાખ રૂપિયા ખર્ચ કરાયો. ઈ. ૧૯૦૨માં ભાવનગર દરબાર બૅન્કની સ્થાપના થઈ, જેની ઉદાર ધિરાણનીતિને કારણે આયાતી વેપાર વધતો ગયો હતો. ઈ. ૧૯૨૯-'૩૦ની વિશ્વવ્યાપી મંદીમાં આયાત-નિકાસમાં ૨૨૯ લાખ રૂપિયાનો ઘટાડો થયો, પણ ચાંદી અને સોનાની નિકાસ વધી હતી. સન ૧૯૩૪–'૩૫માં ભાવનગરની આયાત-નિકાસ ૭ કરોડ રૂપિયાથી વધુ થઈ હતી, જેમાં રૂ. ૪૨૬ લાખની આયાત હતી. મુંબઈના ગવર્નર લૉર્ડ જ્યૉર્જ અને હિંદ સરકારના નાણામંત્રી શુસ્તરે ૧૯૩૪માં ભાવનગર બંદરના વેપારની વૃદ્ધિની નોંધ લીધી હતી. સન ૧૯૩૩માં ભાવનગર રાજ્યે રૂવાની હદમાં કૉંક્રિટની જેટી બાંધીને બંદરને અદ્યતન સગવડોથી સજ્જ કર્યું હતું, જેનો કુલ ખર્ચ એક કરોડ રૂપિયા જેટલો થએલો. ભાવનગર રાજ્યની કુલ ત્રણ કરોડની આવકમાં એકલા બંદરની જ આવક કરોડ ઉપરાંત હતી. આ સમય દરમિયાન કાપડની મિલ, માસ્ટર સિલ્ક મિલ, દીવાસળીનું કારખાનું, રબ્બર ફૅક્ટરી, દવા, સાબુ તથા બૅકેલાઇટની વસ્તુઓ બનાવવાનાં કારખાનાં પણ ઊભાં થયાં હતાં. કાપડનો વેપાર પણ વધ્યો હતો. તે અંગે ઇંગ્લૅન્ડની પાર્લામેન્ટમાં પ્રશ્નોત્તરી દરમિયાન સેમ્યુઅલ હોરનું પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેના પરિણામે ભાવનગરના વેપારને ગૂંગળાવવા વીરમગામ-ધંધુકાની લાઈનદોરી લાગુ કરવામાં આવી હતી, જેમાં અગાઉના કરારને કોરાણે મૂકીને એક તરફી નિર્ણય લેવાયો હતો. આટલું જ નહિ. ભાવનગરના નવા બંદર માટે અવાણીઆના તાલુકદારોને જમીન વેચવાનો હક્ક નથી તેથી બ્રિટિશ હદમાં ગેરકાયદે દબાણ કરાવીને ભાવનગરને તેની કૉંક્રિટની જેટી તોડી પાડવાનો હુકમ પણ કરવામાં આવ્યો હતો. પરંતુ ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં દારૂગોળાને સલામત રીતે ઉતારવા ભાવનગર બંદરની જરૂર હોવાથી તે જેટી બચી ગઈ.

યુદ્ધ દરમિયાન ૧૯૩૯થી '૪૫માં ભાવનગરની આયાત ઘટી જઈ '૪૨–'૪૩માં માત્ર ૧૪ લાખ અને '૪૪–'૪૫માં કુલ વેપાર ૩૯૭ લાખનો થયો હતો. '૩૫–'૩૬ના વેપાર કરતાં ૨૯૬ લાખ રૂપિયાની આ ઘટ હતી. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો અને વીરમગામ-ધંધુકાની લાઇનદોરી દૂર થતાં ફરી વેપારમાં વૃદ્ધિની શરૂઆત થઈ. ઈ. ૧૯૪૭–'૪૮માં ૨,૧૨,૦૦૦ ટન માલની હેરફેરમાં ૫૩૦ લાખ રૂપિયાનો વેપાર થયો. ૧૯૫૧માં અઢી લાખ ટન માલનો વેપાર થયો, જેમાં ૧,૧૬૮ લાખ રૂપિયાની અભૂતપૂર્વ આયાત હતી. ૧૯૬૩–'૬૪માં ૧૫ કરોડ રૂપિયાના માલ—અનાજ, ખાતર, ક્રુડ ઑઈલ, રૂ, ગંધક, કાથી, કોયળા, કોલસા, મૉલ્ડિંગ સૅન્ડ, રૉક ફૉસ્ફેટ, લાકડું, નાળિયેર અને કપાસીઆ વગેરેની આયાત, તથા ખોળ, તેલીબિયાં, મીઠું, રૂ, ડુંગળી, બેન્ટોનાઈટ, ડોલોમાઈટ, બૉનમીલ, શીંગદાણા, લોખંડના ભંગાર વગેરેની ૮ કરોડ રૂપિયાના માલની નિકાસ થએલી. ૧૯૭૧–'૭૨થી '૭૫–'૭૬ દરમિયાન સરેરાશ ૩,૯૩,૪૪૩ ટન માલની આયાત અને ૧,૪૧,૧૧૯ ટનની નિકાસ હતી. આમાં સૌથી વધુ – બે લાખ ટનની નિકાસ ૧૯૭૨–'૭૩માં અને ઓછામાં ઓછી – માત્ર ૯૨ હજાર ટનની નિકાસ ૭૪–'૭૫માં નોંધાઈ હતી. ૧૯૭૮–'૭૯થી '૮૨–'૮૩ દરમિયાન સરેરાશ ૩૬૭ હજાર ટનની આયાત તથા ૯૪૨૨૩ ટનની નિકાસ હતી. છેલ્લાં ત્રણ વર્ષથી પાંચ લાખ ટનથી વધુ માલની આયાત-નિકાસ ચાલુ રહી છે. ગુજરાતની કુલ આયાત-નિકાસમાં ભાવનગર બંદરનો ફાળો ૧૬ ટકા છે, જેમાં ખાતર, અનાજ, ખોળ અને મીઠાની આયાત-નિકાસ મુખ્ય રહી છે. સંભવ છે કે '૮૩–'૮૪માં આ આંકડો છએક લાખ ટન સુધી પહોંચશે.

આઝાદી વખતે ભાવનગર રાજ્યનું બે કરોડ રૂપિયાનું બંદર-વિકાસ માટેનું ફંડ હતું. ૧૯૫૭માં અહીં લૉકગેટ બનાવવાની યોજના શરૂ થઈ અને ૧૯૬૧માં એક કરોડ રૂપિયાના ખર્ચે એ કામ પૂરું થયું. આ લૉકગેટને કારણે બંદરમાં કાયમ ૧૦ મીટરથી વધુ (૩૩ ફૂટ) જેટલું પાણીનું ઊંડાણ જાળવી શકાય છે. આ લૉકગેટનો એક દરવાજો છૂટા પાડી શકાય તેવા ભાગોથી જોડાએલો છે. જે બંદરગાહમાંનો કાદવ દૂર કરવા માટે અનુકૂળ છે. એ એટલો તો મજબૂત છે કે બહારની બાજુએ પાણીની સપાટી દોઢેક મીટર (૫ ફૂટ) જેટલી વધારે હોય તો યે તેના દબાણને એ ખમી શકે છે. ક્રેઇન જેવી યાંત્રિક રચનાથી દરવાજાને ચાર ફૂટ જેટલા વધારે ઊંચકી શકાતા હોઈ તેમાંથી ધોધબંધ પાણી ધસી શકે છે. વળી, તેને છેક કાટખૂણે ઊંચકી શકાતો હોઈ આખો પ્રવેશમાર્ગ ખૂલી જઈ સ્ટીમરો આસાનીથી અંદર આવી શકે છે. દરવાજાની ઉપરના પાંચ ફૂટના ભાગમાં નાના સરકતા દરવાજા છે. જેના વડે અંદરના પાણીમાં વધઘટ કરી શકાય છે. બહારના ભાગમાં પાણીની સપાટી પાંચ ફૂટ વધારે પહોંચે તો આપમેળે ભયસૂચક ઘંટડી વાગે છે, જેથી દરવાજા ઉઘાડીને અંદરના ભાગમાં પાણીને દાખલ થવા દેવાય છે. કૉંક્રિટ જેટીથી લગભગ ૯·૬૬ કિ. મી. અને કિનારાથી ચારેક કિ.મી. દૂર કાયમ ૧૩ મીટરથી વધુ ઊંડું પાણી રહે છે જેની પાસે લંગરગાહ છે, જ્યાં મોટી સ્ટીમરો થોભે છે.

ભાવનગરના જૂના બંદરે તો હવે વહાણોની જ અવરજવર થાય છે. નવા બંદરથી ૧૧ કિ.મી. દૂર અહીં સ્ટીલ જેટી છે, જે ૫૫·૭૫ મીટર લાંબી છે. વળી, માલસામાન રાખવા માટે પણ સગવડો છે.

ઈ. ૧૯૩૭માં બંધાએલી ૨૬૮·૮ મીટર લાંબી કૉંક્રિટ જેટી બે બર્થવાળી હોઇ ત્યાં 'લિબર્ટી' પ્રકારની બે સ્ટીમરો થોભી શકે છે. આ જેટી સુધી રેલવે સાઇડિંગની સગવડ પણ છે. અહીં સ્ટીમરોમાં તાજું પાણી પૂરું પાડવાની સગવડ ઉપરાંત, ક્રેઈન, ટગ, લૉંચ અને ગોદામોની પણ સગવડ છે. આ જેટીના સામેના ભાગમાં ૧૪૧·૪ મીટર લાંબી નૉર્થ કવે તરીકે ઓળખાતી ગોદી છે, જ્યાં ૧૩૫ મીટર લાંબી સ્ટીમરો થોભી શકે છે. વળી, વેટ કાર્ગો માટે પણ એક બર્થ છે. આ જેટીથી દૂર લંગર-સ્થાન સુધીની ખાડીની પહોળાઈ અને તેનું ઊંડાણ જાળવી રાખવા સતત ડ્રેજિંગ થતું રહે છે.

અકવાડાનો વ્હાર્ફ ૧૨૬·૮ મીટર લાંબો છે. લાઈટરો, ટગ અને લૉંચ અહીં રાખવામાં આવે છે. રેલવે સાઇડિંગની પણ અહીં સગવડ છે. વહાણોને માટે અહીં લાકડાંની ઢાળવાળી જેટી છે.

વહાણો અને લૉંચ વગેરેની મરામત માટે ૧૨૩૦ ચો.મી. ક્ષેત્રફળવાળો એક ડ્રાયડૉક તથા એક વર્કશૉપની પણ આ બંદરે સગવડ છે.

માલવહન તથા ખાડીમાંથી ઉલેચાતા કાદવની હેરફેર માટે આ બંદર પાસે ૨૭ બજરા છે. આ ઉપરાંત ૧૬ ટગ અને ૩ લૉંચ છે. બેથી પાંચ ટનની ક્રેઇન પણ અહીં છે. સમુદ્રના પ્રવાહ સાથે છેક લક્ષદ્વીપ-માલદીવ સુધી પહોંચતો નર્મદા નદીના કાંપ ભાવનગર બંદર માટે એક શાપ સમાન હોઈ અહીંની બેઝિન (અનુસંધાન પૃષ્ઠ ૨૮)

સત્યજિત રાયની એક રહસ્યકથા

ઍટેચીની અદલબદલ

—સુકન્યા ઝવેરી—

કૅપ્ટન સ્કૉટની દાક્ષિણ ધ્રુવની કરુણાંત શોધસફરનું રોમાંચક પુસ્તક હમણાં પૂરું કર્યું ત્યારે કલ્પના પણ નહોતી કે થોડા જ દિવસોમાં અમારે પણ બરફીલો પ્રદેશ ખૂંદવા જવું પડશે. જો કે બરફીલો પ્રદેશ કહું છું એટલે કોઈ ઉત્તર કે દક્ષિણનો ધ્રુવપ્રદેશ ધારી ન લેશો. એ પ્રદેશોમાં તો ફેલુદાને કોઈ રહસ્યનો તાગ લેવા જવાનું થાય એવું હું માનતો ય નથી. પણ અમારે જ્યાં જવાનું થયું ત્યારે ત્યાં આકાશમાંથી પિંજએલા રૂની પૂમ જેવો બરફ વરસતો હતો. જમીન ઉપર જામેલા એના દળદાર થર સામે તડકામાં તો આંખ પણ માંડી ન શકાય. વિશાળ પટમાં ફેલાએલા એના શ્વેત ઉજ્જ્વળ આવરણથી આંખ અંજાઈ જાય. અને બરફ પોચો એવો કે દોથો ભરી હાથમાં લઈ તેના ગોળા બનાવીને છોકરાં સામસામાં ફેંકમાર કરી રમે.

અમારા આ શોધસાહસની શરૂઆત થઈ ગયા માર્ચના એક ગુરુવારની સવારે. ડિટેક્ટિવ તરીકે ફેલુદાની હવે સારી એવી નામના થઈ ગઈ છે, એટલે અવારનવાર લોકો હવે સામેથી એમને કામ સોંપવા આવે છે. પણ ફેલુદા પોતાની બુદ્ધિ કસવાની તક મળે એવા કેસ હોય તો જ એ સ્વીકારે છે. આ વખતનો કેસ આરંભમાં તો ખાસ કંઈ દમવાળો લાગ્યો નહોતો, પણ લાગે છે કે ફેલુદામાં કોઈ એવી ક્ષમતા છે કે જેને લીધે એને આ કેસમાં શી ખબર શાની ગંધ આવી હશે તે એણે આ કામ લેવા તૈયારી બતાવી. આવનાર વ્યક્તિ ખાસ્સા ધનવાન લાગતા હતા, એટલે આ કામમાં કદાચ ફેલુદાને સારું એવું વળતર મેળવવાનો યે ખયાલ હોય. મેં એને આ પૂછ્યું ત્યારે તેણે એવા તો ડોળા તતડાવેલા કે પછી હું ચૂપ જ થઈ ગયો.

આવનાર સજ્જન હતા દીનાનાથ લાહિડી. બુધવારે સાંજે એમણે ફોન કરીને ગુરુવારે સવારે સાડા આઠે ફેલુદાને મળવાનો સમય નક્કી કરી લીધો હતો. અને બરાબર સવારે સાડા આઠે જ અમારા તારા રોડના મકાન સામે એમની ગાડી આવીને ઊભી રહ્યાનો અવાજ સંભળાયો. એ ગાડીનું હૉર્ન કંઈક અજબ તરાહનું હતું. સાંભળતાં જ હું ઊઠીને બારણા તરફ દોડયો, પણ ફેલુદાએ ઈશારો કરી મને અટકાવતાં કહ્યું, 'આટલો અધીરો ન થા, ડોરબેલ તો વાગવા દે.'

અને બેલ વાગતાં મેં બારણું ખોલ્યું, એ સાથે જ મારી નજર એ સજ્જનની ગાડી પર પડી. આવી મોટી પ્રભાવશાળી ગાડી મેં એક રોલ્સ રોઇસ સિવાય ક્યારેય જોઈ નહોતી. સજ્જનનું પોતાનું વ્યક્તિત્વ પણ એવું જ પ્રભાવક હતું. ગોરો ગફલો દેહ, લગભગ પંચાવન આસપાસની વય, દૂધ જેવાં ઊજળાં સફેદ ધોતીકુર્તું અને પગમાં ચાંચવાળી સફેદ મોજડી, ડાબા હાથમાં હાથીદાંત જડેલા હાથાવાળી લાકડી અને જમણા હાથમાં બ્લ્યૂ રંગની ઍટેચી. આવી ઍટેચી બહુ જોઈ છે મેં. અમારા ઘરમાં જ બે તો છે—એક બાપુજીની, બીજી ફેલુદાની. 'એર ઇન્ડિયા' એના પ્રવાસીઓને એ ભેટ આપે છે.

આવનાર સજ્જનને અમારા ઘરની સારામાં સારી આર્મચેરમાં ફેલુદાએ બેસાર્યા અને પોતે એમની સામે એક ખુરશી પર બેઠા.

'મેં જ કાલે તમને ફોન કર્યો હતો. મારું નામ દીનાનાથ લાહિડી.' આવનારે પોતાની ઓળખ આપી.

'તમે કંઈ કહો એ પહેલાં હું બે સવાલ પૂછું?' ફેલુદાએ ગળું ખોંખારતાં પૂછ્યું; અને દીનાનાથે સંમતિ આપતાં એણે કહ્યું:

'એક તો એ કે તમને ચા પીવામાં કશો વાંધો નથી ને?'

સજ્જને બે હાથ જોડી માથું નમાવતાં કહ્યું, 'જુઓ, તમે માઠું ન લગાડશો, મિસ્ટર મિત્તિર, પણ મને કસમયે કંઈપણ ખાવાપીવાની આદત નથી. તમારો આ ચાનો સમય હોય તો તમે ખુશીથી પીઓ.'

'અચ્છા. હવે બીજો સવાલ. તમારી ગાડી 'હિસ્પાનો સ્વીઝ' છે ને?'

'હા, આ જાતની ગાડી આપણા દેશમાં બહુ નથી. થર્ટીઝમાં મારા પિતાજીએ ખરીદી હતી. તમને ગાડીમાં ઈન્ટરેસ્ટ છે?'

'હું ઘણી બધી બાબતમાં ઈન્ટરેસ્ટેડ છું.' ફેલુદાએ જરા હસીને કહ્યું, 'પણ એ બધું મારા વ્યવસાયને ખાતર જ.'

'આઈ સી! જે હોય તે. જે માટે હું તમારી પાસે આવ્યો છું તે બાબત કદાચ તમને સાવ તુચ્છ પણ લાગશે. તમારા રેપ્યુટેશનથી હું વાકેફ છું એટલે ભારપૂર્વક તો તમને નહિ કહી શકું, પણ અનુરોધ કરીશ કે તમે મારો કેસ સ્વીકારો.' સજ્જનના અવાજ અને બોલવાની રીતમાં એમનું આભિજાત્ય સ્પષ્ટ દેખાઈ આવતું હતું. મોટાઈના અભિમાનનો જરાશો સ્પર્શ પણ તેમાં હતો નહિ.

'જો તમારા કેસની વાત કરો તો...'

મિસ્ટર લાહિડી મૃદુ હસી પાસે ટેબલ પર મૂકેલી એમની ઍટેચી બતાવતા બોલ્યા, 'આને લગતી જ વાત છે.'

એના પર એક નજર ફેરવી લઈ ફેલુદા બોલ્યા, 'આ તો ઘણી વાર પરદેશ ગઈ હોય તેમ લાગે છે. ટૅગ્સ બધાં તોડી નાખ્યાં છે. પણ તેની બૅન્ડ્સ હજી હૅન્ડલ પર જ છે. એક, બે, ત્રણ...'

'મારી ઍટેચીના હૅન્ડલ ઉપર પણ આ જ રીતે રબ્બર બૅન્ડ લાગેલા છે.' સજ્જને વચ્ચે જ કહ્યું.

'તમારી ઍટેચીને? એટલે આ ઍટેચી તમારી નથી?'

'ના. કોઈ બીજાની છે અને મારી સાથે બદલાઈ ગઈ છે.'

'આઈ સી! શી રીતે બદલાઈ ગઈ? ટ્રેનમાં કે પ્લેનમાં?'

'ટ્રેનમાં—કાલકા મેલમાં. હું દિલ્હીથી આવતો હતો. ફર્સ્ટ ક્લાસના કમ્પાર્ટમેન્ટમાં અમે ચાર જણ હતા. તેમાંના જ કોઈ એકની સાથે આ બદલાઈ ગઈ છે.'

'એટલે કે તમે નથી જાણતા કોની સાથે બદલાઈ છે.'

'એ જાણતો હોત તો તમારી પાસે આવવું જ ન પડત.'

'તમારી સાથે કમ્પાર્ટમેન્ટમાં બીજા ત્રણ કોણ હતા એ પણ કદાચ નહિ જાણતા હો.'

'એક બંગાળી હતા—પકડાશી સરનેઈમ હતી. દિલ્હીથી ટ્રેઈનમાં સાથે જ હતા.'

'એની સરનેઈમ શી રીતે જાણી?'

'બીજા એક પ્રવાસી એમના ઓળખીતા નીકળ્યા. કંપાર્ટમેન્ટમાં આવ્યા ત્યારે એમને જોઇને 'હલો મિસ્ટર પકડાશી' કહી બોલાવેલા. એ બંનેની વાતો પરથી લાગ્યું કે બેઉ જણ કંઈ સમાન વ્યવસાય કરતા હશે. ટેન્ડર, કૉન્ટ્રેક્ટ વગેરે શબ્દો બેચાર વાર મેં સાંભળેલા.'

'એ ત્રીજા પ્રવાસીના નામની કંઈ ખબર છે?'

'ના. પણ તેઓ બંગાળી લાગતા નહોતા. બંગાળી બોલતા હતા,

અને સારું બંગાળી બોલતા હતા. એમની વાત પરથી લાગ્યું કે એ સિમલાથી આવતા હતા.'

'અને ચોથી વ્યક્તિ કોણ હતી?'

એ મોટા ભાગે બંક ઉપર જ રહ્યા હતા, માત્ર લંચ અને ડિનર વખતે જ નીચે ઊતરેલા. તેઓ પણ બંગાળી નહોતા. દિલ્હીથી જ ટ્રેનમાં સાથે હતા. ગાડી ઊપડયા પછી થોડી વારે એમણે મને એક ઍપલ ઑફર કરેલું. કહે કે એ એમના પોતાના જ ઑર્ચર્ડનું હતું. મને લાગે છે કે તેઓ પણ કદાચ સિમલાના જ હશે અને ત્યાં જ એમની વાડી હશે.'

'તમે ઍપલ ખાધું હતું?'

'હા જ તો. ખૂબ જ સ્વાદિષ્ટ હતું એ.'

'તો પછી ટ્રેનમાં તમે સમયકસમયનો નિયમ પાળતા નથી, ખરું?' ફેલુદાએ હોઠ મરકાવતાં પૂછયું.

સજ્જન ખડખડાટ હસી પડયા. 'બરાબર ફસાવ્યો! તમારી નજર-માંથી છટકવું કઠીન છે. પણ તમે ખરું જ કહો છો. ચાલતી ટ્રેનમાં નિયમો પાળવા મન હમેશાં તૈયાર નથી થતું.'

'એક્સક્યુઝ મી. મેં તો જરા મજાક કરી.' ફેલુદાએ કહ્યું, પછી પૂછયું, 'તમે કોણ ક્યાં બેઠા હતા એ જાણવા મળે તો સારું પડશે.'

'હા કહું તમને. હું લોઅર બર્થ ઉપર હતો. મારી ઉપરની બર્થ પર મિ. પકડાશી, મારી સામે ઉપરની બર્થમાં ઍપલવાળા સજ્જન ને નીચે પેલા અ-બંગાળી બિઝનેસમૅન – મિ. પકડાશીના ઓળખીતા.'

થોડી વાર મૌન રહી ફેલુદા બંને હથેળી મસળી આંગળીના ટાચકા ફોડતાં બોલ્યા, 'ઈફ્ યૂ ડૉન્ટ માઈન્ડ, હું જરા ચાનું કહેવરાવું. ઇચ્છા થાય તો તમે પીજો.' પછી મને કહે, 'તોપસે! જા તો, જરા જલ્દી.'

દોડતો અંદર જઇને હું શ્રીનાથને ચાનું કહી પાછો આવ્યો ત્યારે ફેલુદા પેલી ઍટચી ખોલીને જોતા હતા.

'આને ચાવી મારેલી હતી કે નહિ?' ફેલુદાએ પૂછયું.

'ના. મારી ઍટચીને યે નહોતી મારેલી. એટલે જેમની પાસે એ ગઈ હશે એ પણ અનાયાસે ખોલીને જોઈ શકયું હશે કે તેમાં શું હતું. જો કે એમાં યે બધી મામૂલી ચીજો જ હતી.'

આ ઍટચીમાં યે એવું જ હતું. સાબુ, દાંતિયો, બ્રશ, ટૂથબ્રશ ટૂથપેસ્ટ, દાઢી કરવા માટેનો સામાન, ગડી કરીને રાખેલાં બે છાપાં, એક પેપરબૅક પુસ્તક વગેરે સિવાય ખાસ કંઈ દેખાયું નહિ.

'તમારી ઍટચીમાં કિંમતી કહી શકાય એવું કંઈ હતું?'

'નથિંગ. આમાં છે એથી યે ઓછી કિંમતી વસ્તુઓ હતી તેમાં. હા, વધારામાં એક લેખ હતો–હસ્તપ્રત, એક પ્રવાસકથા. ટ્રેનમાં વાંચવા મેં સાથે રાખેલી. સરસ હતી એ તિબેટની એક ઘટના.'

'તિબેટની ઘટના?' ફેલુદાનું કુતૂહલ વધી ગયું લાગ્યું.

'હા, છેક ઈ. ૧૯૧૭માં લખાએલી. લેખકનું નામ શંભુચરણ બોસ. હું માનું છું કે મારા મોટાકાકા સાથે એ હસ્તપ્રત આવી હતી. કારણ એ મારા મોટાકાકાને અર્પિત થએલી હતી. મારા મોટાકાકા એટલે સતી-નાથ ભાદુડી. કાઠમંડુમાં રહેતા. ત્યાંના રાણાઓના ફૅમિલીમાં એ પ્રાઇવેટ ટ્યૂટર હતા. બહુ બીમાર થઈ મુશ્કેલીથી હરીફરી શકે એવી સ્થિતિમાં એ દેશમાં પાછા ફર્યા હતા – પિસ્તાળીસ વર્ષ પહેલાં. પછી થોડા દિવસોમાં જ એમનું અવસાન થયું. એ પોતાનો જે સરસામાન સાથે લાવેલા તેમાં એક નેપાળી પેટી હતી. અમારા સ્ટોર રૂમમાં એક અભરાઈ પર એ પડી રહેતી. ઘરમાં એ હોવાનું યે હું લગભગ વિસરી ગએલો. થોડા સમય પર ઘરમાં વાંદા–ઊંદર વધી જતાં પેસ્ટ કન્ટ્રોલ-વાળાને બોલાવ્યા હતા, ત્યારે આ પેટી ઉતારવી પડી. એમાંથી આ હસ્તપ્રત મળી, તે મેં વાંચવા કાઢેલી.'

'કેટલો સમય થયો આ વાતને?'

'આ હું દિલ્હી ગયો તેના આગલા દિવસે.'

પણ આ દરમિયાન 'શંભુચરણ... શંભુચરણ' બબડતા ફેલુદા કંઈ યાદ કરવા મથી રહ્યા હતા.

'ગમે તેમ,' મિ. લાહિડી બોલ્યા, 'આ હસ્તપ્રત, અલબત્ત, સરસ પ્રવાસકથા હતી, પણ મારે મન એનું કોઈ વિશેષ મહત્ત્વ નથી. ખરું કહું તો મને મારી ઍટચી પાછી મેળવવાનો યે બહુ આગ્રહ નથી. અને આ ઍટચી યે તમે જોઈ, તેના માલિકની ભાળ મળવાની યે બહુ આશા નહોતી, એટલે મેં એ મારા ભત્રિજાને આપી દીધી હતી. પણ પછી પરમ દિવસે રાત્રે મારા મનમાં થયું કે ભલે આ બધી ચીજોનું મારે મન મહત્ત્વ ન હોય, પણ એના માલિકને મન એ મૂલ્યવાન પણ હોઈ શકે. જેમ કે આ રૂમાલ. એમાં ભરત કરીને 'જી' (G) અક્ષર ભર્યો છે. શી ખબર એ કોણે ભર્યો હશે? કદાચ ઍટચીના માલિકની પત્નીએ એ ભર્યો હોય. આજે એ કદાચ જીવિત ન પણ હોય! અને એથી એની એક સ્મૃતિ રૂપે આ રૂમાલનું એના માલિકને મન અત્યંત મહત્ત્વ હોય. આવાઆવા વિચારોથી મારું મન અત્યંત બેચેન બની ગયું. આથી આજે મારા ભત્રિજાના રૂમમાંથી આ ઍટચી ઉપાડી હું તમારી પાસે લઈ આવ્યો છું. મારી ઍટચી મને પાછી મળે કે ન મળે, પણ આ ઍટચી એના માલિકને મળી જાય તો એથી મારા જીવને શાંતિ વળશે.'

ચા આવી. ફેલુદા હમણાંહમણાં ચાની બાબતમાં બહુ ચોખળા થઈ ગયા છે. આ ચા કાર્સિયંગની મોકાઈવાડી ટી-એસ્ટેટમાંથી આવે છે. ચાનો પ્યાલો સામે આવતાં જ એની એક આગવી સોડમ ચોપાસ ફેલાવા માંડે. ચાનો એક ઘૂંટડો લઈ ફેલુદાએ પૂછયું, 'ટ્રેનમાં તમે તમારી ઍટચી વારંવાર ખોલેલી ખરી?'

'માત્ર બેએક વાર. સવારે દિલ્હીથી ટ્રેનમાં બેઠા પછી થોડી વારે પેલી હસ્તપ્રત વાંચવા કાઢી ત્યારે, અને રાતે સૂતાં પહેલાં એ પાછી અંદર મૂકી ત્યારે.'

ફેલુદાએ એક ચારમિનાર પેટાવી. દીનાનાથબાબુ સિગારેટ નથી પીતા. ધુમાડાની બેએક રિંગ છોડી ફેલુદા બોલ્યા, 'તો તમે ઇચ્છો છો કે આ ઍટચી જેની છે તેને પહોંચાડી તમારી ઍટચી લાવી આપવી, એમ જ ને?'

'હતાશ થઈ ગયા ખરું? કેસ તદ્દન માલ વિનાનો લાગે છે તમને?'

માથા પર હાથ ફેરવતાં ફેલુદાએ કહ્યું, 'ના, એવું નથી. તમારો સેન્ટિમેન્ટ હું સમજું છું. મારી પાસે જે કેસ આવે છે એ બધાની સરખા-મણીમાં આ કેસમાં જે એક વિશિષ્ટતા છે તેનો અસ્વીકાર કેમ થઈ શકે?'

દીનાનાથબાબુને આ સાંભળી જાણે કે નિરાંત થતી લાગી. એક લાંબો શ્વાસ છોડી એ બોલ્યા, 'તમે આ કેસ હાથમાં લેવા તૈયાર થયા એ જ મારે માટે ઘણું છે.'

'મારાથી શકય બધા પયત્ન હું કરીશ. છતાં તમે સમજી શકશો કે આ સ્થિતિમાં કોઈ બાંહેધરી આપવી શકય નથી. ખેર, હવે તમારી પાસેથી કેટલીક હકીકતો જાણવા માગું છું. કહી ફેલુદા ઊભા થયા અને પોતાના બેડરૂમમાંથી એમની જાણીતી લીલી નોટબુક લઈ આવ્યા. પછી હાથમાં પેનસિલ લઈ એમણે પ્રશ્નો પૂછવા માંડયા :

'તમે દિલ્હીથી કઈ તારીખે નીકળ્યા?'

'પાંચમી માર્ચે રવિવારે સવારે સાડા છ વાગ્યે. બીજે દિવસે-સોમવારે સાડા નવે અહીં કલકત્તા પહોંચ્યો.'

'આજે નવમી તારીખ થઈ, એટલે કે ચોથે દહાડે, કાલે રાતે તમે અને ફોન કર્યો.'

પછી ફેલુદાએ પેલી ઍટેચીમાંથી કૉડાક ફિલ્મની એક ડબ્બી બહાર કાઢી તેનું ઢાંકણું ખોલ્યું. અંદરથી સોપારીના ટુકડા નીકળ્યા તેમાંથી એક લઈ પોતાના મોંમાં મૂકતાં પૂછ્યું, 'તમારી ઍટેચીમાં એવું કંઈ હતું ખરું કે જેના પરથી તમારું નામ-ઠેકાણું મળી શકે?'

'બનતાં સુધી તો એવું કંઈ નહોતું.'

'હં ! હવે તમારી સાથેના ત્રણેય પ્રવાસીઓનું વર્ણન નોંધવું છે, જો તમે જરા હેલ્પ કરો તો.'

માથું ઊંચું કરી થોડી વાર છત તરફ તાકી રહી દીનાનાથબાબુએ કહ્યું, 'એક તો મિ. પકડાશી. એની ઉમર મારા કરતાં મોટી – સાઠ-પાંસઠ હશે. વાન ઘઉંવર્ણો. બૅકબ્રશ કરેલા કાળાધોળા વાળ, આંખે ચશ્માં, અવાજ કર્કશ.'

'સરસ. હવે બીજા જણ.'

'જેમણે ઍપલ આપેલું એમનો વાન ગોરો, એકવડો બાંધો, અણિયાળું નાક, સોનેરી ફ્રેમવાળાં ચશ્માં, દાઢીમૂછ ક્લીન-શેવ્ડ, માથે ટાલ, કેવળ કાન પાસે સફેદ વાળ, અંગ્રેજી ઉચ્ચારણ લગભગ અંગ્રેજ સાહેબલોક જેવું, શરદી થઈ હતી તેથી ટીસ્યુથી નાક સાફ કરતા હતા.'

'ઓહો ! ખરેખરા સાહેબ ! અચ્છા, ત્રીજા સજ્જન ?'

'બરાબર યાદ રહે એવો દેખાવ તો નહોતો. હા, અમારા ચારેયમાં એ જ એક શાકાહારી. લંચ અને ડિનર વખતે એમણે વેજિટેરીઅન થાળી જ લીધેલી.'

ફેલુદાએ આ બધી વિગતો નોંધી લીધી. પછી પૂછ્યું, 'આ ઉપરાંત, બીજું ખાસ કંઈ યાદ આવે છે ?'

માથું હલાવી દીનાનાથબાબુએ કહ્યું, 'બીજું તો ખાસ કંઈ કહેવા જેવું સાંભરતું નથી. દિવસ તો આખો મારું ધ્યાન પેલી પ્રવાસકથા વાંચવામાં હતું. રાતે ડિનર લીધા પછી થોડી જ વારમાં ઊંઘી ગયો. આમ તો ટ્રેનમાં મને આટલી સારી ઊંઘ આવતી નથી. પણ એ રાતે ઘસઘસાટ ઊંઘ્યો. છેક હાવડા આવ્યું ત્યારે ઊઠ્યો, અને તે યે મિ. પકડાશીએ જગાડ્યો ત્યારે.'

'એનો અર્થ એ કે તમે જ સૌથી છેલ્લા ડબામાંથી ઊતર્યા ?'

'હા, એવું જ થએલું.'

'અને એ પહેલાં જ તમારી ઍટેચી પેલા ત્રણમાંથી એક સાથે ચાલી ગઈ.'

'એમ જ થયું હશે.'

'વેરી ગુડ.' કહી ફેલુદાએ પોતાની નોટબુક બંધ કરી. પેનસિલ ખિસ્સામાં મૂકી કહ્યું, 'અચ્છા, જોઉં છું આ અંગે હું શું કરી શકું છું તે.'

દીનાનાથબાબુ જવા માટે ઊભા થતાં બોલ્યા, આ બાબતમાં તમારું પારિશ્રમિક તો હું આપીશ જ, એ સિવાય તમારે જે કંઈ રખડપટ્ટી કરવી પડે, ને તે ઉપરાંત પણ બીજો જે પરચૂરણ ખર્ચ કરવો પડે એ માટે હું તમને આ થોડા રૂપિયા આપું છું તે રાખો.' આટલું કહી એમણે ખિસ્સામાંથી એક સફેદ કવર કાઢી ફેલુદાને આપ્યું. અને ફેલુદાએ પણ અસલ વિલાયતી ઢબે 'ઑહ થૅંક યૂ' કહી એ કવર લઇને પેનસિલની પાછળ પોતાના ખિસ્સામાં મૂકી દીધું.

જતાંજતાં દીનાનાથબાબુ કહેતા ગયા, 'ડિરેક્ટરીમાં મારો ફોન નંબર છે. કંઈ જાણવા મળે કે કાઈન્ડલી તુરત મને જાણ કરજો. એ તો ઠીક, પણ તમે સીધેસીધા મારા ઘેર પણ આવી શકો છો. સાંજે આવશો તો હું ચોક્કસ મળીશ.'

પીળા રંગની એમની હિસ્પાની સ્વીઝા એનું ગંભીર શંખનાદ જેવું હૉર્ન વગાડી, આસપાસ એકઠા થએલા લોકોને અવાક્ કરતી રાસબિહારી ઍવન્યૂ તરફ ચાલી ગઈ. અમે બંને ડ્રૉઈંગરૂમમાં પાછા આવ્યા. જે ખુરશી ઉપર દીનાનાથબાબુને બેસાર્યા હતા તેના ઉપર બેસીને ફેલુદાએ પગ પર પગ ચડાવી આળસ મરડ્યું અને બોલ્યા, 'આવા અભિજાત સજ્જનો પચીસેક વર્ષ પછી શોધ્યા યે નહિ મળે.'

પેલી ઍટેચી ટેબલ ઉપર જ પડી હતી. ફેલુદાએ એની અંદરની વસ્તુઓ એક પછી એક બહાર કાઢી પાથરી દીધી. અતિ સાધારણ એવી એ બધી વસ્તુઓની કુલ કિંમત પચ્ચીસ-ત્રીસ રૂપિયાની યે નહિ હોય. ફેલુદા કહે, 'તોપસે, તું એકએક કરીને બોલતો જા, હું નોંધી લઉં.' બધું મળીને લિસ્ટ તૈયાર થયું તે આ પ્રમાણે હતું:

૧) ગડી કરીને રાખેલાં દિલ્હીનાં બે છાપાં—'ધ સનડે સ્ટેટ્સમૅન' અને 'ધ હિંદુસ્તાન ટાઈમ્સ.' ૨) બિનાકા ટૂથપેસ્ટ. વપરાએલો નીચેનો અર્ધભાગ દબાવીને વાળી નાખેલો. ૩) લીલા રંગનું એક બિનાકા ટૂથબ્રશ. ૪) સેફ્ટી રેઝર–જિલેટનું. ૫) જિલેટની ત્રણ થિન બ્લૅડ, એના પૅકેટમાં. ૬) લગભગ પૂરું થઈ જવા આવેલુ 'ઑલ્ડ સ્પાઈસ શેવિંગ ક્રીમ' ૭) શેવિંગ બ્રશ. ૮) નેઈલકટર–બહુ જૂનું. ૯) એસ્પ્રોની ત્રણ ગોળી–સ્ટ્રિપ પૅકિંગમાં, ૧૦) ગડી કરેલો કલકત્તા શહેરનો મોટો નકશો, લગભગ ચાર બાય પાંચ ફૂટનો. ૧૧) કૉડાક ફિલ્મની ડબ્બીમાં સોપારીના ટુકડા. ૧૨) લાલ-ભૂરી પેનસિલ, વિનસની, બંને બાજુ છોલેલી ને થોડી વપરાએલી. ૧૩) માચિસ–એકા માર્કનું વગર વપરાએલું. ૧૪) હાથ રૂમાલ–ગડી કરીને રાખેલો, એક ખૂણા પર જી (G) અક્ષર ભરેલો. ૧૫) મુરાદાબાદી નાનું ચપ્પુ – પેનનાઈફ. ૧૬) હાથ-મોં લૂછવા નાનો નેપકિન – સફેદ રંગનો. ૧૭) કટાએલી એક સેફ્ટી પિન-મધ્યમ-સાઈઝની ૧૮) કટાએલી ત્રણ યુ પિન. ૧૯) શર્ટનું એક બટન. ૨૦) પેપરબૅક ચોપડી – એલરી ક્વીનની 'ધ ડોર બિટ્વિન.'

લિસ્ટ બનાવી લીધા પછી ફેલુદાએ ચોપડી હાથમાં લઈ આમતેમ ફેરવી પાનાં ઉથલાવીને જોઈ. 'વ્હીલર' કંપનીનો રબ્બર સ્ટૅમ્પ છે, પણ ખરીદનારે પોતાનું નામ લખ્યું નથી. એ સજ્જનને પાનાં વાળીને વાંચવાની ટેવ છે. બસો છત્રીસ પાનાંની ચોપડી. છેલ્લે બસો બારમું પાનું વાળેલું છે. તે પછી આગળ એકેય પાનું વાળેલું નથી, એ પરથી લાગે છે કે કાં તો એમણે પછીનાં બધાં પાનાં એક સાથે વાંચી લીધાં હશે, અથવા બસો બાર પાનાં સુધી જ વાંચ્યું હશે.'

એ પછી ફેલુદાએ હાથરૂમાલ જોવા માંડ્યો. 'સજ્જનનું નામ અથવા અટકનો પહેલો અક્ષર 'જી' (ગ) છે. સંભવ છે કે એમના નામનો જ આ પ્રથમાક્ષર હશે, કારણ એ જ લખવું સ્વાભાવિક છે.'

રૂમાલ પછી ફેલુદાએ કલકત્તા શહેરનો નકશો ટેબલ ઉપર પાથર્યો. જોતાંજોતાં એક જગ્યાએ એની નજર અટકી ગઈ. પછી બીજે નજર ફેરવી લઈ બોલ્યા, લાલ પેનસિલ વડે નિશાન કરેલાં છે. એક, બે, ત્રણ, ચાર અને પાંચ, ચૌરંગી...ચૌરંગી, પાર્ક સ્ટ્રીટ... હં! ઠીક છે.' પછી મને ટેલિફોન ડિરેક્ટરી આપવા કહ્યું.

અંતે મૅપને સંકેલીને ઍટેચીમાં મૂકી ડિરેક્ટરીનાં પાનાં ઊથલાવવા માંડ્યાં. 'સારું છે કે એક નામ-પકડાશી આપણે જાણીએ છીએ.' પછી 'પી' અક્ષરનાં પાનાંઓ પર નજર ફેરવતાં બોલ્યા, બધા મળીને માત્ર સોળ પકડાશીને ત્યાં ફોન છે. એમાં બે તો ડૉક્ટર છે, એટલે એ બંનેને બાદ જ કરી નાખવાના.'

'કેમ ? એ બેને શા માટે બાદ કર્યા ?' મેં પૂછ્યું.

'ભૂલી ગયો ? ટ્રેનમાં પકડાશીના પેલા પરિચિત માણસે એમને

'મિસ્ટર પકડાશી' કહીને સંબોધન કરેલું, ડૉક્ટર કહીને નહિ.'

ફેલુદાએ એક પછી એક પકડાશીઓને ફોન કરવા માંડયા. સામેથી જવાબ મળતાં જ એ પૂછતા, 'મિસ્ટર પકડાશી દિલ્હીથી પાછા આવી ગયા?' પાંચેક ફોનનો જવાબ સાંભળી 'સૉરી' કહી એણે ફોન મૂકી દીધા. છઠ્ઠી વારે એને જોઈતા મિ. પકડાશી મળી ગયા લાગ્યા, કારણ થોડી વાર સુધી એમની સાથે વાતો કરી અંતે 'આભાર' કહી એણે ફોન બંધ કર્યો. પછી કહે, 'મળી ગયા. મિ. પકડાશીએ પોતે જ વાત કરી. એમનું નામ છે એન. સી. પકડાશી. પરમ દિવસે સવારે એ દિલ્હીથી આવ્યા છે, કાલકા મેલમાં જ. દીનાનાથબાબુએ આપેલી ઓળખ પ્રમાણે બધું બંધબેસતું લાગે છે. પણ એમની ઍટેચી બદલાઈ નથી.'

'તો પછી તમે સાંજે એમને મળવા માટે ઍપોઈન્ટમેન્ટ કેમ લીધી?'

'કંપાર્ટમેન્ટમાં એમની સાથેના બીજા પ્રવાસીઓ વિષે તેઓ પણ કંઈક માહિતી આપી શકે ને? જો કે આ મિ. પકડાશીનો સ્વભાવ રુક્ષ લાગે છે. પણ એમ કંઈ ફેલુ મિત્તિર ગભરાઈ જાય તેમ નથી.' પછી કહે, 'તોપસે, ચાલ જરા બહાર જઈએ.'

'કેમ અત્યારે? સાંજે મિ. પકડાશી પાસે જવાનું જ છે ને?'

'એ અગાઉ સિંધુકાકાને મળવાની જરૂર છે. ચાલ તૈયાર થઈ જા.'

સિંધુકાકા સગપણમાં અમારા કાકા નથી, પણ મારા જન્મ પહેલાં બાપુ જ્યારે દેશમાં રહેતા હતા ત્યારે અમારી પડોશમાં એ રહેતા. બંને પાકા મિત્રો એટલે અમે એમને સિંધુકાકા જ કહેતા. ફેલુદા કહે છે કે સિંધુકાકા જેમ આટલા બધા વિષયોમાં આટલું બધું જ્ઞાન અને આટલી અદ્ભુત સ્મરણશક્તિ બહુ જ ઓછા માણસોમાં જોવા મળે છે. તેઓ પણ કલકત્તામાં વર્ષોથી સ્થાયી થયા છે. ફેલુદા એમને ઘણી વાર મળતા રહે છે ને ઘણી માહિતી મેળવે છે. આજે એને સિંધુકાકાનું શું કામ પડયું હશે એ પ્રથમ તો મને સમજાયું નહિ પણ જ્યારે એણે એમને પૂછ્યું કે તુરત હું સમજી ગયો.

એકબીજાના ખબરઅંતર પૂછી ફેલુદાએ સીધું જ પૂછ્યું, 'સાઠેક વર્ષ પહેલાં શંભુચરણ બોસ નામે કોઈ એક લેખક ભ્રમણકથાઓ લખતા હતા એવી કોઈ તમને ખબર છે? એ અંગ્રેજીમાં લખતા.'

પ્રશ્ન સાંભળતાં જ સિંધુકાકાની આંખો પહોળી થઈ ગઈ. 'શું કહે છે ફેલુ? એમની લખેલી તેરાઈની ભ્રમણકથા તેં વાંચી નથી?'

'અરે હા, હા. હવે યાદ આવી ગયું. જ્યારથી સાંભળ્યું ત્યારથી એ સજ્જનનું નામ પરિચિત લાગ્યા કરતું હતું. જો કે એમનું એ પુસ્તક હજી મને મળ્યું નથી.'

'ટેરર્સ ઑવ તેરાઇ' તેનું નામ. ઈ. સ. ૧૯૧૫માં લંડનની કીગેન પાલ કંપનીએ તે પ્રકટ કરેલું. દુર્દાન્ત શિકારી અને પર્યટક હતા એ શંભુચરણ. વ્યવસાયે ડૉક્ટર, કાઠમંડુમાં પ્રૅક્ટિસ કરતા. ત્યારે નેપાલમાં હજી રાજા-બાજા નહોતા, રાણાઓ જ સર્વેસર્વા હતા. રાણા ફૅમિલીના અનેકને ભારેભારે રોગમાંથી સાજા કરી દીધા હતા એમણે. એના પુસ્તકમાં એક રાણા વિજયેન્દ્ર શમશેરજંગ બહાદુરની વાત છે. શિકારનો એ ખૂબ શોખિન અને પાછો પાક્કો દારૂડિયો. એક હાથમાં બંદૂક અને બીજા હાથમાં દારૂની બાટલી લઇને એ શિકાર માટે માચડા ઉપર બેસતો. પણ જાનવર દેખે કે એનો હાથ સ્ટડી થઈ જાય. પરંતુ એક વાર એ નિશાન ચૂક્યો ને વિફરેલો વાઘ માચડા પર કૂદી આવ્યા. પાસે જ બીજા માચડા ઉપર શંભુચરણ બેઠેલા. તુરત એમણે ગોળી છોડી અને નિશ્ચિત મૃત્યુમાંથી રાણાને ઉગારી લીધો. આ બદલ રાણાએ એમને એક મહામૂલ્ય રત્ન ભેટ આપી પોતાની કૃતજ્ઞતા દાખવી હતી. બહુ થ્રિલિંગ કથા છે એ! નૅશનલ લાયબ્રેરીમાંથી મેળવીને એ પુસ્તક વાંચી જા. બજારમાં એ ક્યાંય નહિ મળે.'

'અચ્છા, આ શંભુચરણ ક્યારેય તિબેટ ગયા હતા?'

'હા જ તો. ઢવેન્ટીવનમાં એ ગુજરી ગયા. ત્યારે હજી મેં બી.એ.ની પરીક્ષા આપી જ હતી. છાપાંમાં એક ઑબિચ્યુઅરી છપાએલી. તેમાં લખ્યું હતું કે રિટાયર થયા પછી તેઓ તિબેટ ગયા હતા. જો કે એમનું અવસાન કાઠમંડુમાં થએલું.'

'હં!' એટલો જ ઉદ્ગાર કાઢી ફેલુદા કંઈ વિચારમાં મૌન બની ગયા. પછી ધીમેધીમે સ્પષ્ટ ઉચ્ચાર સાથે પૂછ્યું, 'વારુ, ધારો કે આજે જો અચાનક એમનો તિબેટભ્રમણ વિષેનો અંગ્રેજીમાં લખાએલો એક અપ્રકાશિત મોટો લેખ મળી આવે તો એ હસ્તપ્રત મૂલ્યવાન ગણાય કે નહિ?'

'અરે બાપ રે!' સિંધુકાકા એકદમ ઉત્તેજિત થઈ બોલી ઊઠયા, 'શું કહે છે ફેલુ?! તેરાઈની કથા વિષે 'લંડન ટાઈમ્સે' શાં વખાણ કર્યાં હતાં! મને હજી યાદ છે એ. અને શંભુચરણનું અંગ્રેજી એટલું સાફ સ્વચ્છ ને રંગદાર! બિલકુલ સ્ફટિક જેવું. મેન્યુસ્ક્રિપ્ટ છે ને?'

'કદાચ એમ જ છે.'

'જો તારા હાથમાં આવે તો એક વાર મને જરૂર બતાવજે. અને જો ઑક્શનમાં વેચાવાની હોય તો તુરત મને જાણ કરજે. પાંચેક હજાર સુધીની બિડ કરવા હું તૈયાર છું.'

સિંધુકાકાને ત્યાં ગરમ કોકો પી અમે નીકળ્યા. રસ્તામાં મેં પૂછ્યું, 'મિસ્ટર લાહિડીની ઍટેચીમાં આવી કિંમતી વસ્તુ હતી એની એમને પોતાને ખબર જ નથી. તમે એમને એ કહેશો કે નહિ?'

'શી ઉતાવળ છે? પહેલાં તેલ જોઇએ તેલની ધાર જોઇએ; ને એમના કામની જવાબદારી તો મેં લીધી જ છે. આ વધારાની માહિતી મળતાં ઉત્સાહ વધ્યો છે.'

એન. સી. પકડાશી—નરેશચંદ્ર પકડાશીનું મકાન લેન્સડાઉન રોડ પર છે. જોતાં જ લાગે કે કમસેકમ ચાળીસેક વર્ષ જૂનું હશે. ફેલુદાએ મને શીખવી દીધું છે કે મકાનમાં ક્યાંક્યાં અંગ પરથી એની ઉંમરનો અંદાજ કાઢી શકાય. જેમકે પચાસ વર્ષ પહેલાં જે જાતની બારીઓ બનતી તે ચાલીસ વર્ષ પહેલાંના મકાનમાં જોવા ન મળે. આ જ રીતે બારામદા, ગૅલેરી, પૉર્ચના થાંભલા વગેરે પરથી મકાન કે બંગલો કેટલાં વર્ષ જૂનો હશે તે આંદાજી શકાય. આ મકાન ચોક્કસ ઓગણીસસો વીસથી ત્રીસના ગાળામાં બન્યું હશે.

ટૅક્સીમાંથી ઊતરતાં જ ગેટ પર લટકાવેલા પાટિયા ઉપર નજર પડી: 'કૂતરાથી સાવધ રહો.' વાંચીને ફેલુદા બોલ્યા, 'કૂતરાના માલિકથી પણ સાવધાન રહેવાનું લખ્યું હોત તો વધુ ઉચિત થાત!' ગેટ વટાવી પૉર્ચ નીચે પહોંચ્યા કે એક દરવાન સામો આવ્યો. ફેલુદાએ એના હાથમાં પોતાનું કાર્ડ–પ્રદોષ સી. મિત્તર પ્રાઇવેટ ઇન્વેસ્ટિગેટર લખેલું–પકડાવી દીધું. અંદર જઇને તુરત પાછા ફરી દરવાન અમને અંદર દોરી ગયો.

માર્બલ-જડિત લૅન્ડિંગ વટાવી, દસેક ફૂટ ઊંચા ભવ્ય બારણાના પર્દા હટાવી અમે જ્યાં દાખલ થયા એ એક વિશાળ દીવાનખંડ હતો. ખીચોખીચ પુસ્તકો ભરેલાં ઊંચાંઊંચાં કબાટો ઉપરાંત, ફર્નિચર, કાર્પેટ, મોટાં પેઇન્ટિંગ અને છતમાં લટકતા બત્તીના ભવ્ય ઝુમ્મર વગેરે બધું તો હતું જ, પણ એની ગોઠવણી અને સુઘડતા તથા સ્વચ્છતાનો અભાવ હતો. આ ઘરમાં ઝાડુ-પોતું મારવાની ખાસ કંઇ કાળજી રખાતી જણાઈ નહિ.

સુરેશ મોદી . . . . બ્રિજ

આ વખતનો કોયડો સરળ છે, પણ તેમાં અનેક વિકલ્પો છે. તેનો ઉકેલ જોતી વખતે અમુક સરળ વિકલ્પ વિગતે બતાવવાની હવે જરૂર નહિ પડે તેમ માનું છું. તે વિકલ્પ વાચકો પૂરેપૂરો જોઈ લેશે તો તેમને બધી બાબતનો સંપૂર્ણ વિચાર કરવાનો મહાવરો પડશે.

	S J 9 8 7 2 H 7 D 8 C A	
S. 6 5 4 3 H 10 6 D 10 C 5	ઉ પ પૂ દ	S K H — D J C K Q 10 8 7 6
	S — H A 9 D Q 9 C J 9 4 3	

હુકમ : ચોકટ

કોયડો : દક્ષિણે ઊતરવાનું અને ૭ હાથ કરવાના

દક્ષિણ પહેલી ઊતરે લાલનો એકો ઊતરે. પશ્ચિમ તેના પર (૧) દસો રમે કે (૨) છક્કો રમે. આ બન્ને મુખ્ય વિકલ્પો છે. બન્નેના પેટા વિકલ્પ પણ છે, પૂર્વ કાપે કે ન કાપે.

(૧) પશ્ચિમ દસો રમે અને પૂર્વ કાપે તો તેણે કુલ્લી ઊતરવી રહી. (કાળીની ઊતર પર ઉ. દ.ના કુલ સાત હાથ થાય તે વાચકો જોઈ શકશે) ઉત્તર કુલ્લીના એકાનો હાથ લઈ કાળી ઊતરે. દક્ષિણ પૂર્વનો રાજા કાળજીપૂર્વક રાણીથી કાપી, લાલના નવાનો હાથ લઇને, ચોકટના સાચવી રાખેલા નવાથી પશ્ચિમના દસાનો હાથ આપે. તેની પાસે ફક્ત કાળી જ બાકી હોઈ ઉત્તરના કાળીના પાનાંના બાકીના હાથ થાય.

પશ્ચિમ પહેલી ઊતરે લાલનો દસો રમે અને પૂર્વ તેને કાપવાને બદલે કુલ્લીનું પાનું ફેંકે તો દક્ષિણ લાલની ઊતર ચાલુ રાખે, અને ઉત્તરના હાથમાં કાપે. પૂર્વે તેને બારેથી કાપીને કુલ્લી ઊતરવી રહી. (આ સિવાય ઉ. દ.ના આઠેય હાથ થાય છે તે જોઈ લેશો.) કુલ્લીના એકાનો હાથ લઈ ઉપરના પેટા વિકલ્પ પ્રમાણે કાળીની ઊતરને રાણીથી કાપી હુકમમાં પશ્ચિમને હાથ આપવાથી ઉત્તરના હાથમાંના કાળીના બાકીનાં પાનાંના હાથ થાય છે.

(૨) પશ્ચિમ લાલનો છક્કો રમે અને પૂર્વ કાપે તો હવે તેણે કુલ્લી ઊતરવી રહી. ઉત્તર એકાનો હાથ લઈ કાળી ઊતરે જે હવે દક્ષિણ નવાથી કાપે, પશ્ચિમનો બાકીનો હુકમ રાણી પર પડાવી તેને લાલના દસાથી હાથ આપે. હવે પશ્ચિમ ફરજિયાત કાળી ઊતરે અને ઉત્તરના કાળીનાં પાનાંના હાથ આપે. પૂર્વને કાપે તો દક્ષિણ હુકમની રાણી ઉપર બાકીના હુકમ પડાવી કુલ્લીના એકાથી ઉત્તરને હાથ આપે. તે કાળી ઊતરે જે દક્ષિણ તેના બાકી રહેલા હુકમથી કાળી પશ્ચિમને લાલના દસાનો હાથ આપે ને બાકીના હાથ ઉત્તરના થાય. આમ ઉ. દ.ને કુલ સાત હાથ મળે.

અહીં ૧) વિકલ્પમાં બીજો પેટા વિકલ્પ સૌથી સુંદર છે. દક્ષિણની હુકમની રાણી ઉપર પૂર્વ તેમજ પશ્ચિમના હુકમ પડી જાય તેમ હતા, છતાં આ પેટા વિકલ્પમાં બન્નેને હુકમના એકએક અણધાર્યા હાથ મળે છે. દક્ષિણ આ રીતે હુકમના બે હાથનો ભોગ આપીને ઉત્તરની કાળીના હાથ કરવામાં સફળ બને છે. હુકમમાં આ રીતે હાથ આપવાને Trump Gambit કહે છે. આ પેટા વિકલ્પમાં તે બે વખત બનતું હોવાથી તેને Double Trump Gambit કહેવાય. □

મિ. પકડાશીને અમે આ દીવાનખંડની બાજુના ખંડમાં મળ્યા. લાગ્યું કે એ એમની ઑફિસ કે સ્ટડી રૂમ હતો. દીવાનખંડમાં પ્રવેશતાં જ અમે ટાઈપરાઈટરનો અવાજ સાંભળેલો, આ ખંડમાં આવતાં જોયું કે લીલા રેક્ઝિનથી મઢેલા એક મોટા ટેબલ ઉપર જૂના જમાનાનું એક જબ્બર ટાઈપરાઈટર સામે લઈને મિ. પકડાશી બેઠા હતા. તેમની સામે બાજુએ મુલાકાતીઓને બેસારવા માટે ત્રણ મોટા કોચ હતા ને તેની પાસે જ એક નીચું ગોળ ટેબલ હતું. એ ટેબલ ઉપર શતરંજનું એક બોર્ડ પડયું હતું, જેની ઉપર મહોરાં ગોઠવેલાં હતાં, ને પાસે જ શતરંજ વિષેનું એક પુસ્તક હતું. છેલ્લે જેના પર નજર પડી તે એક મોટો કૂતરો હતો. ટેબલની પાછળ કાર્પેટ ઉપર એ ગૂંચળું વાળીને બેઠો હતો.

મિ. પકડાશીનો ચહેરો અને દેખાવ દીનાનાથબાબુએ વર્ણવ્યા મુજબનો જ લાગતો હતો. એક જ ફેર નજરે પડયો, મિ. પકડાશીના મોંમાં વાંકી પાઈપ હતી.

અમને દાખલ થતા જોઈને એમણે ટાઇપિંગ અટકાવી, ટેબલનું ખાનું બંધ કરતાં એક નજર અમારા પર ફેરવી લઈ ફેલુદાને પૂછ્યું, 'મિસ્ટર મિત્તિર કોણ છે, તમે કે આ?'

કદાચ એમનો પ્રશ્ન મજાકમાં જ પુછાયો હતો, પણ ફેલુદાએ મોં મરકાવ્યા વિના જ ઉત્તર આપ્યો, 'હું છું મિ. મિત્તિર, અને આ મારો કઝિન છે.'

'શી ખબર પડે? ગાયન, વાદન, એક્ટિંગ, ડ્રૉઈંગ તો ઠીક, પણ આજકાલ તો ગુરુગીરીમાં યે છોકરાઓ ટેલન્ટેડ થઇ ગયા છે તે પછી ડિટેક્ટિવગીરીમાં યે કેમ ન હોય? ખેર, કહો, મારા જેવા, ન લેવા ન દેવા જેવા માણસને હેરાન કરવા કેમ આવ્યા છો?'

ફેલુદાએ ટેલિફોનમાં વાત કર્યા પછી કહ્યુ જ હતું કે આ માણસનો સ્વભાવ રુક્ષ છે. ખરું જ હતું. આને જો કજિયા-કંકાસની કોમ્પિટિશનમાં ઉતાર્યો હોય તો એ જરૂર ચૅમ્પિયન જ સાબિત થાય.

'તમને અહીં કોણે મોકલ્યા છે?' પકડાશીએ પૂછ્યું.

'મિસ્ટર લાહિડી પાસેથી તમારું નામ સાંભળ્યું હતું. ત્રણ દિવસ પહેલાં દિલ્હીથી તમારી સાથે એક જ કંપાર્ટમેન્ટમાં એ કલકત્તા આવ્યા હતા.'

'ઓહ! એમની જ ઍટચી ખોવાઈ ગયાનું તમે ફોન પર કહેલું ખરું?'

'બીજા કોઈની સાથે બદલાઈ ગયાનું કહેલું.'

'કેરલેસ ફૂલ! તે એ ઍટચી પાછી મેળવવા ડિટેક્ટિવને રોકવાની શી જરૂર? એમાં એવી કંઈ ધનદોલત હતી શું?'

'ખાસ તો કંઈ નહોતું' એક પ્રવાસકથાની હસ્તપ્રત હતી, જેની બીજી કૉપી નથી.'

અસલ કારણ કહેત તો પકડાશી જરાય પ્રભાવિત ન થાત એમ સમજીને જ ફેલુદાએ હસ્તપ્રતની વાત કરી એવું મને લાગ્યું. પણ પકડાશીને ગળે વાત ઊતરી નહિ એમ એણે વ્યક્ત કરેલા આશ્ચર્યથી લાગ્યું.

'હા. શંભુચરણ બોસની લખેલી એક પ્રવાસકથા હતી. ટ્રેનમાં મિ. લાહિડી એ વાંચતા હતા, અને પછી એ ઍટચીમાં જ મૂકેલી.'

કેવળ 'ફૂલ' જ નહિ, હી સીમ્સ ટુ બી અ લાયર ટૂ! છાપું અને એક બંગાળી માસિક સિવાય એણે બીજું કશું જ વાંચ્યું નહોતું. હું એની ઉપરની બંક ઉપર જ હતો, પણ દિવસ દરમિયાન લગભગ બધો વખત હું નીચે જ બેઠો હતો, એની સીટની સામે. એણે શું વાંચ્યું ને શું નહિ તેનો મને બરાબર ખયાલ છે.' ફેલુદા મૌન જ રહ્યા એટલે એણે આગળ કહ્યું, 'ડિટેક્ટિવ થઈ તમે શું સમજ્યા એ તો જાણતો નથી, પણ તમે જે કંઈ કહ્યું તે પરથી તો આ ઘટના ખાસ્સી સસ્પીસીઅસ લાગે છે. એની વે, તમારે ફોકટ ફાંફાં મારવાં હોય તો મારી શકો છો, પણ મારી પાસેથી કશી હેલ્પ મળી શકે તેમ નથી. મેં તમને ફોન પર જ કહ્યું હતું કે એ પ્રકારની ઍટચીઓ મારા ઘરમાં ત્રણેક પડી છે. પણ આ વખતે એમાંની એકેય ઍટચી મારી સાથે નહોતી લીધી. સો આઈ કાન્ટ હેલ્પ યૂ.'

'કંપાર્ટમેન્ટમાંના અન્ય ત્રણ પ્રવાસીઓમાંના એક તમારા પરિચિત હતા, ખરું ?'

'કોણ, બ્રજમોહન ? હા, ધીરધારનો ધંધો કરે છે એ. અગાઉ બહુ વખત પહેલાં મારી સાથે થોડું ડીલિંગ થએલું.'

ધીરધાર એટલે વ્યાજે પૈસા આપવાનો ધંધો, એ મને પાછળથી ફેલુદાએ સમજાવેલું.

'એ બ્રજમોહન પાસે આવી ઍટચી હોઈ શકે એવું તમને લાગે છે?' ફેલુદાએ પૂછ્યું.

'એ હું શી રીતે કહી શકું, હેં ?'

'એ સજ્જનનું ઠામ-ઠેકાણું આપી શકશો ?'

'ડિરેક્ટરીમાં જ જોઈ લે ને.' સજ્જન હવે 'તમે' પરથી 'તું' પર ઊતરી આવ્યા, પણ ફેલુદાએ તે તરફ લક્ષ ન આપ્યું. મિ. પકડાશીએ આગળ કહ્યું, 'એસ. એમ. કેડિયા ઍન્ડ કંપનીના નામે ફોન છે. એસ. એમ. એટલે બ્રજમોહનના ફાધર, ધરમતલા – સૉરી લેનિન સારણીમાં ઑફિસ છે, પણ તું જે કહે છે કે એક જણને હું ઓળખતો હતો, એમ નથી. અસલમાં હું એ ત્રણમાંથી બેને ઓળખતો હતો.'

આશ્ચર્ય અનુભવતાં ફેલુદાએ પૂછ્યું, 'એમ ! ? બીજા કોને ઓળખતા હતા ?

'દીનાનાથ લાહિડી. એક જમાનામાં હું એને રેસકોર્સના મેદાનમાં જોતો. થોડી ઓળખાણ પણ થઈ હતી. પહેલાં કરતાં હવે બદલાઈ ગયો છે. હવે એ સભ્ય–ભવ્ય બની ગયો છે, દિલ્હીમાં કોઈ ગુરુને પકડ્યા છે. સાચું-ખોટું રામ જાણે.'

'અને બીજા, મતલબ કે ત્રીજા પ્રવાસી ?'

હું સમજી ગયો કે ફેલુદા આ સજ્જનને વાતોમાં લપેટી શક્ય એટલી માહિતી એકઠી કરી રહ્યા છે.

'આ શું ! મારી ઊલટ-તપાસ ચાલી રહી છે ?' સજ્જને પાઈપ મોંમાં મૂકતાં પોતાના બત્રીસે દાંત બતાવતાં પૂછ્યું.

'ના, ના.' ફેલુદાએ કહ્યું, 'તમે ઘરમાં એકલાએકલા શતરંજ રમો છો એટલે તમારું મગજ બહુ સ્પષ્ટ અને વિચારક્ષમ હશે જ, અને તમારી સ્મરણશક્તિ પણ. એટલે જ તમને પૂછ્યું.'

ફેલુદાની ચકોરતા પારખી જઈ હવે સજ્જન કંઈક ઢીલા પડ્યા. ગળું ખોંખારી બોલ્યા, 'ચેસ મારો જબરદસ્ત શૉખ છે. રમવામાં જોડીદાર હતો એ ગુજરી ગયા પછી એકલો જ રમું છું.'

'એટલે કે રોજ રમો છો ?'

'હા, ડેઇલી. એનું બીજું પણ એક કારણ છે – ઈન્સોમ્નિયા. રાતના ત્રણ સુધી આ રમત ચાલશે.'

'તો પછી ઊંઘની ગોળી નથી લેતા ?'

'લઉં છું, પણ એની ખાસ કંઈ અસર થતી નથી. જો કે એથી શરીરને નુકસાન થાય છે એવું યે નથી. ત્રણેક વાગ્યે ઊંઘું, આઠ વાગ્યે ઊઠું. આ ઉમરે પાંચ કલાકની ઊંઘ પૂરતી છે.'

'ટાઈપિંગનો પણ શૉખ છે ?' જરા હોઠ મરડી ફેલુદાએ પૂછ્યું.

'ના. જરૂર પડ્યે જાતે કરી લઉં છું. માણસ રાખેલો, પણ આજકાલ બધા આળસુ ને કામચોર થઇ ગયા છે. ખેર, તમે બીજા પ્રવાસી અંગે પૂછતા હતા ને ? સાંભળો, શાર્પ ચહેરો, માથા પર ટાલ, બંગાળી નહોતો. અંગ્રેજી ઉચ્ચારણ સારું હતું, મને એક ઍપલ ઑફર કરેલું, પણ મે લીધું નહોતું. હવે બીજું કંઈ પૂછવાનું છે ? મારી ઉમર ત્રેપન, મારા કૂતરાની સાડા ત્રણ, એની જાત બૅાક્સર હાઉન્ડ. બહારના લોક મારે ત્યાં આવીને અર્ધા કલાકથી વધુ વાર બેસે એ એને ગમતું નથી, તેથી...'

'ઈન્ટરેસ્ટિંગ માણસ.' મિ. પકડાશીને ત્યાંથી બહાર આવ્યા પછી ફેલુદાએ અભિપ્રાય ઉચ્ચાર્યો. લેન્સડાઉન રોડ પરથી દક્ષિણના બદલે ઉત્તર તરફ શા માટે જતા હતા, અને પાસેથી બે ખાલી ટૅક્સી ચાલી ગઈ છતાં ફેલુદાએ એકેને કેમ ન રોકી એ મને ન સમજાયું. પણ એક પ્રશ્ન મારા મનમાં ઘૂમરાતો હતો તે મેં અંતે ફેલુદાને પૂછી જ નાખ્યો.

'દીનાનાથબાબુ તો કહેતા હતા કે પકડાશીની વય સાઠ ઉપર લાગતી હતી, અને પકડાશી પોતે તો ત્રેપન કહે છે. અને જોતાં યે લાગે છે કે એ પચાસથી બહુ વધારે ઉમરના તો નહિ જ હોય. આમ કેમ ?'

'આ પરથી તો એટલું જ લાગે છે કે દીનાનાથબાબુની નિરીક્ષણશક્તિ એટલી કાચી છે.' ફેલુદાએ ખુલાસો કર્યો.

બેએક મિનિટ વધુ ચાલીને અમે લોઅર સરક્યુલર રોડ પર આવ્યા. ફેલુદા ડાબી તરફ વળ્યા. ત્રણ ચાર દિવસ પહેલાં છાપાંમાં આવેલું કે અહીં 'હિન્દુસ્તાન ઈન્ટરનૅશનલ હૉટેલ'ની પાસે એક ઝવેરીની દુકાનમાં મુખવટો બાંધીને આવેલા ત્રણ જણે રિવૉલ્વર બતાવી ઘણુંબધું કિંમતી ઝવેરાત પડાવી લીધું હતું, અને પછી આડાઅવળા ધડાકા કરતાં એક કાળી ઍમ્બેસેડરમાં નાસી ગયા હતા. એ ખબર વાંચી ફેલુદાએ કહેલું, 'આવા કોઈ બેધડક ગુનાની તપાસ કરવા મળે તો ખોટું નહિ.' પણ ફેલુદા પાસે એ કેસ નહોતો આવ્યો. એટલે કદાચ જાતે જ કંઈ શોધતપાસ કરવાનો એનો ખયાલ હોય એમ સમજી મેં પૂછ્યું : 'પેલી ધાડની બાબતમાં તપાસ કરવી છે કે શું ?'

પણ ફેલુદાએ જાણે મારો પ્રશ્ન જ કાને ન ધર્યો. પછી મને થયું કે કદાચ એ વૉકિંગ એક્સર્સાઇઝ કરવા ઇચ્છતા હશે એટલે ચાલવા સિવાય અત્યારે એને કશામાં રસ નથી. પરંતુ હિન્દુસ્તાન ઇન્ટરનૅશનલ હૉટેલ આવતાં એ તે તરફ વળ્યા અને અંદર પેઠા, પાછળ હું પણ.

સીધા રીસેપ્શન કાઉન્ટર પર જઈ ફેલુદાએ પૂછ્યું, 'તમારે ત્યાં છઠ્ઠી માર્ચે સવારે સિમલાથી કોઈ ગેસ્ટ આવ્યા હતા? જેના નામનો પ્રથમાક્ષર 'જી' હતો.'

પ્રશ્ન સાંભળી હવે પહેલી જ વાર મને ખયાલ આવ્યો કે બ્રજમોહન કે નરેશચન્દ્ર પકડાશી એ બેમાંથી કોઈના નામનો પહેલો અક્ષર 'જી' નહોતો. બાકી રહ્યા તે પેલા મિ. ઍપલવાળા, અને ફેલુદા હવે એની તપાસમાં હતા.

રીસેપ્શનના માણસે ચોપડો જોઈ કહ્યું : 'જી પરથી બે સાહેબનાં નામ છે – જેરાલ્ડ પાટલી અને જી. આર. હોમ્સ. બંને સજ્જનો પરદેશથી આવ્યા હતા.'

આભાર માની ફેલુદા પાછા વળ્યા. બહાર આવી ટૅક્સી કરી 'પાર્ક હૉટેલ' લઈ જવા ડ્રાઈવરને કહ્યું અને પછી આરામથી બેસતાં ચાર-

મિનાર પેટાવી બોલ્યા, 'જો તેં પેલા મૅપમાં ધ્યાનપૂર્વક જોયું હોત તો સમજાઈ જાત કે તેમાં કરેલાં બધાં લાલ નિશાન કલકત્તાની સારી હોટેલોનાં સ્થાન પર જ કરેલાં હતાં. મતલબ કે એ સજ્જન અહીં આવીને એ નિશાનોમાંની એક હોટેલમાં જ ઊતર્યા હોય એ સ્વાભાવિક છે. સારી હોટેલોમાં હાલમાં ગ્રાન્ટ, હિન્દુસ્તાન ઈન્ટરનૅશનલ, પાર્ક, ગ્રેટ ઈસ્ટર્ન અને રિટ્ઝ કૉન્ટિનેન્ટલ જાણીતી છે. નિશાનો પણ આ હોટેલોનાં સ્થાન પર જ હતાં.' અમારા માર્ગમાં હવે પ્રથમ પાર્ક હોટેલ જ આવતી હતી તેથી અમે હવે ત્યાં જતા હતા.

પાર્ક હોટેલમાં જાણવા મળ્યું કે છઠ્ઠી તારીખે 'જી' અક્ષરથી આરંભાતા નામની કોઈ વ્યક્તિ આવી નહોતી. પછી ઊપડયા ગ્રાન્ટ હોટેલે. ત્યાંનો રીસેપ્શનિસ્ટ – દાસગુપ્ત તો ફેલુદાનો ઓળખીતો હતો. તુરત ચોપડો જોઈ એણે કહ્યું કે તે દિવસે જીથી આરંભાતા છ નામધારી ત્યાં આવેલા, જેમાંના પાંચ તો વિદેશી હતા. છઠ્ઠા ભારતીય સિમલાથી આવેલા અને તેમનું નામ હતું જી. સી. ધમિજા.

'હજી એ સજ્જન અહીં છે?' ફેલુદાએ પૂછયું.

'ના જી. ત્રણ દિવસ રોકાવાના હતા પણ ગઈ કાલે સવારે જ ચેક-આઉટ કરી ગયા.'

મારા મનમાં પ્રકટેલો આશાનો દીવો ટપ દઈને ઓલવાઈ ગયો. ફેલુદાનાં ભવાં યે સંકોચાયાં, તો યે તેણે પૂછયું, 'કયા નંબરની રૂમમાં એ હતા?'

'બસો સોળમાં.'

'હાલમાં ત્યાં કોઈ બીજું આવ્યું છે?'

'ના જી. આજ સાંજે એક ગેસ્ટ આવવાના છે. પણ ગઈ કાલથી તો ખાલી જ છે.'

'એ રૂમના બેરા સાથે હું જરા વાત કરી શકું?'

'સર્ટનલી. હું તમારી સાથે માણસ મોકલું છું, એ તમને રૂમબૉય સાથે મેળવી આપશે.'

લિફ્ટમાં બીજે માળે પહોંચી લાંબા કોરીડોરમાં થઈ અમે રૂમ નં. બસો સોળ સુધી પહોંચ્યા. ત્યાંના રૂમબૉયને મળી ફેલુદાએ એ રૂમ ખોલાવ્યો. અંદર એકબે આંટા મારી બધે નજર ફેરવી લઈ તેણે પૂછયું, 'ગઈ કાલે જે ગેસ્ટ ગયા એ તને બરાબર યાદ છે?' અને રૂમબૉયે હા પાડતાં તેણે કહ્યું, 'અચ્છા, તો બરાબર યાદ કરીને કહે, એમની પાસે શો શો સામાન હતો?'

'એક ઠો બડા સૂટકેસ થા, કાલા, ઔર એક છોટા બેગ થા.'

'છોટી બેગ કોનસા રંગ કી થી?'

'બ્લૂ. હમ જબ ફ્લાસ્કમેં પાની લે કર આયા તબ વો સા'બ ઉસ બેગમેં સે સબ ચીજ નિકાલ કે બિસ્તર પર રખતા થા. મેં સમજા સા'બ કુછ ઢુંઢ રહા થા.'

'વેરી ગુડ! અચ્છા, બાબુ કે સાથ ઍપલ થા, યાદ હૈ કુછ?'

'હાં, બાબુજી! તીન એપીલ થા. યે ટેબલ પર એક પ્લેટમેં રખા થા.'

પછી ફેલુદાએ તેને એ સા'બના દેખાવ વિષે પૂછયું, પણ એણે જે વર્ણન આપ્યું એવા તો કલકત્તામાં સહેજે એક લાખ આદમી મળે.

ગમેતેમ, પણ ગ્રાન્ટ હોટેલનો અમારો ફેરો સફળ રહ્યો. દીનાનાથબાબુની ઍટેચી જેમની સાથે બદલાઈ ગઈ હતી એ જ આ વ્યક્તિ હોવાની લગભગ ખાતરી થઈ ગઈ.

મિ. દાસગુપ્તાએ રજિસ્ટરમાં જોઈ એ વ્યક્તિનું નામ-સરનામું પણ ફેલુદાને આપ્યું. એ હતું:


જી. સી. ધમિજા, ધ નૂક, વાઈલ્ડ ફ્લાવર હૉલ, સિમલા. (ક્રમશઃ)

શતરંજ-કૉમ્બિનેશન . . . સુરેશ મોદી

ગયા અંકમાં આપણે 'Chess Mate' નામના નવા સામયિક વિષે જોયું. તેઓ શતરંજ વિષેની ઘણી નાની પુસ્તિકાઓ પણ પ્રકાશિત કરે છે અને થોડા વિદેશી તેમજ તેમણે પ્રકાશિત કરેલાં પુસ્તકો પણ વેચે છે. Chess Mateના દરેક અંકમાં તેમની પાસેથી મળતા પુસ્તકોની યાદી હોય છે. હમણાં એમાંનું એક નાનું પુસ્તક 'How to Play Combinative Chess' મેં મંગાવ્યું હતું. રશિયન મહા-ઉસ્તાદ ઍલેક્ઝાન્ડર કૉટૉલના મૂળ પુસ્તક પર આધારિત આ પુસ્તકમાં હમણાંની ટુર્નામેન્ટનાં દૃષ્ટાંતો તેમજ ભારતીય ખેલાડીઓની રમતમાંની સ્થિતિનું પણ ઉમેરણ કર્યું છે.

આ પુસ્તકમાં કૉમ્બિનેશન્સના પ્રકાર અને એ દરેક પ્રકારનાં દૃષ્ટાંતો આપ્યાં છે તેમાં એક પ્રકરણ Smothered mate (ગૂંગળામણ ભરેલી મ્હાત – જેમાં રાજાની આજુબાજુનાં બધાં જ કે ઘણાંખરાં ખાનાં પોતાનાં જ મહોરાંથી ભરેલાં હોય છે અને તેથી એકલો ઘોડો મ્હાત કરી શકે છે) વિષે છે. મને Smothered mate ઘણું આકર્ષક લાગે છે તેથી આ તેમજ હવે પછીના એકબે અંકમાં આપણે તેનાં દૃષ્ટાંતો જોઈશું. સફેદ ઘોડાના ભોગથી આ સુંદર કૉમ્બિનેશનનો આરંભ થાય છે.

Schroter



John

સફેદે રમવાનું

1 N × KBP, K × N; 2 N–N5ch, K–N1;

અહીં 2 ..., K–B1; પછી 3 N × KPch થી રાજા વજીર અને હાથી ફૉર્કમાં આવે છે (Family Fork).

3 Q × KPch, K–R1; અહીં 3 ..., K–B1? પછી 4 Q–B7થી મ્હાત થાય.

4 N–B7ch, K–N1; 5 N–R6 dblch, K–R1, 6 Q–N8ch!

વજીરનો ભોગ આપતી ચાલ આ જાતનાં કૉમ્બિનેશનની લાક્ષણિક ચાલ છે.


6 ..., R × Q; 7 N–B7 મ્હાત.

6 ..., N × Q; પછી પણ 7 N–B7 મ્હાત છે. □


કોયડા


જમણી બાજુ મથાળે આપેલી આકૃતિ ૧માં પહેલી હારમાં પાંચ ઊંધાં મૂકેલાં પાનાં છે, જેમાં નીચેની બીજી હારમાં આપેલી સંજ્ઞાઓ – ચોકડી, વર્તુળ, વળાંકવાળી રેખાઓ, તારક અને ચોરસ છાપેલી છે, પણ એ અહીં આપી છે તે ક્રમમાં નથી. તેમાં–(૧) ચોકડીની સંજ્ઞા પછી વાંકી રેખાઓ નથી, તેમજ વર્તુળ પણ નથી. (૨) વર્તુળ તારક પછી નથી તેમજ ચોકડી પણ નથી. (૩) વાંકી રેખાઓ ચોરસ પછી નથી, તેમજ વર્તુળ પણ નથી, અને (૪) તારક ચોરસની જમણી બાજુ છે. હવે તમે કહો કે કયા પાના પર કઈ સંજ્ઞા હશે. (૨) આકૃતિ ૨ એક કાટખૂણ આકાર છે. આ આકારના એક જ માપના ને એક જ આકારના સોળ સરખા ભાગ કરી આપો. (૩) આકૃતિ ૩માં કેટલાંક ટપકાં છે. આ લંબચોરસમાં છ સીધી રેખાઓ એવી રીતે દોરો કે તેનાથી પડતા દરેક ખાનામાં એકએક ટપકું જ આવે. (૪) આકૃતિ ૪ એ એક ચોરસ ખંડની ભોંયની છે. તેમાં એક ફૂટ માપના ચોરસની કુલ ૬૪ લાદીઓ જડી શકાય છે. સફેદ અને કાળી લાદીઓ ગોઠવીને તેમાં એક ભાત પાડવાની છે. અહીં આકૃતિના ચાર સરખા ભાગ પાડી તેમાંના ત્રણમાં અમુક અમુક સ્થળે કાળી લાદીઓ દર્શાવી છે. એક ભાગમાં જે સ્થાને કાળી લાદી છે તે જ રીતે બાકીનાં ત્રણે ખાનામાં પણ તે ગોઠવતાં ખંડમાં એક પૂરી ભાત રચાય છે. આકૃતિ પાંચને ધ્યાનપૂર્વક જોતાં આ સમજાશે. હવે આ ઉદાહરણ પ્રમાણે તેની નીચે આપેલી આકૃતિ ૬, ૭ અને ૮માંની ભાત તમારે પૂરી કરવાની છે. તમે જોશો કે આ. ૬માં સફેદ અને કાળી મળીને કુલ ૧૦૦ લાદી વપરાય છે. એ જ રીતે આકૃતિ ૭માં ૧૪૪ અને આકૃતિ ૮માં કુલ ૧૯૬ લાદીઓ વપરાય છે. કાળી લાદીની કિંમત સફેદ લાદી કરતાં બમણી છે. તો ચોરસ ફૂટના હિસાબે કયા ખંડની લાદી-નો ખર્ચ ઓછામાં ઓછો આવે અને કયાનો વધુમાં વધુ આવે? (૫) એક મોટું રીંછ પોતાના સ્થાનેથી નીકળીને સીધું દક્ષિણ દિશામાં જાય છે. બરાબર એક કિલોમીટર દૂર જઈ એ પોતાની જમણી બાજુ બરાબર કાટખૂણે વળીને ફરી એક કિ.મી. ચાલે છે, અને પછી ફરી જમણી બાજુ કાટખૂણે વળીને એક કિલોમીટર ચાલી પોતાના મૂળ સ્થાને પહોંચે છે ત્યારે તેનું માથું દક્ષિણ દિશા તરફ હોય છે. તો આ રીંછનો રંગ કેવો હશે? (૬) એક સ્ત્રી ટૉફી ખરીદવા ગઈ. પોતાની પાસે જે પરચૂરણ સિક્કા હતા તે ગણી જોતાં જણાયું કે પૂરા એક રૂપિયા કરતાં ઓછા હતા. ટૉફીની કિંમત પૂછતાં એણે જોયું કે જો એ એક ટૉફી લે તો એ માટે છ સિક્કા આપવા પડે. એ જ કિંમતે બે ટૉફી લે તો પાંચ સિક્કા આપવાના થાય. અંતે તેણે ત્રણ ટૉફી લઈને ચાર સિક્કા આપ્યા. ટૉફી આપ્યા પછી દુકાનદારે તેને કહ્યું કે, જો એણે ચાર ટૉફી લીધી હોત તો ત્રણ જ સિક્કા આપવા પડત. તમે કહી શકશો કે એક ટૉફીની શી કિંમત હશે? અને તે સ્ત્રી પાસે કયા કયા સિક્કા હશે? (ઉકેલ.........)

▷ આકૃતિ ૧




આકૃતિ ૨ ▽






આકૃતિ ૩



△ આકૃતિ ૪ અને ૫ તથા નીચે ૬, ૭, ૮ ▽



હસનિયો (અનુ. પૃ. ૧૯થી) બીભત્સ ગાળો બોલવા માંડ્યો. આજુબાજુ ઊભેલા સહુએ ઠપકો આપ્યો એને. છતાંય નશાથી મત્ત પેલો હસનિયાને ગાળો દેવા માંડ્યો. હસનિયાએ હાટડી પરથી ઊતરીને એક લાકડી લગાવી દીધી. સાઠ વર્ષના વૃદ્ધનું યૌવન તે ઘડીએ અનુભવ્યું. લાલચોળ થઈ ગએલો. ક્રોધ અસીમ છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ પ્રાપ્ત થયું. બીજે દિવસે એનો વ્યવહાર પૂર્વવત્ જ. ગઈ કાલ ભૂલી જઈને હસનિયાએ બીજે દિવસે એને જ ઉધાર શાક આપ્યું. કહે, 'એના વાંકે છોકરાંને ભૂખ્યાં રખાય? એકના કર્મની અસર બીજાંને ન પહોંચાડાય.' આ હસનિયાનું ઈતર રૂપ. આ રૂપની આસક્તિ જ રહી છે મને.

આજે હસનિયો નથી. કુમારાવસ્થામાં એનું આકર્ષણ ખાસ્સું હતું. કાળક્રમે એ અપરિચિત બનતો ગયો. પરિચિત અપરિચિત બન્યો. જ્ઞાન અજ્ઞાન બન્યું. એ જ ગતિએ વૃદ્ધિ થતી ગઈ. આજે એ વૃદ્ધિની છાયા તળે વસું છું, મન મનાવું છું. ક્યારેક હસનિયાને સ્મરી લઉં છું. ટમાટાં, ગાજર અને મૂળાને શાકની દુકાન પર કે લારી પર ચાખવાની ચેષ્ટા કરવાનું મન થાય છે. પણ ત્યાં હસનિયો અનુપસ્થિત હોય છે. ઘડીવાર એની હાટડી પાસેથી પસાર થતાં પગ થંભી જાય છે. પણ...

હવે તો પેલી અલ્લડ કુમારાવસ્થા નથી, હસનિયો નથી. હાટડી એ હાટડી નથી. હું એ હું નથી. બાહ્યાચારથી મઢેલા વ્યક્તિત્વે અસલી હુંને સંતાડી દીધો છે. એને વ્યક્ત થવું નથી. આથી જ વ્યક્તમધ્યે અથડાઉં છું. સાંભળ્યું છે કે હસનિયો જન્નતમાં છે. ત્યાં ય હાટડી માંડીને બેઠો છે. એ હાટડીએ પહોંચવું છે. પરંતુ... □

ચરિત્ર-નિબંધ

હસનિયો

'આનંદશર્મન'

હસનિયો! હા, હસનિયો. સાઠ વર્ષનો હસનિયો. નામ તો હતું હસનઅલી પરંતુ લોકજીભે હસનિયો ચડી ગએલું તેથી એ જ સ્થિર થઈ ગયેલું. તુચ્છતા નહિ, પ્રેમ. કેવળ સાહજિકતા. એની આ સાહજિકતા આજેય હૃદયમાં એટલી જ સ્થિર છે. ક્યારે પણ મેં એને 'હસનભાઈ' એવું સંબોધન કર્યું નથી. 'હસનિયો' એ સંબોધન જ જીભે રમતું, એ જ ગમતું. એ જ ગોઠતું. કેવળ અનાયાસથી બોલાતું. મનની ભાષા. મનની વાણી. મનનો આનંદ.

અમારા ગામના ભરવાડી દરવાજાના અંદરના ભાગમાં મુખ્ય માર્ગ પર વ્હોરવાડને નાકે હસનિયાની શાકની હાટડી હતી. બકાલાંનો ધંધો. સહુ એને ત્યાંથી શાક લે. કશી યે ભેદભાવની ભાવના નહિ. ઉધાર પણ ધીરે. શાકની સાથે હસનિયાનું નામ અભિન્ન રૂપે જોડાયેલું હતું. બાલ્યકાળથી શાકવાળો હસનિયો મન પર છવાએલો છે. આજે એ નથી. એની પેલી હાટડી દુકાન બની ગઈ છે. ત્યાં શાક વેચાતું નથી. એનો છોકરો શાકનો મોટો વેપારી છે, પરંતુ હવે હાટડી પર બેસતો નથી. મોટા સોદા કરે છે. સમય સાથે સઘળું પરિવર્તન પામ્યું છે. હસનિયાની શાકની હાટડી બંધ થઈ ત્યારથી શાક લેવાનું પણ ભૂલી ગયો છું. હવે કારેલાં-કંકોડાંનો તફાવત પણ સમજાતો નથી.

હસનિયો જાતનો ખોજો હતો. ખોજાને હિંદુસમાજ હિંદુ ગણતો નથી. એ લોકો ઈસ્લામ ધર્મ પાળે છે. પરંતુ મને ક્યારેય ખોજાકોમ પ્રતિ અભાવ જાગ્યો નથી, ઊલટો ભાવ-અહોભાવ રહ્યો છે. આનું કારણ શોધવા સ્મૃતિકૂવો ખૂબ ઉલેચ્યો છે, પરંતુ એ તો પાતાળકૂવો છે—અતાગ છે, એનો પાર પામી શકાતો નથી. કદાચ એ કોમનો વ્યવહાર એના મૂળમાં હોય! ન જાનામિ.

અમારા ઘરે સાંજે શાક લવાતું. સવારે તો મોટાભાગે આદુ-કોથમીર-મરચાં જ લાવવાનાં હોય અને એ મારે જ લેવા જવાનાં હોય. નિત્યક્રમ. પિતાને કોથમીર વગરની દાળ ભાવતી નહિ. હું દોડતો હસનિયાને ત્યાંથી લઇ આવું. એને ત્યાં ઘરાકી હોય તો થોડીક વાર ઊભા રહેવું પડે. ઊભાંઊભાં ટમાટાં, ગાજર કે કૉબિજ અનેક વાર ખાધાં છે. ત્યાં ઊભાઊભા જેટલું ખાઇએ તેટલું વગર પૈસે. ક્યારે ય હસનિયાએ રોકટોક કરી નથી. ક્યારે ય એના મુખ પરનો ભાવ બદલાયો નથી. એ સદૈવ સહી લેતો સઘળું. લાંબી હાટડીના મધ્યમાં એ બેસતો. ઊભા પગે બેસવાની એની લઢણ આજે પણ સ્મૃતિપટ પ॰ જળોની જેમ ચોંટેલી છે. ઊંચો લેંઘો, લાંબું ખમીસ, લાંબું બોખું મોં, હાથમાં પાતળી લાકડી, અને લાકડીને મૂકીને ત્રાજવાંની ડાંડી હાથમાં ઝાલીને શાક જોખતો હસનિયો આસપાસનાં સહુમાં જાણીતો. નાનાં છોકરાંઓમાં એ પ્રિય હતો. અમે ઘણી વાર એના ચાળા પાડતા. મઝા આવતી અમને. હસનિયાનું બોખું મોં ક્યારેક હસતું.

હસનિયો બારેમાસ લગભગ એક જ પોશાક પહેરતો. શિયાળામાં બંડી-મફલર વધતાં, બાકી ખાસ તફાવત નહિ. ચહેરા પર ક્યારેય અણગમો નહિ. તેની હાટડીએ સહુ શાક લેવા આવે પણ ભેદભાવ નહિ. પાસે જ હરિજનવાસ, એટલે હરિજનો પણ ખરીદી કરવા આવે. અસ્પૃશ્યતા-નિવારણના પ્રત્યક્ષ પાઠો એની હાટડી પર જ શીખવા મળ્યા છે. કોઈ વાતનો છોછ નહિ. એક વાર એક હરિજન સ્ત્રીએ શાક માગ્યું અને દૂર ઊભી રહી. હસનિયાએ તેને અડકીને શાક આપ્યું. પાસે એકાદ બે સવર્ણો ઊભા હતા. તેમના ચહેરાએ અસ્પૃશ્યતાના ભાવ વ્યક્ત કર્યા પણ હસનિયો તો માનતો જ નહિ. એણે તો કહી જ દીધેલું: 'લેવા આવવું હોય તો આવજો,' પછી તો પ્રચલિત બનેલું કે હસનિયાની હાટડી પર છૂત-અછૂતના ભેદ-ભાવ નથી રખાતા. કેટલાકને સૂગ હતી. નહોતા જતા એને ત્યાં શાક લેવા. મારે ત્યાં પણ એક વાર ફોઈબાએ ત્યાંથી શાક લાવવાનો વિરોધ કરેલો, પણ મને એ રુચેલું નહિ. હું તો ત્યાંથી જ લાવતો. મારી આ પ્રવૃત્તિને ઉદ્ધતાઈમાં ગણવામાં આવેલી. છૂતાછૂતનો ભાવ ન રાખનારની આ સ્થિતિ હતી. અલબત્ત, બા-બાપુજીને એનો ખાસ વિરોધ નહિ, કેમ કે દયાનંદ સરસ્વતીના આર્યસમાજી વિચારો થોડાક અમારે ત્યાં યે પ્રવેશેલા ખરા. બસ, અસ્પૃશ્યતાનો આટલો ખયાલ મનમાં છે. બાકી બાળપણથી એ ભાવના નહિ વિકસેલી. હસનિયાનો વ્યવહાર મારે મન આધારરૂપ હતો. અનામત-આંદોલન ટાણે હસનિયો આ જગત પર નહોતો, પણ એની હાટડી પાસે જ બે જૂથો સામસામાં આવી ગયેલાં. માંડમાંડ શાંતિ થયેલી. ભારે દુઃખ થયેલું ત્યારે હસનિયાની હાટડી તરફ નજર માંડીને ઘડીક તેનું સ્મરણ કરી લીધેલું.

હસનિયાના પૂરા જીવનથી પરિચિત નહિ. માત્ર શાકની હાટડી પર શાક વેચતા હસનિયાનું વ્યક્તિત્વ જ સ્પર્શી ગયેલું. ઘણી વ્યક્તિઓ વિના કારણે ગમતી હોય છે. હસનિયાનું એવું સ્થાન હતું મારા હૃદયમાં. મર્યાદિત પરિચિતો હતા ત્યારે. આજે એ નથી અને હૃદય આળું બન્યું છે તે કોઇને સંઘરતું નથી.

શિયાળાની ઋતુમાં એક સવારે એને ત્યાં હું આદુ-કોથમીર-મરચાં લેવા ગએલો. કોઈક સ્ત્રી એના બાળકને લઇને શાક લેવા આવેલી. નવટાંક-પાશેરના તોલમાપનો જમાનો. નવટાંક રીંગણાં લીધાં. કાખમાં તેડેલા છોકરાએ ટમાટાં લેવાની જિદ કરી. પેલી પાસે પૈસા નહિ. સારા ઘરની હશે. છોકરાને છણકો કર્યો. હસનિયાનું ધ્યાન ત્યાં ખેંચાયું. એણે એક ટમાટું આપ્યું. બાળકને સંતોષ ન થયો. એણે હસનિયા સામે ટમાટું પાછું ફેંક્યું. બરાબર ગાલની બખોલ પર ભટકાયું અને ટમાટાનો રસ ફેલાઈ ગયો ચહેરા પર. શાક લેનાર સહુ જોઈ રહ્યા. પેલા સ્ત્રીએ બાળકને એક લાફો લગાવી દીધો. બાળક રડવા લાગ્યું. હસનિયો કહે: 'એને જોઇતાં હોય તેટલાં લઈ લેવા દે.' ગાજર ખાતો હું હસનિયાના શબ્દોથી સહેજ મનમાં હસ્યો. મને પણ એની સામે ટમાટું મારવાનું મન થયું. આજે સમજાય છે કે હસનિયાનું હૃદય કેટલું કુમળું હતું. ગરીબાઈનું દર્શન એ પામી ગએલો. બાળકને ખુશ કરનાર સ્વયં ખુશ રહે છે. બાળકમાં ઈશ્વરને પામી શકાય છે. આથી જ ક્યારેક મંદિરના પ્રાંગણમાં બાળકને રમતાં જોઇને મંદિરમાં પ્રવેશવાનું ભૂલી જાઉં છું. હસનિયાને હું કાયમ હાટડી પર જ જોતો. કદાચ એ પણ મસ્જિદમાં નમાઝ પઢવા નહિ જતો હોય! એની શી જરૂર? ખુદ ખુદા જ હાટડી પર આવી જતો હશે!

હસનિયાનું વ્યક્તિત્વ ખાસ કંઈ આકર્ષક નહિ માત્ર તેનું દિલ સહુને આકર્ષતું. એ આકર્ષણે તો એની હાટડી ચાલતી. આજે ક્યારેક જ્યારે એ હાટડી પ્રતિ નજર માંડું છું ત્યારે હસનિયાનું વિશાળ હૃદય મન પર ઘડીભર કબજો લઈ લે છે. આજુબાજુ મિલમજૂરોની વસ્તીનું પ્રમાણ વિશેષ. સહુ મહિનાની દસમી અને પચીસમીએ બાકી રાખેલા પૈસા આપે. ક્યારેક કો'ક ન પણ આપે. ઉઘરાણી ખરી, પરંતુ પડાણી નહિ. આપે તેટલા લઈ લે. ધીરવામાં દિલ ન દુભાય. એક વાર એક મિલકામદાર પાસે એણે ઉઘરાણી કરી. પેલો પગારના દિવસની ગરમીમાં મદ્યપાનથી ચકચૂર.

(← અનુસંધાન સામેના પાને)

અનુ.] આઠમો ચાંદ [પૃ. ૬થી

માધવી : હા, કેટલી ફાસ્ટ-લાઈફ! શ્વાસ લેવાનોય વખત નથી મળતો...ઑફ કોર્સ ઈટ ઈઝ સો એક્સાઇટિંગ, થ્રિલિંગ!

શાંતિ. : બસ ત્યારે તું સુખી એટલે અમે સુખી. તારે તો સુખ જ સુખ છે ને! જાણે સુખના દરિયામાં તરતી માછલી...

માધવી : યસ ડેડી, આઈ એમ સો હેપી! એટલું બધું સુખ છે કે ક્યારેક તો એવું થાય છે કે આ સુખ છીનવાઈ તો નહિ જાય ને!

શાંતિ. : છટ્! એવું શું બોલે છે? કોની મગદૂર છે કે તને હાથ પણ અડાડે...દુ:ખ તો જાય ગબડતું ઊંડી ખીણમાં.

માધવી : કુંદન પણ એવું જ કહે છે કે તારા જેવી બીજી સુખી છોકરી કોણ હશે! મને પરણી એ તારું કેટલું મોટું ભાગ્ય છે! (હસે છે.)

શાંતિ. : એ વખતે તું શું કહે છે?

માધવી : હું કહું છું, હું કહું છું...ના ડેડી, નથી કહેવું.

શાંતિ. : કહે ને હવે, તું તો મારી લાડકી દીકરી છે ને! મારાથી શરમાય છે?

માધવી : હું કહું છું કે જા જા હવે, હું તને પરણી એ તારું ભાગ્ય નહિ?

શાંતિ. : એવું ના કહીએ દીકરા...એવું જ કહીએ કે હા તમને પરણી એ મારું કેટલું મોટું ભાગ્ય છે!

માધવી : (હસતાં હસતાં) મમ્મી એવું બોલે એટલે મારેય એવું બોલવાનું?

શાંતિ. ? ચાલ હટ, નટખટ છોકરી...

માધવી : મને પરણાવીને હટાવી તો દીધી અને હવે બીજી વાર કહો છો, ચાલ હટ? (બંને ખડખડ હસે છે.)

શાંતિ. : માધવી...એક વાત પૂછું?

માધવી : હા હા પૂછો...એક અને એક કેટલા? એ જ ને? એ તો મને આવડે છે–બે.

શાંતિ. : આજે તો તું કંઇ બહુ તોફાને ચઢી છે ને!

માધવી : (લાડથી) તમને નથી ગમતું?

શાંતિ.: ગમે છે ને...માધવી, એક વાત પૂછું?

માધવી : હા હા, પૂછો.

શાંતિ. : પરણ્યા પછી ખરેખર તને કશું દુ:ખ નથી ને?

માધવી : દુ:ખ? શાનું દુ:ખ! મારે શું દુ:ખ હોય! મારે શું નથી? ફ્રિજ, ફોન, ફ્લૅટ...

શાંતિ. : ના ના, એમ નહિ...હું તો, હું તો એમ પૂછું છું કે તારે અને કુંદનકુમારને પણ ફાવે છે ને?

માધવી : અરે હા, એકદમ સરસ ફાવે છે. તમે પોતે જ જુઓ છો તો ખરા.

શાંતિ. : હા હા, એ તો હું જોઉં છું જ ને! પણ ક્યારેક આપણને સપાટી પરથી બધું સારું લાગે, પણ અંદર કશુંક જુદું હોય, ક્યાંક કશીક ગરબડ હોય.

માધવી : શાની ગરબડ? ડેડી, હું સમજી નહિ,

શાંતિ. : ના ના, કશીય ગરબડ નહિ... આ તો ખાલી ક્યારેક બન્ને વચ્ચે કશોક મતભેદ પડે...મનદુ:ખ થાય...ચડભડ થઈ જાય...ટપાટપી થઈ જાય.

માધવી : ના ના, અમારે તો કશીય ટપાટપી નથી થતી.

શાંતિ. : ક્યારેય કોઈ મતભેદ નથી પડતો ને? જેમ કે કુંદનકુમાર કંઈક કહે અને તું કંઈક કહે?

માધવી : પણ એવા તે શાના મતભેદ પડવાના હતા?

શાંતિ. : સાથે રહીએ એટલે એવું કશુંક તો બન્યા જ કરે. જેમ કે...એ કહે કે ફરવા જઇએ અને તું કહે ના મુવીમાં જઇએ.

માધવી : પણ મુવીનો તો મારા કરતાં કુંદનને વધારે શૉખ છે.

શાંતિ. : તો કુંદનકુમાર કહે મુવીમાં જઇએ અને તું કહે ના ફરવા જઇએ.

માધવી : પણ હું ફરવા જઇએ એમ શા માટે કહું? મુવીમાં જ ના જઉં?

શાંતિ. : જેમ કે...જેમ કે એ કહે બારી પર પર્દા રાખવાના જ, મને અંધારું ગમે છે, ને તું કહે ના સતત બારી પર પર્દા નથી રાખવા, મને અજવાળું વધારે ગમે છે.

માધવી : પણ એ તો...એ તો થોડો વખત અજવાળું રાખીએ અને થોડોક વખત અંધારું રાખીએ.

શાંતિ. : એ પેપર વાંચતા હોય અને તું બોલાવે તોય તને જવાબ ન આપે, ચા ઠંડી થઈ જાય...

માધવી : પણ હું નાહવા બેસું ત્યારે જ એ પેપર વાંચે છે.

શાંતિ. : અને...અને ક્યારેક કુંદનકુમાર કહે લાઈટ ચાલુ રાખ અને તું કહે ના બંધ કર.

માધવી : હા...એવું થાય છે...એ તો લાલાઈટ 'ચાલુ-બંધ, ચાલુ-બંધ' થયા કરે... ગમ્મત આવે.

શાંતિ. : એ કહે લીલી સાડી પહેર અને તું કહે ના લાલ.

માધવી : અમે બહાર જઇએ ત્યારે હું મૉડર્ન ડ્રેસ જ પહેરું છું, સાડી પહેરતી જ નથી ને. લો, કટ્ટી થઈ ગઇને... (હસે છે.)

શાંતિ. : મને ખબર છે ક્યારનીય મારી સાથે મજાક-મસ્તી કરે છે. પણ માધવી સાચું કહેજે, એવું નથી બનતું ને કે કુંદનકુમાર કહે તું ઘેર હાથે રસોઈ બનાવ અને તું કહે ના હોટેલમાં જઇએ. સવારે કુંદનકુમાર વહેલા ઊઠે અને તું નિરાંતે મોડી ઊઠે. તું કહે હું મમ્મી-ડેડીને મળવા જઉં અને એ કહે ના પછી જજે...સાચું કહે આવું બધું તો બને છે ને?

માધવી (એકદમ ઉશ્કેરાઇને) પણ ડેડી, ક્યારનાય તમે મને આવું શા માટે પૂછ્યા કરો છો? અત્યાર સુધી મને એમ હતું કે તમે મને તમારી અને મમ્મીની વાત કરો છો, એટલે હું મજાકમાં લેતી હતી. પણ હવે મને ખબર પડી કે જરૂર કુંદને જ તમને કશુંક કહ્યું લાગે છે.

શાંતિ. : ના ના, માધવી, એવું નથી.

માધવી : હા હા, એવું જ લાગે છે. એણે જ તમને મારી આવી બધી ફરિયાદો કરી લાગે છે. અહીં આવીને આવું કરવાનું? (રડવા જેવી થઈ જાય છે. પછી કુંદનને મળવા ઉપર દોડી જતી હોય એમ) ઊભા રહો, હું એને મળી આવું, હવે એની વાત છે. બેઠોબેઠો ડેડીને ખોટીખોટી ફરિયાદો કરે છે.

શાંતિ. : (કશું ના બનવાનું બની રહ્યું હોય એવા ધ્રાસકા સાથે) અરે, માધવી! ઊભી રહે, ઊભી રહે! એમ ઉપર ક્યાં દોડી જાય છે? કુંદનકુમારે મને કશું નથી કહ્યું. મારી વાત તો સાંભળ...

માધવી : તો તમને કેવી રીતે ખબર પડી કે હોટલમાં જમવા જવાનું હું કહું છું, સવારે હું મોડી ઊઠું છું અને અહીં અવારનવાર આવવાનું મને મન થાય છે, અને એ કહે છે કે પછી જજે? કુંદને જ તમને બધી વાત કરી છે.

શાંતિ. : જો, આમ આવ. ધીમે બોલ. એમ ઉશ્કેરાઈ ન જા. એવું કશું નથી. આ તો મેં અનુમાન કર્યું.

માધવી : પણ એવું અનુમાન કેવી રીતે કર્યું? શા માટે કર્યું? કુંદને તમને કશું કહ્યું હોય તો જ ને?

શાંતિ. : ના ભાઈ, ના. કુંદનકુમારે તો મને કશું નથી કહ્યું. આ તો નવી પરણેલી દરેક છોકરી સામાન્ય રીતે એવું જ કરે...એટલે મેં તને પૂછ્યું.

માધવી : ના ના, તમે મને બનાવો છો. કુંદનને નીચે આવવા દો એટલે બધી વાત...

શાંતિ. : (એકદમ ગભરાઇને) પ્લીઝ માધવી, એવું ના કરીશ. કુંદનકુમારને આવું બધું કહીશ તો વાત વધારે વણસી જશે. કુંદનકુમારે મને કશું નથી કહ્યું, આ તો...

માધવી : તો ડેડી, તમે મને રોજ કશું નથી પૂછતા અને આજે જ કેમ બધું પટાવીપટાવીને પૂછો છો? કશું કારણ તો હશે જ ને?

શાંતિ.: જો, આમ આવ માધવી, તને એક વાત કહું. તું શાંત થઈ જા. વાત જાણે એવી બની...

કુંદનકુમાર (ઓચિંતા આવી ચડી): મા... ધ...વી! ઓ માધવી... મારું ડ્રાઈવિંગ-લાઈસન્સ તેં પર્સમાં મૂક્યું ને? (શાંતિપ્રસાદને) હલ્લો ડેડી!

માધવી: હા.

શાંતિ.: થઈ ગયા તૈયાર કુંદનકુમાર?

કુંદન: યસ ડેડ, આઈ એમ નાઉ રેડી... (માધવીને) મધુ, તું પર્સ બરાબર ચેક કરી લે... પાછું લાઈસન્સ રહી ના જાય.

શાંતિ.: કુંદનકુમાર, એમ લાઈસન્સની રોજેરોજ ક્યાં જરૂર પડે છે! લાઈસન્સ ના હોય તો ચાલે.

કુંદન: નો નો, ડેડ, લાઈસન્સ સાથે રાખવામાં જ હું માનું છું... કોઈ વાર ટ્રાફિક પોલીસ પૂછે, નામ લખે એના કરતાં ટ્રાફિકના બધા જ નિયમો પાળો અને સુખશાંતિથી મુસાફરી કરો, એમાં ખોટું શું?... કેમ મધુ, ખરું ને?

માધવી: હા જ તો.

શાંતિ.: માધવી કહેતી હતી કે આજ તો તમારે એકદમ ભરચક કાર્યક્રમ છે. તમારે બન્નેને તો બસ મઝા જ મઝા છે.

કુંદન: યસ. વ્હાય નોટ! ઍન્જોય લાઈફ, સ્મૉક ઈટ લાઈક એ સિગાર... વૉટ ડુ યુ સે, મધુ? યસ ડેડ! માધવીએ તમને કહ્યુ જ હશે કે સ્ટેટ્સથી મારો કઝિન આવ્યો છે... વૉટ એ ચાર્મિંગ બૉય! મધુ, યુ વિલ બી ડેમ પ્લીઝ્ડ... અમે યુરોપ જઈએ એ પહેલાં આવી ગયો એ સારું થયું... અરે ડેડ, તમારે પાસપોર્ટ ઑફિસમાં કોઈ ફ્રેંચ-કનેક્શન ખરું કે નહિ? આઈ થિંક યુ ગોટ ઈટ વૉટ આઈ મીન... અરે માધવી, પછી પેલું આપણું આલ્બમ મળ્યું કે નહિ?

માધવી: ના. ક્યારની શોધું છું, હજી મળ્યું નથી.

કુંદન: એમ તે કંઈ ચાલે? એમાં તો તારા કેટલા લવલી ફોટોગ્રાફ્સ છે!

શાંતિ.: એ તો મળી જશે. ક્યાંક આડું-અવળું મુકાઈ ગયું હશે.

કુંદન: ઑલરાઈટ, ઑલરાઈટ..., મધુ તેં મમ્મીને કહી તો દીધું છે ને કે આજે આપણને પાછાં આવતાં મોડું થશે?

માધવી: હા.

કુંદન: કેમ ઢીલું ઢીલું બોલે છે? બરાબર મૂડમાં નથી? હમણાં ઉપર તો કૂદાકૂદ કરતી હતી. એકદમ શું થઈ ગયું?

માધવી: કશુંય નહિ.

શાંતિ.: હમણાં જોજોને, પાછી કૂદાકૂદ કરશે. કેમ માધવી, ખરું ને? મૂડમાં આવી જા... ચલ હસ તો બેટા... ચાલ તારો ફોટો પાડી દઉં... રેડી... એક... બે... ત્રણ...

કુંદન: બહાર જતી વખતે જો આમ મોં નહિ પાડી નાખવાનું. મેં તને કેટલી વાર કહ્યું છે આઈ ડૉન્ટ લાઈક ઈટ... એમાંય આજે તો કેટલા ઈમ્પોર્ટન્ટ પ્રોગ્રામ્સ છે! આલ્બમ નથી મળતું એટલે ડેડીએ કશું કહ્યું?... ઓહ ડેડ! એને જે કહેવું હોય તે પંપાળીને કહેવાનું... એમાંય ડેડીની તો તું કેટલી લાડકી છે! ફર્ગેટ ઈટ... જો 'મધુ' એટલે જ સ્વીટ, સ્વીટ લાઈક એ મૅન્ગો... સ્વીટ લાઈક એ...

માધવી: જા ને હવે... (એકદમ રડમસ અવાજે) તો શા માટે ડેડીને બધું કહી દીધું?

કુંદન: મેં શું કહી દીધું? કોને કહી દીધું? હું તો હજુ ઉપરથી તૈયાર થઈ હમણાં આવ્યો. શી વાત કરે છે? વૉટ ડુ યુ ટૉક?

શાંતિ.: અરે માધવી, માધવી... આ શું કરે છે? મેં તને કહ્યું તો ખરું કે કુંદનકુમારે મને કશું નથી કહ્યું. મારી વાત તો...

માધવી: પ્લીઝ ડેડી, મને બધી ખબર પડી ગઈ છે.

કુંદન: તને શાની બધી ખબર પડી ગઈ છે?

માધવી: એ જ કે હું રોજ સવારે મોડી ઊઠું છું. મને ઘેર રસોઈ કરવા કરતાં હોટેલમાં જમવા જવું વધારે ગમે છે અને મમ્મી-ડેડીને મળવા માટે...

કુંદન: તે ડેડીને તારા વિશે બધી ખબર ના હોય? તારા માટે આ નવું છે? તું સીધી સિમલા કે દાર્જિલિંગના પર્વતોને ખોળે ઊછરી અને મોટી થઈ અને પછી મને પરણી છે? ટૉક સમ સેન્સ, માધવી.

માધવી: સારું, સારું. હું બધી નૉનસેન્સ વાતો કરું છું અને તું બધી સેન્સવાળી વાતો કરે છે, બસ?

શાંતિ: તમે બન્ને હમેશાં સેન્સવાળી, સરસ વાતો જ કરો છો, બસ! બધાં એવું જ કહે છે ને કે કેટલું સરસ જોડું છે! શું કપલ છે! જાઓ, જાઓ. તમારે હવે મોડું થશે. ફાઈવ સ્ટાર હોટેલમાં જાઓ છો! વાહ ભાઈ, મને તો આજે તમારી ઈર્ષ્યા—

કુંદન: ડેડ, દીકરી કોની? તમારી ને? જુઓ તો એનું નાક, કેટલું નમણું અને સોહામણું છે!

માધવી: બસ હવે, ખોટા મસકા ના માર. જે કહેવું હતું તે બધું કહી દીધું. જોજેને હવે તું...

કુંદન: (સહેજ ચિઢાઈને) કહું છું કે મેં કશુંય નથી કહ્યું તોય માનતી જ નથી. ક્યારનીય એકની એક રેકૉર્ડ વગાડયા કરે છે!

શાંતિ.: પછી એ રેકૉર્ડ પણ તૂટી જશે માધવી, હવે બસ કર.

માધવી: છો તૂટી જતી.

કુંદન: નથી માનતી ને? પૂછ ડેડને, હું એમની સાથે પાંચ મિનિટ માટે પણ બેઠો છું?

માધવી: તો એમ ને એમ ડેડી મને હમણાં પૂછતા હતા કે તારે અને કુંદનકુમારને ફાવે છે? કોઈ ટપાટપી, ઘાંટમઘૂંટી, ઝઘડો થાય છે? કોઈ દિવસ નહિ અને આજે જ શા માટે પૂછતા હતા?

શાંતિ.: ઓહ માધવી!

માધવી: ડેડી તમે વચ્ચેના ના બોલશો. મને ખબર છે આજે હું નાહવા બેઠી ત્યારે તેં પેપર નહોતું વાંચ્યું, પેપર એમનું એમ જ પડ્યું હતું. એમ ના માનીશ કે મને કશી ખબર નથી પડતી... બોલ એ વખતે શું કરતો હતો?

કુંદન: તારી રાહ જોતો હતો.

શાંતિ.: માધવી, કુંદનકુમાર મને આજે એકલા મળ્યા જ નથી.

કુંદન: લે સાંભળ, જેમતેમ બોલે છે તે! હું જૂઠું બોલું છું?

માધવી: તો ડેડીએ શા માટે મને એવા બધા પ્રશ્નો પૂછ્યા? અને તે પણ બહાર જતી વખતે?

શાંતિ.: માધવી, એ વાત જ હવે તને...

માધવી: પ્લીઝ ડેડી.

કુંદન: તે તારા મનને જ પૂછને... તેં જ ડેડીને કશું કહ્યું હશે, મને ખબર છે, એટલે જ તું અહીં વારંવાર આવે છે.

માધવી: (રડમસ અવાજે) જોયું ને ડેડી, હવે આખી વાત મારા પર લાદે છે. ઢોળી દીધું ને બધું મારા પર?

શાંતિ.: અરે કુંદનકુમાર, માધવીએ મને તમારા વિશે કશું નથી કહ્યું. તમે બંને જણ...

કુંદન: એણે જ અત્યારે બધું ઊભું કર્યું ને? ના ના, ડેડ તમે જ કહો, મેં તમને કોઈ દિવસ કહ્યું છે કે એ સવારે એની મેળે તો ઊઠતી જ નથી, કોઈ દિવસ સમયસર તૈયાર થતી જ નથી; જે ઘડિયાળ બંધ હોય એ જ જોઈને તૈયાર થાય છે, ઘણી વાર કરાય કારણ

વિના ઓચિંતું જ બોલવાનું બંધ કરી દે છે, બોલો ડેડ, કોઈ દિવસ મેં તમને આ કશું કહ્યું છે?

માધવી : હજુ કશુંય મારા વિશે બાકી રહ્યું હોય તો કહી દે...તારો તો કશો વાંક જ નહિ હોય...તારામાં તો બધા જ ગુણોનો ભંડાર હશે...પણ તારા વિશે મારે કશું કહેવું નથી. તારા જેવું કોણ થાય?

શાંતિ :(બબડે છે)ખલાસ!-બધું પતી ગયું.

કુંદન : ડેડ, તમારી આ માધવી તો સાવ બેબી છે બેબી!

માધવી : જા ને હવે, બહુ ના બોલાવ. તું સાવ નાનકડા બાબા જેવો...મારી પાસે માથામાં તેલ નખાવે છે, કેટલું થાબડું ત્યારે ઊંઘી જાય છે, અને...

કુંદન : જોયું ને! છે ને તું અસ્સલ બેબી જેવી? એટલીય ખબર નથી પડતી કે ડેડીની હાજરીમાં આવું બધું ના બોલાય.

માધવી : તો તને એટલીય ખબર ના પડી કે ડેડીની હાજરીમાં મારા વિષે જેમતેમ ના બોલાય? ડેડીને બધું કહી દેવાનું?

કુંદન : જા જા હવે. પહેલાં તો તેં બધું કહ્યું, તેં ઝઘડો શરૂ કર્યો.

માધવી : જા જા હવે. પહેલાં તો તેં બધું કહ્યું, તેં ઝઘડો શરૂ કર્યો.

કુંદન : ના, તેં આજે ઝઘડવાનું શરૂ કર્યું.

માધવી : ના, તેં.

કુંદન : તેં બધું ડેડીને કહી દીધું.

માધવી : તેં બધું ડેડીને કહી દીધું.

કુંદન : કારણ વગર તેં આજે બધું સળગાવ્યું.

માધવી : ના તેં સળગાવ્યું.

શાંતિ : (ચીસ પાડી) માધવી! કુંદનકુમાર! બસ, બસ હવે અટકો તો સારું. હું કહું છું આ બધું કોણે સળગાવ્યું. માધવીએય મને કશું નથી કહ્યું, અને કુંદનકુમાર, તમેય મને કશું નથી કહ્યું. તમે બંને મને ક્યાં સાંભળો જ છો?

માધવી : તો કોણે કહ્યું?

કુંદન : તો કોણે આ બધી હોળી સળગાવી?

શાંતિ. : જુઓ પેલા પર્દા પાછળ સંતાયા છે એ મિ. સોમેશ્વર પંડ્યા...તમારાં લગ્નની જન્મકુંડળી એમણે મેળવી હતી. આવો બતાવું. હવે બહાર નીકળો... પંડ્યાજી, જુઓ તમારાં કરતુક.

કુંદન : પણ ડેડ, એમણે એવું તે શું કર્યું કે જેથી અમારી બે વચ્ચે આમ તણખા ઝર્યા, અને બધું સળગી ઊઠ્યું?

માધવી : કશો મંત્ર ફૂંક્યો? કશો જાદુ કર્યો?

શાંતિ. : મને બધું ખોટું ખોટું કહીને તમને બંનેને લડાવી માર્યાં.

માધવી : તો એમણે અમારી વચ્ચે આજે ઝઘડો કરાવ્યો?

કુંદન : પણ કેવી રીતે? બટ ડેડ, હાઉ?

શાંતિ : તમે બંને ઉપર હતાં ને ત્યારે હમણાં એ ઓચિંતા આવ્યા અને મને કહે કે તમારા બન્નેના ગ્રહો બરાબર મળતા નથી, સામસામે અથડાય છે. તમને આઠમો ગ્રહ નડે છે. તમારા બન્ને વચ્ચે ટપાટપી કલહ-કંકાસ, ધાંટમધૂંટી, લડાઈઝઘડા થાય જ.

માધવી : ઓ બાપ રે!

કુંદન : આવું બધું કહ્યું?

શાંતિ. : મેં તો એમને ઘણું કહ્યું કે...

કુંદન : ઊભા રહો, ઊભા રહો, ડેડ, એક મિનિટ. ચાલો મિ. સોમેશ્વર પંડ્યા, આમ બહાર આવો. તમે આવું બધું કહ્યું હતું?

સો. : જી, જમાઈરાજ. વાત જાણે એમ હતી...

કુંદન : (ઘાંટો પાડી) હા કે ના?

સો. : હા...પણ...

કુંદન : શું સમજો છો તમારા મનમાં? વૉટ ડુ યુ મીન? અમને લડાવી મારવાં હતાં? અમારી જિંદગી બરબાદ કરી દેવી હતી?

સો. : જમાઈરાજ, હું તો ગ્રહોના જે લેખ છે એ ઉકેલું છું, વિધિનો જે સંદેશો છે એ હું વાંચું છું. હું તો ખાલી દૂત છું.

કુંદન : તમારી પાસે એનું લાઇસન્સ છે? લાવો બતાવો, હમણાં અને હમણાં રદ કરાવી દઉં.

શાંતિ. : જમાઈરાજ એમાં લાઈસન્સ ના હોય...એ તો વિશ્વાસે.

કુંદન : શું વાત કરો છો ડેડ! આટલું ગંભીર અને જવાબદારીભર્યું કામ કરે અને લાઈસન્સ નહિ? આટલા બધા લોકો એમનામાં વિશ્વાસ રાખે અને એમને કોઈ કહેનાર નહિ? આટલું બધું અંધેર? ધીસ ઈઝ રીઅલી એ કૅઑસ!

સો. : જમાઈરાજ, આ તો ઇશ્વરી વિદ્યા છે.

શાંતિ. : કુંદનકુમાર, શ્રદ્ધા હોય તો માનવાનું, નહિ તો નહિ માનવાનું.

કુંદન : ડેડ, હું નથી માનતો, પણ વેઈટ, એક મિનિટ, લગ્ન વખતે એમણે કેમ ન કહ્યુ અને આજે એકદમ ઓચિંતા કેમ આવ્યા? અને ક્યાંથી શોધી કાઢ્યું કે અમારા ગ્રહો મળતા નથી?

માધવી : હા, હા, ડેડી, હું એ જ પૂછવા જતી હતી. રહી રહીને એમને આજે ખબર પડી?

સો. : જમાઈરાજ, મારાથી જબ્બરદસ્ત ભૂલ થઈ હતી, જબરો ગોટાળો થયો હતો, અને એકને બદલે, એટલે કે તમારી જન્મકુંડળીને બદલે મેં બીજીની (છૂમ કચરીને) અરે બીજાની જન્મકુંડળી જોઈ હતી.

શાંતિ. : અને પછી અહીં આવીને મને કહે કે બન્નેને મેળ ખાય એમ છે જ નહિ, લડાઈ-ઝઘડા થાય જ...મેં કહ્યું, એવું છે જ નહિ, બન્ને કેવા પ્રેમ અને સુમેળથી રહે છે! તો કહે એવું હોય જ નહિ, એટલે મેં કહ્યુ, તો લો તમે તમારી આંખે જ જોઇ લો.

કુંદન : અને તમે એમને પર્દા પાછળ સંતાડી દીધા ખરું ને?

માધવી : મને શી ખબર કે તમે એટલે જ મને બધું પૂછતા હશો!

કુંદન : કંઈ નહિ, કંઈ નહિ, પંડ્યાજી! તમે ભૂલ કરી એ સારું કર્યું. એથી જ તો અમારું લગ્ન થયું, નહિ તો આ માધવી હાથથી જ જાતને! હું ખુશ છું, બેહદ ખુશ છું...ડેડ, તમે એમને જન્મકુંડળી જોવાના કેટલા રૂપિયા આપ્યા હતા?

શાંતિ. : ચોખ્ખા એકાવન રૂપિયા.

કુંદન : લો પંડ્યાજી, આ બીજા એકાવન રૂપિયા—ભૂલ કરવાના. (હસે છે.)

માધવી : લઈ લો...લઈ લો.

સો. : ના ના. એમ મારાથી ન લેવાય... તમારી દીકરી વખતે આપજો-લઈ લઈશ. લો આવજો શેઠસાહેબ...હવે હું જઉં.

શાંતિ. : હા, આવજો પંડ્યાજી...ના ના, હવે ના આવશો.

(બધાં હસે છે. સોમેશ્વર જાય છે.)

કુંદન : કેટલી ગરબડ કરી! આપણને કેટલાં ડીસ્ટર્બ કર્યાં? મધુ, સાચું કહે, આપણે કોઈ દિવસ ઝઘડો થાય છે? કેટલા આનંદથી રહીએ છીએ!...હાઉ સ્વીટ યુ આર!

માધવી : હા, હા, હાઉ નાઈસ યુ આર! તું કેટલો સારો છે! અરે ડેડી...

સો. : (દૂરથી–બારણામાંથી) શેઠસાહેબ!

શાંતિ. : અરે હજી તમે ગયા નથી! કેમ બારણામાં જ ઊભા છો? ફરી પાછી કશી ભૂલ...

સો. : ના ના, માફ કરો તો એક વાત કહું.

શાંતિ. : શું છે પાછું! બોલો.

સો. : જુઓ શેઠસાહેબ, માધવીબેન, જમાઇરાજ, જરા વિચાર કરો. જુઓ, મારી આંખ સામે આજે તમારે ઝઘડો તો થયો જ ને? હું તો સાચો જ પડ્યો ને? મારી વિદ્યા એમ ખોટી ના પડે...આઠમો ગ્રહ કોઇને ય ના છોડે...(હેં હેં કરી હસે છે.) □

આઠ ‹ ‹ ‹ ‹ ‹ ‹

રતિલાલ હરિભાઈ નાયક

આપણા ધર્મગ્રંથો, પ્રાચીન સાહિત્ય, ધાર્મિક ક્રિયાકાંડો, વૈદક વગેરે શાસ્ત્રો, સુભાષિતો, કહેવતો અને ઓધવાક્યો ઇત્યાદિમાં અનેક રીતે આઠની સંખ્યા પણ સંકળાએલી છે. એની જાણકારી વિવિધ ક્ષેત્રો વિષેના આપણા જ્ઞાનને સમૃદ્ધ બનાવવા સાથે સમજવામાં સરળતા આણે છે, આ અંક-સંખ્યા સાથે વણાએલાં આવાં સૂત્રો, ઓધવાક્યો, કહેવતો વગેરેનું આ સંકલન રસપ્રદ અને માહિતીપ્રદ બની રહેશે. અલબત્ત, આમાં ઘણું ઉમેરણ થઈ શકે પણ કેટલુંક સકારણ તથા કેટલુંક વિસ્તારભયે જતું કર્યું છે.

અષ્ટકલ્યાણી : ચાર પગ, કપાળ, છાતી, ખભો અને પૂછડી, શરીર ઉપર આ આઠ સ્થાને શ્વેત ચિહ્નો ધરાવતો કલ્યાણકારી ઘોડો.

અષ્ટગુણ : બ્રાહ્મણમાં આઠ આવશ્યક ગુણો – દયા, ક્ષમા, અસૂયા, શૌચ, અનાયાસ, મંગલ, અકાર્પણ્ય અને અસ્પૃહા.

અષ્ટદિશા : પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ; ઈશાન, અગ્નિ, નૈઋર્ત્ય અને વાયવ્ય.

અષ્ટદ્રવ્ય : યજ્ઞમાં હોમવાનાં આઠ દ્રવ્યો-વડ, પીપળો, પીપર, ઉમરો, ખદિર એ પાંચ સમિધો તથા તલ, ખીર અને ઘી.

અષ્ટધાતુ : સોનું, ચાંદી, તાંબું, કાંસું, પિત્તળ, સીસું, લોહ અને જસત.

અષ્ટનાયિકા : સંસ્કૃત કવિઓએ કલ્પેલી આઠ નાયિકાઓ – સ્વાધીનપતિકા, ખંડિતા, અભિસારિકા, કલહાંતરિતા, વિપ્રલબ્ધા, પ્રોષિતભર્તૃકા અને વારાકસજ્જા.

અષ્ટ-પૂજાદ્રવ્યો : જલ, દુગ્ધ (દૂધ), દધિ (દહીં), ઘૃત, મધુ (મધ), દર્ભ, અક્ષત(ચોખા) અને તલ.

અષ્ટપ્રધાન : પ્રધાન, અમાત્ય, સચિવ, મંત્રી, ધર્માધ્યક્ષ, ન્યાયશાસ્ત્રી, વૈદ્ય અને સેનાપતિ.

આઠ અવગુણો : નિંદા, બલાત્કાર, દગો, ઈર્ષ્યા, અસૂયા (પરગુણો પ્રત્યે ઉદાસીનતા), અર્થ દૂષણ, અપશબ્દ અને તાડન.

અષ્ટકુલાચલો (પર્વતો) : નીલ, નિષધ, વિન્ધ્ય, માલ્યવાન, મલય, ગંધમાદન, હેમકૂટ અને હિમાલય.

અષ્ટયોગ : યોગનાં આઠ અંગો – યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

અષ્ટભાવ : સંસ્કૃત સાહિત્યમાં દર્શાવેલા આઠ સાત્ત્વિક ભાવો (લાગણીઓ) – સ્તંભ, સ્વેદ, સ્વરભંગ, રોમાંચ, કંપ, વૈવર્ણ્ય, અશ્રુપાત અને પ્રલય (મૂર્છા).

શ્રીકૃષ્ણનાં વલ્લભસંપ્રદાય અનુસાર અષ્ટ-સ્વરૂપો : શ્રીનાથ, નવનીતપ્રિય, મથુરાનાથ, વિઠ્ઠલનાથ, દ્વારિકાનાથ, ગોકુલનાથ, ગોકુલચંદ્ર અને મદનમોહન.

અષ્ટભોગ : મનુષ્યનાં સુખ અને આનંદના આઠ ઉપભોગો – અન્ન, પાણી, પુષ્પ, તાંબૂલ, ચંદન, વસ્ત્ર, શય્યા અને આભૂષણ.

અષ્ટગંધ : ચંદન, અગર, દેવદાર, કુલિંજન, કુસુમ, શૈલજ, જટામાસી ને ગોરોચન.

આઠ મહારોગો : વાત, અશ્મરી, કુષ્ઠ, મેહ, ઉદર, ભગંદર, અર્શ અને સંગ્રહણી.

અષ્ટગજ : આઠ દિશાના આઠ હાથીઓ – ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ અને સુપ્રતીક.

અષ્ટ મહાસિદ્ધિઓ : રાજયોગમાં વર્ણવેલી આઠ દૈવી (અલૌકિક) સિદ્ધિઓ (શક્તિઓ)-અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ અને વશિત્વ.

અષ્ટ દિક્પાલો : આઠ દિશાના આઠ દેવો – પૂર્વનો ઇન્દ્ર, પશ્ચિમનો વરુણ, ઉત્તરનો કુબેર, દક્ષિણનો યમ, ઈશાનનો શિવ, અગ્નિનો અગ્નિ, નૈઋત્યનો નૈઋતિ ને વાયવ્યનો વાયુ.

રાજ્યનાં અષ્ટાંગો : રાજા, મંત્રી, સામંત, કોષ, રાજ્ય, દુર્ગ, સેના અને ગુપ્તચર.

અષ્ટ-મંગલ : રાજ્યાભિષેક વખતે કલ્યાણકારી ગણાતી આઠ વસ્તુઓ (૧) સિંહ, આખલો, હાથી, કુંભ, જળ, વીંજણો, સંગીતવાદ્ય અને દીપ. (૨) બ્રાહ્મણ, અગ્નિ, ગાય, સુવર્ણ, ઘી, સૂર્ય, જળ અને રાજા.

અષ્ટાંગ ધૂપ : ગૂગળ, લીમડાનાં પાન, ઘોડાવજ, ઉપલેટ, હરડે, જવ, તલ અને ઘી.

અષ્ટદેહ : દેહનાં આઠ સ્વરૂપો – સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ વિરાટ, હિરણ્ય, અવ્યાકૃત અને અંતરીક્ષ.

અષ્ટમૂર્તિ : પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, નભ, સૂર્ય, ચંદ્ર, અને બલિ હોમનાર બ્રાહ્મણ.

શ્રીકૃષ્ણની આઠ રાણીઓ : રુક્મિણી, સત્યભામા, જાંબવતી, કાલિન્દી, મિત્રાવન્દા, નાગ્નજતિ, ભદ્રા અને લક્ષ્મણા.

અષ્ટ સૌભાગ્ય : સ્ત્રીનાં આઠ સૌભાગ્યચિહ્નો – સિંદૂર, ચાંલ્લો, કાજળ, નાકની વાળી, કર્ણકુંડળ, કંદોરો (કટિમેખલા), કંકણ અને ઝાંઝર.

અષ્ટ પ્રકૃતિઓ : (૧) અવ્યક્ત, મહાત્, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. (૨) પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર.

અષ્ટાંગ – સાષ્ટાંગ પ્રણામ : બે હાથ, બે પગ, બે ઘૂંટણ, છાતી અને કપાળ ભૂમિ પર લગાડીને કરાતા પ્રણામ. અથવા મસ્તક આંખ, હાથ, છાતી, પગ, જાંઘ, મન અને વાણી સહ કરાતા પ્રણામ.

બ્રાહ્મણને આપવાની આઠ વસ્તુઓ : હળદર, સોપારી, દક્ષિણા, સૂપડું, કંકણ, કાચમણિ અને વસ્ત્ર.

અષ્ટલક્ષ્મી : ધનલક્ષ્મી, ધાન્યલક્ષ્મી, મહાલક્ષ્મી, સંતાનલક્ષ્મી, સૌભાગ્યલક્ષ્મી, વિદ્યાલક્ષ્મી અને કારુણ્યલક્ષ્મી.

સ્થૂળ સ્વરૂપનાં આઠ આવરણો : પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મહત્તત્ત્વ અહંકાર અને પ્રકૃતિ.

અષ્ટ પ્રકારની વૈકૃત દેવસૃષ્ટિ : દેવો, પિતૃઓ, ગંધર્વો, અપ્સરાઓ, રાક્ષસો, પિશાચો, વિદ્યાધરો અને કિન્નરોની સૃષ્ટિ.

આઠ પ્રકારનું બ્રહ્મચર્ય : સ્ત્રીનું સ્મરણ વાતચીત, સ્ત્રી સાથે ક્રીડા, સ્ત્રીને જોવી, સ્ત્રી સાથે ખાનગી વાત, સ્ત્રીનો સંકલ્પ, સ્ત્રીના વિચારો અને સ્ત્રી સાથે સંભોગ. આ આઠ બાબતોનો ત્યાગ તે.

ઈશ્વરમાં પ્રીતિ કરવાનાં અષ્ટ અંતરંગ સાધનો : ભક્ત પુરુષોનો સંગ, આરાધના, કથામાં શ્રદ્ધા, ગુણો તથા કર્મોનાં કીર્તન, ચરણકમળોનું ધ્યાન, મૂર્તિનું દર્શન, પૂજન અને વંદન.

મોક્ષનાં આઠ સાધનો : મૌનવ્રત, શાસ્ત્રશ્રવણ, શાસ્ત્રાભ્યાસ, સ્વધર્મનું આચરણ, ગ્રંથ વ્યાખ્યા, એકાંતવાસ જપ અને સમાધિ.

કુબેરની અષ્ટ સમૃદ્ધિઓ : પદ્મ, મહાપદ્મ, મત્સ્ય, કૂર્મ, ઔદક, નીલ, મુકુંદ ને શંખ.

આઠ પ્રકારની પ્રતિમાઓ : પથ્થરની, લાકડાની, ધાતુની, માટીની, ચંદનની, ચિત્રની, મીણની અને મણિની.

અર્ધ્યપાત્રમાં મૂકવાની આઠ વસ્તુઓ : ચંદન, પુષ્પ, અક્ષત, જવ, દર્ભનો અગ્રભાગ, તલ, સરસવ અને ધરો.

વિષ્ણુના અષ્ટ પાર્ષદો : નંદ, સુનંદ, ચંડ, પ્રચંડ, બલ, મહાબલ, કુમુદ અને કુમુદેક્ષણ.


દેહનાં અષ્ટ ચક્રો : મૂલાધાર (યોનિ), સ્વાધિષ્ઠાન (લિંગ), મણિપૂરક અથવા સૂર્ય (નાભિ), અનાહત (હૃદય), વિશુદ્ધ (કંઠ),

—કસોટીના ઉત્તરો—


૧) ઊંધાં મૂકેલાં પાનાંમાં અનુક્રમે વર્તુળ, ચોકડી, ચોરસ, તારક અને વાંકી રેખાઓ છપાએલી છે. આ કોયડાની પહેલી ત્રણ શરતોમાં સંજ્ઞાના સ્થાન અંગે બબ્બે સ્થિતિ બતાવી છે. આથી આ સંજ્ઞાઓને જુદીજુદી રીતે ગોઠવવાની ૧૨૦ જેટલી શક્યતાઓમાંથી માત્ર બેનો જ અવકાશ રહે છે. ઉત્તરમાં બતાવી તે ગોઠવણ ઉપરાંત તેને ઊલ્ટા ક્રમમાં ગોઠવતાં પણ કોયડાની પહેલી ત્રણે શરતો જાળવી શકાય છે, પણ એ બેમાં-થી એક જ વિકલ્પ નિશ્ચિત કરવા ચોથી શરત મહત્ત્વ બની છે.

૨) સાથેની આકૃતિ પ્રમાણે ૧૬ સરખા ભાગ પડે.


૩) જુઓ સાથેની આકૃતિ.



△ કસોટી નં ૨ અને કસોટી નં ૩ના ઉકેલની આકૃતિઓ ▷



૪) અહીં દર્શાવ્યા પ્રમાણે કાળી લાદીઓની ભાત પડે. આમાં (અ) ૧૦૦ લાદીવાળા ખંડની ભાતમાં ૧૦૦માંથી ૫૬ લાદીઓ મતલબ કે અર્ધા કરતાં વધુ લાદીઓ કાળી છે. (બ) ૧૪૪લાદીવાળી ભાતમાં ૬૪ લાદી કાળી અને (ક) ૧૯૬ લાદી-વાળા ખંડની ભાતમાં ૧૦૦ કાળી લાદી વપરાય છે એટલે કે અર્ધા કરતાં વધુ. સફેદ કરતાં કાળી લાદીનો ભાવ બમણો હોઈ અને દરેક લાદી એક ચોરસ ફૂટની હોઈ (અ) એટલે કે ૧૦૦ લાદીવાળી રૂમની ભાતનો ખર્ચ ચોરસ ફૂટે સૌથી વધુ મોંઘોપડે, અને ૧૪૪ લાદીવાળા ખંડની ભાત ઓછામાં ઓછી ખર્ચાળ થાય.



△ કસોટી નં. ૪ના ઉકેલની ત્રણ ભાત △

૫) રીંછનો રંગ સફેદ છે. પોતાના સ્થાનેથી દક્ષિણ દિશામાં જઈ પોતાની જમણી બાજુએ કાટખૂણે એટલે કે પશ્ચિમ દિશામાં આગળ વધી ફરી કાટખૂણે જમણી બાજુ વળી મૂળ સ્થાને પહોંચે, ને ત્યારે એનું માથું દક્ષિણ તરફ હોય તો એ સ્થાન ઉત્તરધ્રુવનું જ હોઈ શકે. ત્યાંથી આગળ કોઈ પણ બાજુ એ દક્ષિણ જ ગણાય. અને ઉત્તર-ધ્રુવપ્રદેશમાં મોટાં રીંછ સફેદ રુંવાંટીવાળાં જ હોય છે.

૬) સ્ત્રી પાસે ૫૦, ૨૫, ૧૦, ૫ અને એકએક પૈસાના ચાર સિક્કા મળીને કુલ ૯૪ પૈસા હતા. જ્યારે એક ટૉફીની કિંમત ૧૯ પૈસા હતી. એટલે જો એ એક ટૉફી લે તો તેણે ૧૦, ૫ અને એકએક પૈસાના ચાર મળી કુલ છ સિક્કા આપવા પડે. બે ટૉફી લે તો ૨૫, ૧૦, ૧, ૧, ૧ પૈસાના કુલ પાંચ સિક્કા આપે અને ત્રણ ટૉફી લેતાં એણે ૫૦, ૫, ૧ અને ૧ પૈસાના કુલ ચાર સિક્કા આપ્યા. જો ચાર ટૉફી લેત તો ૫૦, ૨૫ અને ૧ પૈસાના મળી કુલ ત્રણ સિક્કા આપવાના થાત. □

આજ્ઞા (ભ્રમધ્ય), બિંદુ (શિર) ને સહસ્રાર (બ્રહ્મરંધ્ર), લિંગશરીરના મેરુદંડની અંદર બ્રહ્મનાડીમાં આ આઠ ચક્રોની કલ્પના છે.

આઠ આપકળાઓ : રાગ, પાધ, પારખાં, નાડી, ન્યાય, તરવું, તાંતણવું અને તસ્કરવું.

અષ્ટાક્ષર સૂર્ય-મહામંત્ર : ૐ શ્રી આદિ-ત્યાય નમઃ

અષ્ટ નાગકુળો : શેષનાગ, વાસુકિ, તક્ષક, કર્કોટક, શંખ, કુલિક, પદ્મ અને મહાપદ્મ.

વિદ્યાના આઠ ગુણો : સાચું રૂપ, ગુપ્તધન, સુખ આપનારી, યશ આપનારી, ગુરુઓની ગુરુ, વિદેશમાં બંધુજન, દેવતા શક્તિ અને આદર આપનારી એ વિદ્યા.

અષ્ટ આભૂષણો : ઐશ્વર્યનું સજ્જનતા, શૂરવીરનું સંયમ, જ્ઞાનનું શાંતિ, કુળનું વિનય, દ્રવ્યનું દાન, સામર્થ્યનું ક્ષમા, ધર્મનું દંભ-રહિતતા અને પરમભૂષણ શીલ.

વિદ્યા ભણનારે આ આઠ વાનાં તજવા જોઇએ : કામ, ક્રોધ, લોભ, સ્વાદિષ્ટ ભોજન, શણગાર, કૌતુક, અતિનિદ્રા અને અતિસેવા.

આ આઠને બાજુ પર ખસી જઈ માર્ગ આપવો: પૈડાંવાળાં વાહનમાં બેઠેલાને, વૃદ્ધને, રોગીને, ભારવાળાને, સ્ત્રીઓને, સ્નાતકને રાજાને અને વરરાજાને

આઠ જાતના વિવાહ : બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ, મનુસ્મૃતિ પ્રમાણે વિવાહના આ આઠ પ્રકાર છે.

માયાની આઠ ત્રિપુટીઓ :

૧) ધ્યેય, ધાતા અને ધ્યાન.
૨) પૂજ્ય, પૂજક અને પૂજન.
૩) જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાન.
૪) દૃશ્ય, દૃષ્ટા અને દર્શન.
૫) કર્મ, કર્તા અને ક્રિયા.
૬) ભોગ્ય, ભોક્તા અને ભોજન.
૭) શબ્દ, શ્રોતા અને શ્રવણ.
૮) રસ, રસના અને સ્વાદ.

આ આઠ બીજાનું દુઃખ જાણતા નથી : રાજા, વેશ્યા, યમ, અગ્નિ, મહેમાન, બાળક યાચક અને દુષ્ટ.

આઠ બાબતોનાં મૂળ : રોગનું મૂળ ખાંસી, તકરારનું મૂળ હાંસી, ધનનું મૂળ ઉદ્યમ, વિદ્યાનું મૂળ અસંતોષ, છેતરામણીનું મૂળ લોભ, અસ્વસ્થતાનું મૂળ વ્યસન (આહાર), સંતાપનું મૂળ લક્ષ્મી.

કામદેવનાં આઠ નામો : રતિદેવ, કામદેવ, કંદર્પ, કુસુમધન્વા, મન્મથ, મદન અનંગ અને પંચબાણ.

આ આઠ ગૃહસ્થાશ્રમના ધિક્કાર છે : રડતાં બાળકો, કાદવવાળાં આંગણાં, માંકણવાળી શય્યા, લૂખાં ભોજન, ચારે બાજુ ધુમાડો, કઠોરવચથી સ્ત્રી, ક્રોધી પતિ ને અવિવેકી પુત્ર.

બ્રાહ્મણે કરવાનાં આઠ નિત્ય કર્મો : સ્નાન, સંધ્યા, જપ, હોમ સ્વાધ્યાય, દેવપૂજન. તર્પણ અને વૈશ્વદેવ.

ધર્મનો અષ્ટવિધ માર્ગ : યજન, અધ્ય-યન, દાન, તપ, સત્ય, ધૈર્ય ક્ષમા ને અલોભ.

અષ્ટમાર્ગ : બુદ્ધ ભગવાને ચિંધેલા આઠ માર્ગો—સમ્યક્‌જ્ઞાન, સંકલ્પ, વાચા, કર્મ, આજીવ, કુશળ પુરુષાર્થ, સ્મૃતિ ને સમાધિ.

આ આઠ વિશિષ્ટતા ગણિકાઓની છે : નયનમાં ચંચળતા, મુખમાં જૂઠ, કેશપાશમાં કુટિલતા, વચનમાં મંદતા, જઘનમાં સ્થૂલતા, હૃદયમાં ભીરુતા, પ્રિયજન ઉપર કપટ અને સ્તનમાં કઠિનતા.

ઉડ્ડયનની આઠ ગતિઓ : સંતાપ, વિપ્ર-પાત, મહાપાત, નિપાત, વક્રપાત, તિર્યપાત-ઊર્ધ્વપાત અને લઘુપાત.

અષ્ટાંગ બુદ્ધિ : શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ચિંતન, ઊહાપોહ, અર્થવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન.

દેવમંદિરની આઠ દ્વારપાલિકાઓ : જયા, વિજયા, અજિતા, અપરાજિતા, વિભક્તા, મંગલા, મોહિની અને સ્વંભિની. ┘

ાવાર્તા


નંદબાબુની કળાના ઘણા તબક્કા થયા છે. અને તે દરેકમાં તેમણે શૈલીના વૈવિધ્ય સાથે અભિનવ નિરૂપણ પદ્ધતિઓ અજમાવી છે. તેમણે કાગળ ઉપરાંત કાપડ, ભીંતો, કાષ્ઠ એમ વિવિધ પ્રકારનાં સાધનો પર ચિત્રો કર્યાં છે. કાગળોમાં પણ એમણે દેશી-પરદેશી અનેક પ્રકારના કાગળ તથા પૂઠાં સુધ્ધાં વાપર્યા છે.

એમની શૈલીનો અભ્યાસ કરનારને જણાશે કે પદાર્થો અને સાધનોની કરકસર કરવામાં તેમણે પોતાની આગવી શક્તિઓને પ્રયોગમાં ઉતારી છે. આ કરકસર સાથે શૈલીનું લાઘવ અને નિરૂપણની શોભનલક્ષિતા એ બે એમની સમગ્ર કલાનાં પ્રધાન લક્ષણો રહ્યાં છે.

પોતે પ્રવાસમાં હોય કે ઘેર, અવકાશના સમયમાં પાસે રાખેલાં નાનકડાં કાર્ડ ઉપર તેમની પેન્સિલ, કલમ કે પીંછી સતત ચાલતી જ રહે. આવાં તો અસંખ્ય કાર્ડ એમણે કર્યાં હતાં. બહુધા એ વિદ્યાર્થીઓમાં વહેંચાઈ જતાં. એમની કળાનાં એ મહામૂલાં રત્નો સમ એ પામનાર સૌ કોઈ પાસે સચવાયાં છે.



▽ ભારતીય પદ્ધતિ અને શિલ્પોની પ્રેરણા પરથી નંદબાબુએ તાદૃશ આલેખનમાં શોભનલક્ષિતા આણી હતી. તેનું એક ઉદાહરણ 'કાલીમાતા'.



ગુરુદેવ રવીન્દ્રનાથની નાનાં બાળકો માટે 'સહજ પાઠ' નામની વાચનમાળા તથા તેમનાં કુમારકાવ્યો 'છડાર છબી' માટે નંદબાબુએ ભારતીય શૈલીએ સામાન્ય જનજીવનનાં બાલરોચક રેખાંકનો કરેલાં તેમાંનાં બે—



'ઉપર : પદ્માના પ્રવાહ'માં 'છડાર છબી'માંનું એક આલેખન.

ડાબી બાજુ : 'સહજ પાઠ'માંનું એક આલેખન—'પૂજાની તૈયારી.'


▽ હિમાલયમાં કુટિર. નંદબાબુનું એક સુંદર રેખાંકન








ભારતીય ઉપરાંત ચીના, જાપાની, ઇરાની, મીસરી એમ વિવિધ ચિત્રશૈલીઓના અભ્યાસ અને પ્રેરણામાંથી નંદબાબુ પોતાનાં ચિત્ર-સંયોજનો તથા આલેખનશૈલીમાં વૈવિધ્ય આણવાના અખતરા કરતા જ રહેતા. ઉપરનું 'પરબ' અને જમણી બાજુ 'રાધાનો વિરહ' તેનાં ઉદાહરણો છે. અનેક કોણથી આલેખેલાં આ બે ચિત્રોમાં વૃક્ષનિદર્શન અને પાત્રાલેખન કેટલાં નિરનિરાળાં છે! છેલ્લેછેલ્લે એમણે વિવિધરંગી કાગળમાંથી અવનવી આકૃતિઓ કાપી કાઢીને તેના પર થોડી રેખાઓ કે ટપકાં મૂકી સર્જન કરતા. એવી રમતનો એક નમૂનો જમણી બાજુ નીચે આપ્યો છે. તેના ઉપર 'માતેલો બકરો'. નીચે ડાબી બાજુ એમનું એક બલવાન રેખાંકન – 'કિરાત કુમાર', અને વચ્ચે બુદ્ધ-જીવનની એમની એક ચિત્રમાળામાંથી 'બુદ્ધનું પરિનિર્વાણ'.









ખણણાં તો ધરતી ખમે, કાપ્યાં ખમે વનરાઈ;
કઠુ વચન સાધુ ખમે, નીર સમુદ્ર સમાય.



અમદાવાદના શ્રેષ્ઠી, સ્વ. શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના કલાસંગ્રહમાં નંદબાબુ કૃત રામાયણની એક વિરલ ચિત્રમાળા છે. તેમાંની એક તક્તી 'રામ-શબરી.' નીચે: ગેંડો. કોઈ પણ પ્રાણીની લાક્ષણિકતા નંદબાબુ કેવી સચોટતાથી ઉતારતા તેનું એક ઉદાહરણ.



મ્હૈસુરના સ્વ. વિદ્યાપ્રેમી મહારાજા શ્રી કૃષ્ણરાજ વાડિયાર એક વાર જર્મની ગયા, ત્યાં એક પ્રોફેસર સાથેની મુલાકાતમાં પોતાનો પરિચય આપતાં જ્યારે કહ્યું કે 'હું મ્હૈસુરનો રાજા છું ત્યારે લાગલા જ એ પ્રોફેસરે પૂછ્યું, 'શું તમે ડૉ. રામશાસ્ત્રીવાળા મ્હૈસુરના છો?' મહારાજાએ નમ્રતાથી કહ્યું: 'જી હા, હું એ જ મ્હૈસુરનો છું જ્યાંના વિદ્વદ્વર્ય ડૉ. રામશાસ્ત્રીએ કૌટિલ્યના અર્થશાસ્ત્રનો પુનરુદ્ધાર કર્યો.'

સ્વદેશ પાછા આવી મહારાજાએ ડૉ. રામશાસ્ત્રીને મહેલમાં બોલાવી તેમનું બહુમાન કરતાં કહ્યું. સ્વદેશમાં તમે મારી પ્રજા છો, પરંતુ વિદેશમાં તો હું તમારી પ્રજા છું.'

કહેવતો: 'ગાયે ગળ્યું રતન'–જેમાંથી કોઈ પણ રસ્તો ન નીકળે એવી મૂંઝવણભરી પરિસ્થિતિ દર્શાવતી આ કહેવત નિર્દેશે છે તેમ રતન જેવી મોંઘી ચીજ ગાય મરી ગયા વિના નીકળે નહિ. અને ગાયને મારવી એ તો બને જ કેમ? એને મળતી બીજી કહેવતોમાંની સૌથી વધુ જાણીતી: 'સાપે છછુંદર ગળી.'

શેક્સપીઅરનાં ૩૭ નાટકોમાં 'હૅમ્લેટ' સૌથી લાંબું છે. તેની ૪,૦૪૨ લીટીઓમાં ૨૯,૫૫૧ શબ્દો આવે છે, જેમાંથી ૧૧,૬૧૦ શબ્દો તો આ નાટકના મુખ્ય પાત્ર હૅમ્લેટ જ બોલે છે.

અગિયારમી સદીમાં ડેન્માર્કના એક ઠાકોરનું રાજ તથા તેની પત્ની માટે તેના ભાઈએ તે ઠાકોરનું ખૂન કરેલું. આ ઠાકોરને 'એમ્લેથ' નામનો ૧૯ વર્ષનો એક પુત્ર હતો. પિતાના ખૂનના આઘાતથી તથા પોતાનો પણ એવો જ અંજામ આવશે એવા ભયથી એ લગભગ પાગલ જેવો બની હતઃપ્રભ થઈ પડી રહેતો હતો. એક વાર લાગ સાધી દારૂ પીને ઘોરતા ચોકીદારની તલવાર ચોરી પોતાના કાકાના ખંડમાં ધસી જઈ એને મારી નાખ્યો. લોકોએ એના આ સાહસને વધાવી લઈ તેને પોતાનો રાજા બનાવ્યો.

ત્રણસો વર્ષ પછી સૅકસો ગ્રામેટિકસે કંઈક ઐતિહાસિક ને કંઈક દંતકથા જેવી આ કથા લૅટિનમાં લખી અને એના પરથી શેક્સપીઅરે ૧૬૦૧માં પોતાનું આ વિખ્યાત નાટક લખેલું એમ મનાય છે. જો કે નાટકમાં એલ્સિનોરના કિલ્લાનો જે ઉલ્લેખ આવે છે તે કિલ્લો મૂળ કથાના નાયક ઍમ્લેથે તો જોયો પણ નહોતો, કારણ એ તો મૂળ ઘટના પછી સાત સદી બાદ બંધાએલો.



ટિકિટકથા ઍન મારી જૅવોહે નામની એક ખ્રિસ્તી સાધ્વીએ ઈ. ૧૮૨૦માં પશ્ચિમ આફ્રિકામાં ગામ્બિયાની મુલાકાત લીધી હતી. ઈ. ૧૮૮૩માં તેણે ત્યાંના પાટનગર બૅથર્સ્ટ (આજનું બૅન્જલ)માં 'સિસ્ટર્સ ઑવ સેન્ટ જોસેફ ઑવ કલની' નામના એક સાધ્વી-સંઘની સ્થાપના કરી હતી. આ સંઘની સાધ્વીઓએ ગામ્બિયાની આદિવાસી પ્રજાની જે વૈદકીય સેવાઓ કરી તેને બિરદાવવા, આ સંઘની સ્થાપનાના આ શતાબ્દીવર્ષ નિમિત્તે ગામ્બિયાએ બે ખાસ ટપાલટિકિટો બહાર પાડી છે. એમાંની અહીં આપેલી એક ટિકિટ ઉપર ઍન મારી જૅવોહેને એક ઘાયલ હબસીને પાટાપિંડી કરતી દર્શાવી છે.



કલાકણિકા: બાલીના મૃદંગ ઉપરનું આ આલેખન કહે છે કે કલા સર્વવ્યાપી છે.

ભાવનગર બંદર (અનુ. પૃ. ૧૦થી) અને ઍપ્રોચ ચૅનાલની ઊંડાઇ જાળવી રાખવા સતત ડ્રેજિંગ કરતા રહેવું પડે છે, જેને માટે ગ્રેવડ્રેજર તથા સકશન ડ્રેજર પ્રકારની ચાર ડ્રેજરો પણ અહીં છે. બંદરમાં માલ-સામાન રાખવા માટે બાર ગોદામો તથા લાકડાં રાખવા પૂરતી ખુલ્લી જમીન પણ છે. બંદર ઉપર પોસ્ટ-ટેલિગ્રાફ અને વાયરલેસની સગવડો પણ છે. બંદર અને ભાવનગર શહેરને જોડતા રેલમાર્ગ તથા આસ્ફાલ્ટના રસ્તા છે, અને વાવાઝોડા વખતે ભયની સંજ્ઞાઓ બતાવવાની યે વ્યવસ્થા છે. વીજળી-પાણીની સગવડ પણ પૂરતી છે. અહીં બાર્જ તથા ફાઇબર ગ્લાસની હોડીઓ બનાવતો જહાજવાડો પણ છે.

ભાવનગરમાં ઉનાળામાં ૪૦° સે. ને શિયાળામાં દિવસે ૨૯° સે. અને રાતે ૧૨° સે. જેટલું ઉષ્ણતામાન રહે છે. વરસાદ ૬૨૦ મિ. મી. અને વરસાદી દિવસોની સંખ્યા ૩૦ જેટલી છે. આથી કોચિન, મદ્રાસ, મુંબઇ અને કલકત્તા કરતાં આ બંદર વધારે દિવસો ખુલ્લું રહે છે. અહીં પવનનો વેગ જાન્યુઆરીમાં ૫.૮ કિ. મી. અને ઉનાળામાં મે થી જુલાઇ સુધી ૧૧-૧૨ કિ. મી. જેટલો રહે છે. વાવાઝોડાથી અને સમુદ્રના વિપરિત પ્રવાહોથી આ વિસ્તાર લગભગ મુક્ત છે. અલબત્ત, પીરમ બેટ પાસેના ઝડપી વહેણથી સંભાળવું પડે છે.

ભાવનગરનું સ્થાન તથા સૌરાષ્ટ્ર-ગુજરાત સહિત ઉત્તરમાં દૂરદૂર સુધીના શહેરો સાથે રેલવે-જોડાણ આ બંદરના વિકાસમાં સહાયક બન્યાં છે. રાજસ્થાન, પંજાબ વગેરે ઉત્તરના પ્રદેશો માટે નવલખીને બાદ કરતાં ભાવનગર જ નજીકનું બંદર છે. રાજ્યના ધોરી માર્ગો તથા કોસ્ટલ હાઇવે દ્વારા પણ ભાવનગર અનેક સ્થાનો સાથે સંકલિત છે. ભાવનગર-તારાપુર તથા ઘોઘા-દહેજ વચ્ચે ફેરી સર્વિસ શરૂ થાય તો મધ્ય ભારત અને દક્ષિણ ગુજરાતનાં પણ અનેક સ્થળો સાથે તેનું સીધું જોડાણ તો થાય જ, ઉપરાંત આ સ્થળોએ જવા-આવવામાં અંતર પણ ઘણું ઘટી જાય.

આમ, ભાવનગર બંદર તેના સ્થાન તથા અનેક સગવડોને લીધે ખંભાતના અખાતમાં ઊંડે આવેલું અને મધ્યમ કક્ષાનું બંદર હોવા છતાં દેશ-પરદેશનાં બહુ દૂરદૂરનાં સ્થાનો સાથે બંદરી વેપાર ખેડી શકે છે. ૧૯૭૨-'૭૩થી '૭૬-'૭૭ દરમિયાન અહીં ૮૮ સ્ટીમરો આવી હતી જે '૮૨-'૮૩માં વધીને ૯૦ની સંખ્યાએ પહોંચી હતી. આ રીતે બેડી-બંદર પછી ભાવનગરનું સ્થાન છે. આ જ ગાળા દરમિયાન અહીં સરેરાશ ૩૪૧ વહાણો આવ્યાં હતાં. અલબત્ત, વહાણોની સંખ્યા હવે ઘટતી દેખાય છે, પણ તેમાં યે પોરબંદર અને વેરાવળ પછીનો ક્રમ ભાવનગર બંદરનો છે. હૂંડિયામણની કમાણીની દૃષ્ટિએ ૧૯૭૮થી '૮૨ દરમિયાન તેનું સ્થાન બેડી, વેરાવળ અને પોરબંદર પછીનું હતું, પણ '૮૨-'૮૩ દરમિયાન ૩૨૨૭ લાખની કમાણી કરી તેણે બીજું સ્થાન મેળવ્યું છે. ખોળ, બોનમીલ અને લોખંડના ભંગારની નિકાસ દ્વારા તેને આ હૂંડિયામણ પ્રાપ્ત થાય છે. રાજ્યને મળતી આવકની દૃષ્ટિએ બેડી પછી તેનું સ્થાન છે. છેલ્લાં પાચ વર્ષમાં આ બંદરમાંથી સરેરાશ ૧૩૬ લાખ રૂપિયાની આવક થઇ છે.

ભાવનગર અને તળાજા વચ્ચે અલંગમાં હમણાં શિપબ્રેકિંગ યાર્ડ-ની પણ શરૂઆત થઇ છે, જ્યાં હાલ ૪૫ જેટલી સ્ટીમરો ભાંગવા માટે આવેલી છે. આનાથી ભાવનગરના લોખંડના કારખાનાંઓને પૂરતો પૂરવઠો મળી રહેશે. પ્લાસ્ટિક, દવાઓ અને રસાયણોના ઉદ્યોગ પણ અહીં પ્રગતિ કરી રહ્યા છે. અહીંનું સોલ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પણ મીઠાની આડપેદાશો પેદા કરવા તથા સૂર્યની ઊર્જા દ્વારા મીઠું પેદા કરવા અંગે સંશોધનો કરી ભાવનગરના વિકાસમાં સહાયક બની રહ્યું છે. આમ ઔદ્યોગિક વિકાસ સાથે આ બંદરના તથા શહેરના વિકાસનું ભાવિ સારી આશા જન્માવે છે. □